Thursday, 18 June 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906




અમે શું કરીએ છીએ અને અમે શું કરી શકીએ છીએ એવું ફરક પ્રાપ્ત કરી શકી.
- મહાત્મા ગાંધીજી


દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com



દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૧૮૯ ● સંવત-૨૦૮૨ નિજ જેઠ સુદ ચોથ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD


# પ્રધાનમંત્રી તરીકે નરેન્દ્રભાઈ મોદીના ૧૨ વર્ષ પૂર્ણ થવા પર દમણ જિલ્લા ભાજપ દ્વારા પ્રબુદ્ધ નાગરિક સંમેલન યોજાયું

## સમગ્ર દેશ સહિત ટચૂકડા સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવની પણ પ્રધાનમંત્રીશ્રીએ બદલેલી દશા અને દિશાઃ પ્રદેશ ભાજપ અધ્યક્ષ મહેશભાઈ આગરિયા













**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૭**

દેશના પ્રધાનમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૧૨ વર્ષ પૂર્ણ થવા પર દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપ દ્વારા દમણ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ભરતભાઈ પટેલની અધ્યક્ષતામાં આજે કચીગામ ક્રિકેટ ગ્રાઉન્ડમાં પ્રબુદ્ધ નાગરિક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનના મુખ્ય અતિથિ પદે પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયાની ઉપસ્થિતિ રહી હતી.

આ સંમેલનમાં દમણ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ધરમભાઈ પટેલ, કચીગામના સરપંચ શ્રીમતી ફાલ્ગુનીબેન પટેલ, દમણ નગરપાલિકા પ્રમુખ શ્રીમતી દીપિકાબેન ટંડેલ, પ્રદેશ ભાજપ ડોક્ટર સેલના અધ્યક્ષ શ્રી બિજલ કાપડિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રધાનમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળતાપૂર્વક ૧૨ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષમાં દાનહ અને દમણ-દીવ પ્રદેશ ભાજપ દ્વારા કચીગામ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે આયોજીત પ્રબુદ્ધ નાગરિક સંમેલનમાં ઉપસ્થિત નાગરિકોને પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયાએ સંબોધન કરતા જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતે છેલ્લા ૧૨ વર્ષમાં વિકાસ, સુશાસન અને જનસેવાનો એક નવો અધ્યાય લખ્યો છે. આજે ભારતે વિશ્વની અગ્રણી અર્થવ્યવસ્થાઓમાં પોતાની મજબૂત ઓળખ બનાવી છે અને વિકસિત ભારતના લક્ષ્ય તરફ ઝડપથી આગળ વધી રહ્યો છે. વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારત દેશને 'વિકસિત રાષ્ટ્ર' બનાવવાનું પ્રધાનમંત્રીશ્રીનું સપનુ છે, જેના માટે દેશના દરેક નાગરિકો ભાગીદાર બની રહ્યા છે. કેન્દ્ર સરકારની યોજનાઓને ગરીબ, ખેડૂત, મહિલા, યુવા અને મધ્યમ વર્ગના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાનું કામ કર્યું છે.

શ્રી આગરિયાએ હાલમાં જ પ્રધાનમંત્રીશ્રીએ દમણની લીધેલી મુલાકાતનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, ''પ્રધાનમંત્રીશ્રીનું દમણ આગમન સંઘપ્રદેશના વિકાસ માટે એક ઐતિહાસિક અવસર સાબિત થયો છે.'' તેમના પ્રવાસે પ્રદેશના વિકાસને નવી ગતિ આપી છે અને વિકાસની અનેક પરિયોજનાઓને નવી દિશા મળી છે. પ્રધાનમંત્રીશ્રીનો સંઘપ્રદેશ પ્રત્યે વિશેષ સ્નેહ અને પ્રતિબદ્ધતાથી અહીંના નાગરિકોમાં નવો ઉત્સાહ અને વિશ્વાસ ઉત્પન્ન થયો છે. ભાજપનો દરેક કાર્યકર્તા પ્રધાનમંત્રીશ્રીના 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'ના સૂત્રને જન જન સુધી પહોંચાડવા માટે પ્રતિબધ્ધ છે અને વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં પોતાની સક્રિય ભૂમિકા નિભાવશે.''


આ અવસરે ઉપસ્થિત લોકોને ''વિકસિત ભારત''નો સંકલ્પ અને કેન્દ્ર સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓની માહિતી આપતી પુસ્તિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિતેલા ૧૨ વર્ષોમાં દેશમાં થયેલા અભૂતપૂર્વ વિકાસ કામો, ગરીબ કલ્યાણ, ડિજિટલ ક્રાંતિ, આધારભૂત સંરચના, આત્મનિર્ભર ભારત તથા ભારતની વધી રહેલી વૈશ્વિક પ્રતિષ્ઠા પર પ્રદેશ ભાજપના પદાધિકારીઓ દ્વારા લોકો સાથે વિસ્તારથી ચર્ચા કરવામાં આવી હતી.

અત્રે મળેલી સભામાં મોટી સંખ્યામાં પ્રબુદ્ધ નાગરિક, સામાજિક કાર્યકર્તા, વેપારીઓ, શિક્ષણવિદો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં ઉપસ્થિત પ્રબુદ્ધ નાગરિકોએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના ઉજ્જવળ ભવિષ્ય તથા વિકસિત ભારતના સંકલ્પ પ્રત્યે પોતપોતાનું સમર્થન જાહેર કર્યું હતું.

# સેલવાસ લેખા ભવનમાં ત્રણ વર્ષથી લિફ્ટ ખોટકાતા સિનિયર સિટિઝનોને પડી રહેલી મુશ્કેલી

## નવા નવા વિકાસ પાછળ જૂના બનેલા પ્રકલ્પોનું પણ જતન કરવા લોકોની સલાહ






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૭**

સેલવાસમાં પાંચ વર્ષ પહેલા નવા બનેલા લેખા ભવનની ચમક હવે ધીમે ધીમે ઝાંખી પડી રહી છે, પ્રશાસને નવા વિકાસ પાછળ એટલી બધી આંધળી દોડ મૂકી છે કે, અમુક વર્ષો અગાઉ બનેલા પ્રકલ્પોનું જતન કરવાનું જ ભૂલી જવાયું છે.

અત્રે યાદ રહે કે, સેલવાસના લેખાભવન ખાતે દાનહના મહત્ત્વના વિભાગોની વડી કચેરી કાર્યરત છે, પણ દુર્ભાગ્યવશ એ વડી કચેરીના કર્મચારીઓનું કોઈ સાંભળતું નથી. કારણ કે, બિલ્ડીંગમાં છેલ્લા ૩ વર્ષથી બંને લિફ્ટ બંધ અવસ્થામાં છે, જેના કારણે ૨૦૦ જેટલા કર્મચારીઓ તથા મુલાકાતીઓને ખુબ જ મુશ્કેલી વેઠવા પડી રહી છે. આ બિલ્ડીંગમાં પેન્શન વિભાગ, જીપીએફ વિભાગ સહિત સિનિયર સીટીઝનો માટેની લગતી કચેરીઓ આવેલી છે, જેઓને આ લિફ્ટ બંધ હોવાને કારણે ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. પ્રશાસન દ્વારા નવા નવા મકાનો બિલ્ડીંગો તો બનાવી દેવામાં આવે છે, પરંતુ એમાં આપવામાં આવતી સુવિધાઓ તરફ યોગ્ય ધ્યાન આપવામાં આવતુ નથી. લોકોના જણાવ્યા પ્રમાણે શરૂઆતમાં એક બે વર્ષ તો બધું બરાબર હોય છે, પરંતુ ત્યારબાદ કોન્ટ્રાક્ટરો સાથે મેન્ટેનન્સનો કરાર કરવામાં આવતો હોય છે, તેઓ દ્વારા સમયસર સર્વિસ આપવામાં આવતી નથી. જેનો ભોગ અહીં આવતા અધિકારીઓ, કર્મચારીઓ સહિત સિનિયર સિટિઝનોએ બનવું પડે છે.

## દમણ જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ

# ચૂંટણી કાર્યાલય, એસ.આઈ.આર.ની સ્વીપ ટીમ દ્વારા ઓરિસ્સા મિત્ર મંડળ દમણ અને ખોજા સમાજ સાથે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

## જો કોઈ મતદારનું નામ યાદીમાં નથી, તો તેમના માતા-પિતા સંબંધિત જરૂરી દસ્તાવેજો તૈયાર કરવા અને તેમને બી.એલ.ઓ. અથવા ચૂંટણી કાર્યાલય, દમણમાં સબમિટ કરવા સલાહ










## મતદારોને મદદ કરવા માટે, દર રવિવારે 'બૂથ ડે' જાહેર

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૭**

દમણના જિલ્લા ચૂંટણી અધિકારી/કલેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ ચૂંટણી કાર્યાલયની SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) - SVEEP ટીમ દ્વારા મતદાર જાગૃતિ કાર્યક્રમનું આયોજન ઓરિસ્સા મિત્ર મંડળ, દમણના પ્રમુખ શ્રી નયન પાધ્ય અને ખોજા સમાજના પ્રમુખ ઝબીન રમઝાનઅલી અને શ્રીમતી તમન્ના મીઠાણીની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે, SVEEP ટીમે નાગરિકોને માહિતી આપી હતી કે બૂથ લેવલ ઓફિસર્સ (BLOs) ૪ જૂન, ૨૦૨૬ થી ૩ જુલાઈ, ૨૦૨૬ સુધી ઘરે ઘરે જઈને મતદાર ચકાસણી કરશે. નવા મતદાર નોંધણી, નામ અને સરનામામાં સુધારા, ટ્રાન્સફર અને EPIC-સંબંધિત જોગવાઈઓ અંગે પણ વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ચૂંટણી વિભાગે મતદારોને BLOની ચકાસણી પ્રક્રિયામાં સંપૂર્ણ સહકાર આપવા અને SIR-૨૦૦૨ મતદાર યાદીમાં તેમના નામ તપાસવા અપીલ કરી છે. જો કોઈ મતદારનું નામ યાદીમાં નથી, તો તેમના માતા-પિતા સંબંધિત જરૂરી દસ્તાવેજો તૈયાર કરવા અને તેમને BLO અથવા ચૂંટણી કાર્યાલય, દમણમાં સબમિટ કરવા જણાવાયું છે. મતદારો https://voters.eci.gov.in અથવા https://ceodaman.nic.in/ વેબસાઈટ પર તેમના નામ ચકાસી શકે છે.

મતદારોને મદદ કરવા માટે, દર રવિવારે 'બૂથ ડે' જાહેર કરવામાં આવ્યો છે, જે દરમિયાન BLOs તેમના સંબંધિત બૂથ પર સવારે ૧૦:૦૦ થી ૦૧:૩૦ વાગ્યા સુધી અને બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦ વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે.

વધુમાં, કલેક્ટર ઓફિસ, મોટી દમણ ખાતે એક હેલ્પ ડેસ્કની સ્થાપના કરવામાં આવી છે અને ટોલ-ફ્રી નંબર ૧૯૫૦ અને ૧૮૦૦-૨૩૩-૦૫૩૦ પર સંપર્ક કરી શકાય છે.

ચૂંટણી વિભાગે ખાતરી આપી છે કે કોઈ પણ લાયક મતદાર બાકી રહેશે નહીં. લોકશાહી વ્યવસ્થાને મજબૂત બનાવવા માટે દમણના તમામ નાગરિકો પાસેથી આ ખાસ, સઘન પુનરાવર્તન પ્રક્રિયામાં સક્રિય ભાગીદારીની અપેક્ષા છે.

# ખાનવેલની બિરસા મુંડા સરકારી શાળામાં પ્રવેશોત્સવ યોજાયો







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૭**

દાદરા નગર હવેલી શિક્ષણ વિભાગ સમગ્ર શિક્ષા અંતર્ગત બિરસા મુંડા શાળા ખાનવેલમાં શાળા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધૂમધામ અને ઉત્સાહ સાથે જાહેર રેલી દ્વારા બાળકોને પ્રવેશ અને એમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. બાળકોને શૈક્ષણિક કીટ, ગિફ્ટ ભેટ આપી અને તિથિ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.

સાથે સાથે શૈક્ષણિક ક્ષેત્રમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરનાર ધોરણ ૬થી ૧૨ના વિદ્યાર્થીઓને પણ સન્માનિત કરવામા આવ્યા હતા. બાળકોના જીવનના શાળાનું આ પ્રથમ પગથિયું ખુબ જ મહત્વનું ગણવામાં આવે છે. આ પ્રસંગે તેમના ઉજ્જવળ ભવિષ્ય તથા સર્વાંગી વિકાસ માટે તેમણે આશીર્વાદ તથા શુભેરછા પાઠવવામાં આવી. અંતે વૃક્ષારોપણની સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

આ અવસરે એઈઆરઓ રાજેન્દ્રસિંહ રાઠોડ, સરપંચ મારિયાભાઈ વિલાત, ઉપસરપંચ સુમનલતા યાદવ, પંચાયત સભ્યો, શાળાના આચાર્ય લક્ષ્મી નાયર, શૈલેષભાઈ દેસાઈ, સીઆરસી કોઓર્ડીનેટર જગન્નાથ પાટીલ, હિન્ડાલ્કોના સંજયભાઈ ચૌધરી, શ્રી મનિષભાઈ મિશ્રા, રિંકલ પરમાર સહિત શાળાના શિક્ષકો વિદ્યાર્થીઓ, વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.




## સુવિચાર - સદ્‌વિચાર

સુખ વહેંચવા સંગત જોઈએ, દુઃખ વહેચવા તો અંગત જ જોઈએ

## કવિતા-ભજન-પદ-ગરબા

### બેચાર સ્વપ્ન આંખમાં લઈને ફર્યા કરું

બેચાર સ્વપ્ન આંખમાં લઈને ફર્યા કરું
ઝાકળની જેમ પુષ્પ ઉપર હું તર્યા કરું
વર્ષાથી જેમ વાવ ને કૂવા ભરાય છે,
તારા સ્મરણથી એમ હું મનને ભર્યા કરું
ભીંતો સમી તમારી નજરમાં વસી જવા,
બારી સમી હું જાત લઈને ફર્યા કરું
તારા સમયના ચિત્રને કલરવથી રંગવા,
પંખીની સાથ ગાઈને ગીતો સર્યા કરું
પંખીની જેમ જાતમાં પાછા ફરી જવા,
વૃક્ષો, નદીને સાંજની વેળા ધર્યા કરું

- દર્શક આચાર્ય

## આજની જોક

વકીલ - છુટાછેડા કરવાના ૫૦૦૦૦ રૂપિયા લાગશે
ગ્રાહક - ગાંડા થઈ ગયા છો શું? પંડિતજીએ ૧૧૦૦ રૂપિયામાં લગ્ન કરાવ્યા હતા.
વકીલ-જોઈ લીધુ સસ્તા કામનું પરિણામ...



## કબીર વાણી

**પાની કેરા બુદબુદા, અસ માનસ કી જાત**
**એક દીન છિપ જાયેગા, જ્યો તારા પરભાત**

**- અર્થાત-**

અર્થ : કબીર સાહેબ લોકોને સારા કાર્યો કરવાની સલાહ આપે છે અને આ ક્ષણિક માનવ શરીર વિશે સત્ય પ્રગટ કરે છે, પાણીના પરપોટાની જેમ, માનવ શરીર ક્ષણિક છે. જેમ પરોઢિયે તારાઓ અદૃશ્ય થઈ જાય છે, તેમ આ શરીર પણ એક દિવસ નાશ પામશે.

## આજનો દિન વિશેષ

### દેવકીનંદન ખત્રી


બાબુ દેવકીનંદન ખત્રી (૧૮ જૂન ૧૮૬૧ - ૧ ઓગસ્ટ ૧૯૧૩) હિન્દીના પ્રથમ જાદુઈ લેખક હતા. તેમણે ચંદ્રકાંતા, ચંદ્રકાંતા સંતતિ, કાજર કી કોથરી, નરેન્દ્ર-મોહિની, કુસુમ કુમારી, વીરેન્દ્ર વીર, ગુપ્ત ગોડના, કટોરા ભર, ભૂતનાથ જેવી રચનાઓ રચી. ''ભૂતનાથ'' તેમના પુત્ર દુર્ગા પ્રસાદ ખત્રી દ્વારા પૂર્ણ થયું હતું. તેમની નવલકથા ચંદ્રકાન્તાએ હિન્દી ભાષાના સંવર્ધનમાં મોટો ફાળો આપ્યો છે. આ નવલકથાએ દરેકના મન મોહી લીધા. ઘણા બિન-હિન્દી ભાષી લોકો આ પુસ્તકનો આનંદ માણવા હિન્દી શીખ્યા. બાબુ દેવકીનંદન ખત્રીએ હિન્દી ભાષીઓમાં ''તિલિઝમ'', ''અય્યાર'' અને ''અય્યારી'' જેવા શબ્દોને લોકપ્રિય બનાવ્યા. તેમના (બાબુ દેવકીનંદન ખત્રી) જેટલા હિન્દી વાંચકો બીજા કોઈ લેખકે પેદા કર્યા નથી.

દેવકીનંદન ખત્રીજીનો જન્મ શનિવારે, ૧૮ જૂન ૧૮૬૧ (અષાઢ કૃષ્ણ પક્ષ સપ્તમી સંવત ૧૯૧૮)ના રોજ બિહારના સમસ્તીપુર જિલ્લાના માલીનગરમાં થયો હતો તેમના પિતાનું નામ લાલા ઈશ્વર દાસ હતું. તેમના પૂર્વજો પંજાબના રહેવાસી હતા અને મુઘલ શાસન દરમિયાન ઉચ્ચ હોદ્દા પર કામ કર્યું હતું. મહારાજ રણજીત સિંહના પુત્ર શેરસિંહના શાસનકાળ દરમિયાન લાલા ઈશ્વરદાસ કાશીમાં સ્થાયી થયા હતા. દેવકીનંદન ખત્રીજીનું પ્રાથમિક શિક્ષણ ઉર્દૂ-ફારસીમાં થયું હતું. બાદમાં તેણે હિન્દી, સંસ્કૃત અને અંગ્રેજીનો પણ અભ્યાસ કર્યો.

પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યા પછી, તે ગયામાં ટેકરી એસ્ટેટ પહોંચ્યા અને ત્યાં રાજા સાથે નોકરી મેળવી. બાદમાં તેમણે વારાણસીમાં ''લહારી પ્રેસ'' નામની પ્રિન્ટિંગ પ્રેસની સ્થાપના કરી અને ૧૯૦૦માં હિન્દી માસિક ''સુદર્શન'' પ્રકાશિત કરવાનું શરૂ કર્યું.

કાશીના રાજા ઈશ્વરીપ્રસાદ નારાયણ સિંહ સાથે દેવકીનંદન ખત્રીજીના ખૂબ સારા સંબંધો હતા. આ સંબંધના આધારે તેણે ચકિયા (ઉત્તર પ્રદેશ) અને નૌગઢના જંગલોનો કોન્ટ્રાક્ટ લીધો હતો. દેવકીનંદન ખત્રીજીને નાનપણથી જ ફરવાનો ખૂબ શોખ હતો. આ કોન્ટ્રાક્ટના કામમાંથી પર્યાપ્ત આવક મેળવવા ઉપરાંત તેમનો ફરવાનો શોખ પણ પૂરો થતો રહ્યો. ઘણા દિવસો સુધી સતત તે ખખડધજ જંગલો, ટેકરીઓ અને ચકિયા અને નૌગઢની -ાચીન ઐતિહાસિક ઈમારતોના અવશેષોની શોધખોળ કરતો રહ્યો. પાછળથી, જ્યારે તેમની પાસેથી જંગલોના કરારો છીનવાઈ ગયા, ત્યારે તેમણે આ જંગલો, ટેકરીઓ અને પ્રાચીન ઐતિહાસિક ઈમારતોના અવશેષોની પૃષ્ઠભૂમિમાં તિલવાદ અને ઐયારીના શોષણ વિશેની તેમની કલ્પનાઓને મિશ્રિત કરીને નવલકથા ચંદ્રકાન્તાની રચના કરી.

## રેસીપી : બટર પાઉભાજી



હાલમાં આવી રહેલા શિયાળાની મોસમમાં શાકમાર્કેટમાં લીલા શાકભાજીની ભરમાર જોવા મળ. છે. જે દરમિયાન સાંજની ઠંડીમાં ગરમ ગરમ પાવભાજીને કેવી રીતે ભૂલી જવાય. ચાલો આજે જોઈએ બટર પાવભાજી બનાવવાની રીત.

**ઘટકો:** ૧ બાઉલ મિક્સ વેજીટેબલ ફ્લાવર, વટાણા, બટેટા, બે કાંદા બારીક સમારેલા,ચારથી પાંચ કડી લસણ,૧ ચમચી બારીક સમારેલી કોથમીર,૧ બીટ બારીક સમારેલું, ૧ ચમચી બટર, ૨ ચમચી તેલ, પા ચમચી, એક બારીક સમારેલું કેપ્સીકમ, પા ચમચી હળદર, અડધી ચમચી લાલ મરચું, અડધી ચમચી ધાણા જીરું, ૧ ચમચી એવરેસ્ટ પાવભાજી મસાલો, સ્વાદ મુજબ મીઠુ, જરૂર મુજબ બટર, સર્વ કરવા માટે માટે બટર પાવ અને લીંબુ બારીક સમારેલા કાંદા.

**બનાવવાની રીત :** (૧) સૌપ્રથમ એક કુકરમાં બધા વેજીટેબલ તેમાં જરૂર મુજબ પાણી નાંખી ત્રણથી ચાર સીટી વગાડી લો. (૨) ત્યારબાદ મિક્સર જાર લઈ તેમાં ટમેટા, કાંદા, લસણ, બીટ, કોથમીર નાંખી તેની પેસ્ટ બનાવી લો. (૩) ત્યારબાદ કડાઈમાં તેલ ગરમ મૂકી તેમાં કેપ્સીકમ હિંગ સતરાય પછી તેમાં બનાવેલી પેસ્ટ નાંખી બધા મસાલા કરી તેલ ધીમા ગેસ ઉપર તેલ બટર છૂટું પડે ત્યાં સુધી ગ્રેવીને ચડવા દો. (૪) ત્યારબાદ તેમાં બાફેલા વેજીટેબલનો છુંદો કરી નાંખી બરાબર મિક્સ કરી ભાજીને મીડીયમ ગેસ ઉપર બરાબર ચડી જાય મસાલો ત્યાં સુધી કુક થવા દો. (૫) તો હવે આપણી ટેસ્ટી ગરમાગરમ બટર પાવભાજી બનીને તૈયાર છે . સર્વિંગ પ્લેટમાં લઈને ઉપરથી બટર નાંખી બટર પાઉ કાંદા અને લેમન સાથે સર્વ કરો.

# મોહરમ (તાજીયા) નિમિત્તે પારડી પોલીસ સ્ટેશનના પી.આઈ. વાય બી.ગોહિલના અધ્યક્ષ સ્થાને શાંતિ સમિતિની બેઠક મળી

## મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો રહ્યા ઉપસ્થિત, કોમી એખલાસથી તહેવાર ઉજવવા અપીલ





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૧૭**

આગામી તારીખ ૨૬/૬/૨૦૨૬ના રોજ આવી રહેલ મુસ્લિમોના મોહરમ (તાજીયા)ના તહેવારને લઈ પારડી પોલીસ સ્ટેશનના પીઆઈ શ્રી વાય.બી.ગોહિલના અધ્યક્ષ સ્થાને એક શાંતિ સમિતિની બેઠકનું આયોજન પારડી નગરપાલિકા હોલ ખાતે કરવામાં આવ્યું હતું.

પારડી પોલીસ સ્ટેશનના પીઆઈ શ્રી વાય. બી. ગોહિલે ઉપસ્થિત સૌ નગરના હિંદ-મુસ્લિમ નાગરિકોને આ તહેવાર સુલેહ શાંતિ અને ભાઈચારાની ભાવના સાથે કોમી એખલાસતા જળવાઈ રહે એ રીતે ઉજવવાની અપીલ કરી હતી. સાથે સાથે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ મુસ્લિમ બિરાદરો પાસેથી મોહરમ (તાજીયા) અંગેની જાણકારી મેળવી આ તહેવાર દરમિયાન સોશિયલ મીડિયા પર કોઈપણ જાતની ધાર્મિક લાગણી દુભાઈ તેવી પોસ્ટ મૂકવી નહીં અને સમાજ વિરોધી કૃત્ય અને મહિલા તથા બાળકોને સંબંધિત છેડતી કરનારા તત્વોને છોડવામાં આવશે નહીં હોવાની ચીમકી પણ આપી હતી.

સાથે સાથે ઉપસ્થિત નગરજનોને જ્યાં પણ ગાજો કે ડ્રગ્સ મળતું હોવાની જાણકારી મળે તો કોઈપણ જાતના ડર વગર રૂબરૂ સંપર્ક કરી જાણ કરવાની સૂચન કર્યુ હતું. સાથે સાથે કોઈપણ જાતની રજૂઆત હોય કે નાનામાં નાની બાબતો હોય મારો સીધો સંપર્ક કરવાનું જણાવ્યું હતું.

પારડી શહેર કોંગ્રેસ પ્રમુખ શ્રી કપિલભાઈ હળપતિએ પારડી ચાર રસ્તાથી મરી માતાના મંદિર સુધી ખૂબ જ ટ્રાફિક રહેતો હોય આ ટ્રાફિક અંગે પોલીસ યોગ્ય પગલાં લઈ ટ્રાફિક દૂર કરવાની કોશિષ કરશે હોવાનું રજૂઆત કરી હતી

તારીખ ૨૫/૦૬/૨૦૨૬ના રોજ રાત્રે બિરસા મુંડા સર્કલ પાસે આવેલ મસ્જિદ પાસેથી કંસારવાડ ખાતે આવેલ બહુચરા માતાજીના મંદિર સુધી આશરે નવ જેટલા સુશોભિત કરેલ લાઈટિંગના શણગાર સાથેના તાજીયા નીકળ્યા બાદ બીજા દિવસે તારીખ ૨૬/૦૬/૨૦૨૬ના રોજ બપોરે આજ સ્થળેથી નવ જેટલા તાજીયા નીકળી પારડી નગરમાં કંસારવાડ બહુચરા માતાજીના મંદિર થઈ દમણી ઝાંપા સુધી પહોંચી પારડી પાર નદીમાં ઠંડા કરવામાં આવશે.

આજના આ શાંતિ સમિતિની બેઠકમાં પારડી નગરપાલિકાના પ્રમુખ શ્રી ચેતનભાઈ નાયકા, કારોબારી અધ્યક્ષ શ્રી ચેતનભાઈ પટેલ (ભંડારી), આરોગ્ય ચેરમેન શ્રી કિરણભાઈ પટેલ, બાંધકામ અધ્યક્ષ શ્રી પ્રણવભાઈ દેસાઈ, પારડી શહેર ભાજપ પ્રમુખ શ્રી વિપુલભાઈ પટેલ, પારડી નગરપાલિકા સદસ્ય શ્રી જીગ્નેશ માંગેલા, શ્રી જીગ્નેશ પટેલ, શ્રી જીગ્નેશ આહીર, શ્રી શિરીષ પટેલ, શ્રી બીપીનભાઈ પટેલ, શ્રી પરવેઝ તાઈ, શ્રી શ્રેયસભાઈ પારેખ, શ્રી કપિલભાઈ હળપતિ, શ્રી અનવરભાઈ મનીઆર, શ્રી ઈમુદ્દીન સૈયદ, શ્રી ઈબ્રાહીમ મનીયાર, શ્રી જાબીર શેખ, શ્રી ફરહાન પઠાણ, શ્રી રેહાન શેખ, શ્રી સમિત ફરીદ, શ્રી રેહાન મોમીન, શ્રી ઈરફાન કુરેશી, શ્રી સમીર શેખ, શ્રી જાવેદખાન પઠાણ, શ્રી સાહિલ શેખ, શ્રી શબ્બીર કુરેશી, શ્રી મિઝમિલ ખલીફા, શ્રી હારુન ખલીફા, શ્રી અમન શેખ, શ્રી આબીદ શેખ, શ્રી હબીબ મલિક, શ્રી યુનુસ ખાન, શ્રી પરવેઝ તાઈ, શ્રી પરવેઝ શેખ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# વેપાર-ઉદ્યોગોમાં આગ લાગવાનું જોખમ વધતાં, વ્યાપક ફાયર ઈન્સ્યોરન્સ લેવો હવે ખૂબ જરૂરી બન્યો



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૧૭**

પ્રદેશના ઔદ્યોગિક અને વ્યાપારીક પ્રતિષ્ઠાનોમાં તાજેતરમાં નોંધાયેલી આગની મોટી ઘટનાઓએ વેપાર-ઉદ્યોગપર રહેલાં ગંભીર જોખમ પ્રત્યે ફરીથી સૌનું ધ્યાન ખેંચ્યું છે. ભારતમાં દર વર્ષે આગની અંદાજે ૧.૬ લાખ ઘટનાઓ બને છે, જેમાં હજારો લોકો જીવ ગુમાવે છે અને ઘરો તેમજ વ્યાપારી મિલકતોને ભારે નુકસાન થાય છે. એક ધમધમતી હોટેલ, ગીચ ટેક્સટાઈલ એકમો કે મોટી ફેક્ટરીઓ માટે આ નુકસાન માત્ર ભૌતિક મિલકતો પૂરતું મર્યાદિત નથી હોતુ: તેનાથી માનવ જીવનની હાનિ, તૈયાર માલ-સામાન તરત નષ્ટ થવો, મશીનરી બદલવાનો જંગી ખર્ચ થવા ઉપરાંત કામકાજ ઠપ થઈ જતાં આવક બંધ થઈ જાય છે.

છેલ્લાં કેટલાક વર્ષોમાં સુરત શહેરમાં બનેલી આગની ઘટનાઓ દર્શાવે છે કે, દેશના સૌથી મોટા અને ઝડપી વિકાસ પામતા ટેક્સટાઈલ બજારોમાંનું એક હોવાને કારણે સુરત આગની દુર્ઘટનાઓ માટે વધુ સંવેદનશીલ બન્યું છે. તેથી સુરતના વ્યાવસાયિક સંસ્થાનો અને ટેક્સટાઇલ એકમો માટે આગ વીમા દ્વારા પોતાને સુરક્ષિત કરવું અત્યંત જરૂરી બની ગયું છે. ૨૦૧૫થી ૨૦૨૪ દરમિયાનના એનસીઆરબી (NCRB)ના આંકડાઓ મુજબ, આગની દુર્ઘટનાઓમાં થતાં મૃત્યુના મામલે ગુજરાત દેશના અગ્રણી રાજ્યોમાં સ્થાન ધરાવે છે.

ટાટા એઆઈજી જનરલ ઈન્સ્યોરન્સ કંપનીના એમએસએમઈ પ્રોડક્ટ્સના વડા પ્રણય શાહેવીમાના મહત્વ પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે, 'જો જોખમો સામે પૂરતો વીમો લેવામાં ન આવે તો આગની ઘટનાને કારણે કંપનીઓ લાંબા સમય માટે આર્થિક કટોકટીમાં ધકેલાઈ શકે છે. વર્તમાન સમયમાં જ્યારે ક્લાયમેટ ચેન્જ, અતિશય પ્રતિકૂળ હવામાન અને બદલાતા કાર્યકારી જોખમોને કારણે વેપારી એકમો વધતી જતી અનિશ્ચિતતાઓનો સામનો કરી રહ્યા છે, ત્યારે વીમા કવચનું સમયાંતરે મૂલ્યાંકન કરવું અનિવાર્ય છે.

ટાટા એઆઈજી જેવી વીમા કંપનીઓ દ્વારા ઉપલબ્ધ સોલ્યુશન્સ ખાસ એ રીતે તૈયાર કરવામાં આવ્યા છે, જે આગ અને તેને લગતા જોખમો, જાનહાનિ, મશીનરી બ્રેકડાઉન અને ધંધો બંધ રહેવાથી થતી આવકની ખોટ સામે રક્ષણ આપે છે. આ ઉપરાંત, ૩ વર્ષ સુધીની લાંબા ગાળાની પોલિસીનો ફ્લેક્સિબલ વિકલ્પ પણ ઉપલબ્ધ છે.

### સીસીટીવી અને ટેકનિકલ સર્વેલન્સના આધારે ગેંગ ઝડપાઈ

# સુરતમાં ૧૪ ATM કાર્ડ અને રોકડ સાથે ત્રણની ધરપકડ



**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત,તા.૧૭**

શહેરમાં ATM મશીનોની આસપાસ લોકોને ભોળવીને તેમના ATMકાર્ડ બદલી નાંખી ખાતામાંથી રૂપિયા ઉપાડી લેતી એક શાતિર ગેંગને ઈચ્છાપોર પોલીસની સર્વેલન્સ ટીમે ઝડપી પાડી મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. આરોપીઓ પાસેથી ૧૪ ATMકાર્ડ, રોકડ રકમ અને મોબાઈલ ફોન સહિત કુલ ૬૨,૫૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

પોલીસના જણાવ્યા મુજબ, ઈચ્છાપોર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા મોરાગામ વિસ્તારમાં ATMની અંદર સામાન્ય લોકોને મદદ કરવાના બહાને તેમની સાથે વાતચીત કરી, નજર ચૂકવી ATM કાર્ડની અદલાબદલી કરીને ખાતામાંથી રૂપિયા ઉપાડી લેવામાં આવતા હતા. આ પ્રકારની છેતરપિંડીના બે અલગ-અલગ ગુનાઓ ઈચ્છાપોર પોલીસ સ્ટેશનમાં નોંધાયા હતા.

પ્રથમ ગુનામાં આરોપીઓએ એક વ્યક્તિના ખાતામાંથી ૪૦,૦૦૦ ઉપાડી લીધા હતા, જ્યારે બીજા ગુનામાં ૪૩,૦૦૦ની છેતરપિંડી કરવામાં આવી હતી. આમ બંને ગુનાઓમાં કુલ ૮૩,૦૦૦ની છેતરપિંડી આચરવામાં આવી હતી. બંને ગુનાઓ ભારતીય ન્યાય સંહિતા ની કલમ ૩૧૮(૪) અને ૫૪ હેઠળ નોંધવામાં આવ્યા હતા. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસ દ્વારા આવી ગેંગને ઝડપી પાડવા માટે ખાસ સૂચનાઓ આપવામાં આવી હતી.

ઈચ્છાપોર પોલીસે ખાસ તપાસ હાથ ધરી ગુનાનો ભેદ ઉકેલવા માટે સર્વેલન્સ સ્ટાફની અલગ-અલગ ટીમો બનાવી હતી. તપાસ દરમિયાન પોલીસ ટીમે ઘટનાસ્થળ અને તેની આસપાસના CCTV કેમેરાના ફૂટેજનું સૂક્ષ્મ વિશ્લેષણ કર્યું હતું. ટેક્નિકલ સર્વેલન્સ, હ્યુમન ઈન્ટેલિજન્સ અને પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે આરોપીઓને સચીન વિસ્તારમાંથી ઝડપી પાડવામાં આવ્યા હતા. પૂછપરછ દરમિયાન આરોપીઓએ ATM કાર્ડની અદલાબદલી કરીને લોકોને છેતર્યાની કબૂલાત આપી હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે આરોપીઓ પાસેથી ગુનામાં ઉપયોગમાં લેવાયેલા ૧૪ ATM કાર્ડ, છેતરપિંડીથી મેળવેલા ૩૯,૦૦૦ રોકડા તેમજ ૩ મોબાઈલ ફોન મળી કુલ ૬૨,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. હાલ આરોપીઓની વધુ પૂછપરછ ચાલી રહી છે. આરોપીઓ સામે અન્ય વિસ્તારોમાં પણ આવા ગુનાઓ નોંધાયેલા છે કે કેમ તે અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.

### દક્ષિણ ગુજરાતમાં બે દિવસ વરસાદી માહોલ

# નવસારીમાં મેઘરાજાની એન્ટ્રી; માટીની ભીની સુગંધથી લોકો ભારે હરખાયા

## નવસારી શહેરમાં પવન સાથે વરસાદી ઝાપટાં પડતાં સ્થાનિકોને ભારે અસહ્ય ગરમી અને ઉકળાટમાંથી મોટી રાહત મળી છે



**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવસારી, તા.૧૭**

ગત રાતથી જ નવસારીના આકાશમાં કાળાડિબાંગ વાદળો ઘેરાયા હતા અને પવન ફૂંકાઈ રહ્યો હતો, જે મેઘરાજાના આગમનના સંકેત આપી રહ્યા હતા. આજે સવારે શહેરના પૂર્વ વિસ્તારો જેવા કે સર્કિટ હાઉસ, તીઘરા, લુન્સીકુઈ અને કાળિયાવાડી સહિતના વિસ્તારોમાં પવન સાથે વરસાદી ઝાપટાં પડ્યા હતા. વરસાદ પડતાં જ સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી ગઈ હતી અને માટીની ભીની ખુશ્બુથી વાતાવરણ આહલાદક બની ગયું હતું. જો કે, ચોમાસાની સત્તાવાર શરૂઆત પહેલાં હજુ પણ ધરતીપુત્રો અને શહેરીજનો સાર્વત્રિક અને સારા વરસાદની આશા રાખી રહ્યા છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે. દાસના જણાવ્યા અનુસાર, આગામી બે દિવસ દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. હાલમાં દક્ષિણ ગુજરાતના દરિયાઈ વિસ્તારોમાં પવનની દિશા દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમ તરફની છે. આ ઉપરાંત, ૧૮ જૂને એક નવી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સિસ્ટમ સક્રિય થઈ રહી છે, જે ઉત્તર અને પશ્ચિમ ભારત પર અસર કરી શકે છે. આગામી ૩ થી ૪ દિવસમાં ચોમાસું મધ્ય અરબ સાગર, ઝારખંડ અને બિહારના વિસ્તારોમાં આગળ વધે તેવી સંભાવના છે. સામાન્ય રીતે ગુજરાતમાં ચોમાસું બેસવાની સત્તાવાર તારીખ ૧૫ જૂન છે અને ૩૦ જૂન સુધીમાં તે સમગ્ર રાજ્યને આવરી લે છે. પરંતુ આ વખતે ૧૫ જૂન વીતી ગઈ હોવા છતાં સત્તાવાર એન્ટ્રી ન થતાં ચિંતા વધી છે. હવામાન એજન્સી સ્કાયમેટના મતે, ચોમાસું ૮ જૂનથી પશ્ચિમી તટ પર સ્થિર હોવાથી મુંબઈ પહોંચતા હજુ ૭ થી ૮ દિવસ જેટલો સમય લાગી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ૭ દિવસ માટે ગુજરાત, દીવ, દમણ અને દાદરા નગર હવેલી માટે કોઈ મોટું રેડ કે ઓરેન્જ એલર્ટ નથી, પરંતુ વિસ્તાર પ્રમાણે હવામાને જણાવ્યું છે કે ૧૮ જૂને સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં પવન અને ગાજવીજ સાથે વરસાદી ઝાપટાંની સંભાવના વ્યક્ત કરાઈ છે, પરંતુ સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાત સુકું રહેશે. ૧૯ થી ૨૨ જૂને સમગ્ર ગુજરાત (ઉત્તર, મધ્ય, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છ), દીવ, દમણમાં હવામાન સંપૂર્ણપણે સૂકું રહેવાની સંભાવના વ્યક્ત કરાઈ છે.

### BJP સાંસદોએ આપી વિશેષાધિકાર ભંગની નોટિસ

# PM મોદી પર ટિપ્પણી કરવી ખડગેને પડી ભારે

## રાજ્યસભાના સભાપતિ સી. પી. રાધાકૃષ્ણને વિશેષાધિકાર ભંગની નોટિસને તપાસ માટે વિશેષાધિકાર સમિતિ પાસે મોકલી



**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી, તા.૧૭**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કથિત અપમાનજનક ટિપ્પણી કરવા બદલ ભાજપના ૬ સાંસદોએ રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે સામે વિશેષાધિકાર ભંગની નોટિસ આપી છે.

સાંસદોનો આક્ષેપ છે કે, ખડગેની ટિપ્પણી ગૃહની ગરિમા અને સંસદીય પરંપરાઓને અનુરૂપ નથી. ભાજપના સાંસદોએ રાજ્યસભાના સભાપતિને આ મામલે સંજ્ઞાન લઈને મલ્લિકાર્જુન ખડગે વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

રાજ્યસભાના સભાપતિ સી. પી. રાધાકૃષ્ણને મલ્લિકાર્જુન ખડગે વિરુદ્ધ દાખલ કરાયેલી આ વિશેષાધિકાર ભંગની નોટિસને તપાસ માટે વિશેષાધિકાર સમિતિ પાસે મોકલી આપી છે. રાજ્યસભાની કાર્યવાહી અને કામકાજ સંચાલન નિયમાવલીના નિયમ ૧૮૮ હેઠળ ભાજપના ૬ સાંસદોએ આ નોટિસ આપી છે. જેમાં બ્રિજ લાલ, મિથિલેશ કુમાર, સુમિત્રા બાલ્મિક, શિવેશ કુમાર, ડૉ. સિકંદર કુમાર અને નાગેન્દ્ર રાયે સંયુક્ત રીતે આ નોટિસ આપી હતી.

નોટિસમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે, ખડગેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ સતત અને જાણીજોઈને અત્યંત અપમાનજનક ટિપ્પણીઓ કરી છે, જેનાથી સંસદ અને તેના સભ્યોની ગરિમાને ઠેસ પહોંચી છે. આ મામલાના તથ્યો પર વિચાર કર્યા પછી, રાજ્યસભાના સભાપતિ સી. પી. રાધાકૃષ્ણને ૧૬ જૂન ૨૦૨૬ના રોજ નિયમ ૨૦૩ હેઠળ આ કેસ તપાસ અને અહેવાલ માટે સમિતિને સોંપ્યો છે. હવે સમિતિ આખા મામલાની તપાસ કરીને પોતાનો રિપોર્ટ સભાપતિને સોંપશે, જેના આધારે આગળનો નિર્ણય લેવાશે.

# વલસાડ જિલ્લાના ગામડાઓમાં યોજાઈ રહી છે જન કલ્યાણ શિબિર: બે દિવસમાં ૧૫૪૨ લોકોએ લાભ મેળવ્યો







## એક જ સ્થળ પર અનેકવિધ યોજનાના લાભો અપાયા સાથે યોજનાકીય માર્ગદર્શન પણ અપાયું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૭**

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ''સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણ''ના ૧૨ વર્ષની આ અવિરત યાત્રા આજે દેશના ખૂણે-ખૂણાને વિકાસની નવી ઊંચાઈઓ પર લઈ જઈ રહી છે. ત્યારે જનકલ્યાણના સંકલ્પને સાકાર કરતી જનકલ્યાણ શિબિર તા.૧૫ જૂનના રોજ ધરમપુરના બામટી ગામમાં લાલ ડુંગરી ખાતે આદર્શ નિવાસી શાળા, કપરાડામાં કોમ્યુનિટી હોલ અને પારડીમાં નગરપાલિકાના કોમ્યુનિટી હોલમાં યોજાઈ હતી.

આ જન કલ્યાણ શિબિરમાં જિલ્લા પંચાયતના સભ્યશ્રી અને તાલુકા પંચાયતના સભ્યશ્રી તથા ગ્રામજનો અને લાભાર્થીઓ બહોળા પ્રમાણમાં હાજર રહ્યા હતા. આ શિબિરમાં આઈસીડીએસ વિભાગ તરફથી દિકરી વધામણા યોજના હેઠળ બાળ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગંગા સ્વરૂપ આર્થિક સહાય યોજના તથા વૃધ્ધ સહાય યોજનાના પ્રમાણપત્રનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગંગા સ્વરૂપ આર્થિક સહાય યોજના તથા વૃધ્ધ સહાય યોજનાના લાભાર્થીઓની KYC અંગેની કામગીરી કરવામાં આવી હતી. સરકારની વિવિધ કલ્યાણકારી યોજના અંગે નોંધણી, માર્ગદર્શન અને લાભ વિતરણની કામગીરી કરવામાં આવી હતી.

શિબિર દરમિયાન વ્યાપક જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી. માહિતી પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. વૃદ્ધ નાગરિકો, દિવ્યાંગજનો અને અન્ય લાભાર્થીઓ માટે જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. ઉપરોક્ત શિબિરનો ૭૫૨ લોકોએ લાભ લીધો હતો.

બીજા દિવસે તા. ૧૬ જૂનના રોજ ઉમરગામ ન.પા.ના ગાધીસદન હોલ, કપરાડાના સુથારપાડા ખાતે પ્રાથમિક શાળા, વલસાડ તાલુકાના મગોદડુંગરી ગામમાં પ્રાથમિક શાળા અને ધરમપુરના હનુમતમાળ ગામની પ્રાથમિક શાળામાં યોજાયેલી જન કલ્યાણ શિબિરમાં અંદાજે ૭૯૦ લાભાર્થીઓને સરકારશ્રીની જુદી-જુદી યોજનાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા તેમજ સરકારશ્રીની જુદી-જુદી યોજનાઓનો લાભ આપવામાં આવ્યો હતો.

# સંશોધન ક્ષેત્રે ધરમપુરના શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠને વધુ એક સિદ્ધિ મળી

## GUJCOST દ્વારા IP સેલની મંજૂરી મળતા નવા વિચારો અને સંશોધનને કાનૂની સુરક્ષા મળશે



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૭**

ધરમપુર સ્થિત શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ ખાતે ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઑન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST) દ્વારા ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી (IP) સેલને મંજૂરી આપવામાં આવી છે, જેને દક્ષિણ ગુજરાતમાં સંશોધન, નવીનતા અને ઉદ્યોગસાહસિકતાના સંવર્ધન માટે મહત્વપૂર્ણ સિદ્ધિ માનવામાં આવી રહી છે.

શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ પુજ્ય ગુરુદેવશ્રી રાકેશજીના સર્વાંગી શિક્ષણના વિઝનથી પ્રેરિત છે. શિક્ષણ માત્ર શૈક્ષણિક જ્ઞાન પૂરતું ન રહે, પરંતુ વિદ્યાર્થીઓમાં મૂલ્યનિષ્ઠા, નવીન વિચારસરણી, સંશોધનક્ષમતા અને રાષ્ટ્રીય વિકાસ માટેની જવાબદારી વિકસે, તે હેતુથી અનેક પહેલો હાથ ધરવામાં આવે છે. પ્રસ્તુત IP સેલ પણ આ જ ઉદેશ્યને આગળ વધારતું એક પગલું છે.

GUJCOST એ વૈજ્ઞાનિક સંશોધન, નવી ટક્નોલોજી અને ઈન્ટેલેક્ટ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ (IPR) વિશે લોકોમાં જાણકારી ફેલાવવા માટે કાર્યરત અગ્રણી સંસ્થા છે. શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠમાં શરૂ થનાર આ IP સેલ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સંશોધકોને તેમની નવી શોધ કે વિચારોને કાનૂની રીતે સુરક્ષિત રાખવા માટે પેટન્ટ, ટ્રેડમાર્ક અને કૉપિરાઈટ જેવી બાબતોમાં માર્ગદર્શન અને મદદ આપશે.

વર્લ્ડ ઈન્ટેલેક્ટ્યુઅલ પ્રોપર્ટી ડે ૨૦૨૬ નિમિત્તે શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠમાં "IP and Sports: Ready, Set, Innovate!" થીમ હેઠળ "Protecting the Game: IP Fundamentals and Their Role in Sports Industry" વિષય પર વેબિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વેબિનારમાં મુખ્ય વક્તા તરીકે કિર્તિકુમાર એમ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે રમતગમત ક્ષેત્રમાં Intellectual Property (IP)નું વધતું જતું મહત્વ, નવા વિચારો અને શોધને કાનૂની રીતે કેવી રીતે સુરક્ષિત રાખી શકાય અને તેના શું ફાયદા છે તે સરળ રીતે સમજાવ્યું હતું.

આ કાર્યક્રમમાં આશરે ૧૮૦ જેટલા પ્રતિભાગીઓ જોડાયા હતા. જેમાં ગુજરાત ઉપરાંત હરિયાણા, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, કર્ણાટક, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ તેમજ દાદરા અને નગર હવેલીમાંથી વિદ્યાર્થીઓ, સંશોધન વિદ્વાનો, ફેકલ્ટી સભ્યો અને ઉદ્યોગક્ષેત્રના વ્યાવસાયિકોએ ભાગ લીધો હતો. વેબિનારમાં ભાગ લેનારાઓને ઈન્ટેલેક્ટ્યુઅલ પ્રોપર્ટી તેમ જ તેની સુરક્ષા અંગે જાગૃતિ વધી હતી.

શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ દ્વારા શિક્ષણ, સંશોધન, ઈનોવેશન અને સ્કિલ ડેવલપમેન્ટ ક્ષેત્રે સતત અમલમાં મુકાતી આવી પહેલો દક્ષિણ ગુજરાતના યુવાઓ માટે નવી તકોના દ્વાર ખોલી રહી છે અને તે ભવિષ્યમાં દક્ષિણ ગુજરાતને શિક્ષણ, સંશોધન અને ઉદ્યોગસાહસિકતાનું સશક્ત કેન્દ્ર બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

# વાપી સલવાવ સ્વામિનારાયણ ગુરૂકુળમાં સરસ્વતી અને ગૌપૂજનનું ભવ્ય આયોજન કરાયું





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૭**

અધિક માસની પાવન સોમવતી અમાસના શુભ અવસરે વાપી નજીક આવેલા શ્રી સ્વામિનારાયણ ગુરૂકૂળ, સલવાવ ખાતે સરસ્વતી પૂજન તથા ગૌ પૂજનનું ભવ્ય અને ધાર્મિક આયોજન કરવામાં આવ્યું હતું. જ્ઞાનની દેવી માતા સરસ્વતીના આશીર્વાદ પ્રાપ્ત થાય તેમજ વિદ્યાર્થીઓમાં સંસ્કાર, આધ્યાત્મિક્તા અને ભારતીય સંસ્કૃતિના મૂલ્યાનું સિંચન થાય તે હેતુથી આ કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ ઉત્સાહ અને ભક્તિભાવ સાથે સરસ્વતી માતાની પૂજા-અર્ચના કરી હતી. સાથે જ ગૌ માતાના પૂજન દ્વારા ભારતીય સંસ્કૃતિમાં ગૌસેવાનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ગૌ માતાની સેવા અને સંરક્ષણના સંદેશને આત્મસાત કરી ધાર્મિક કાર્યક્રમનો લાભ લીધો હતો.

આ પ્રસંગે મોટી સંખ્યામાં વાલીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કાર્યક્રમના સુંદર આયોજન અને વિદ્યાર્થીઓમાં સંસ્કાર ઘડતરના પ્રયાસોની પ્રશંસા કરી હતી. શાળાના સંચાલકશ્રી, આચાર્યશ્રી અને શિક્ષકગણે વિદ્યાર્થીઓને ભારતીય પરંપરા, સંસ્કૃતિ અને ધાર્મિક મૂલ્યો અંગે માર્ગદર્શન આપ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ ભક્તિમય, શાંતિમય અને આનંદમય વાતાવરણમાં સંપન્ન થયો હતો. કાર્યક્રમના અંતે તમામ ઉપસ્થિતોને પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. આવા ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓમાં આધ્યાત્મિકતા, નૈતિક મૂલ્યો અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે આદરભાવ વિકસે તેવો શુભ સંદેશ આપવામાં આવ્યો હતો.

કાર્યક્રમના સમાપન પ્રસંગે સંસ્થાના આદ્ય સ્થાપક પુરાની સ્વામી કેશવચરણદાસજી, મેનેજિંગ ટ્રસ્ટી પુરાણી સ્વામી કપિલજીવનદાસજી, રામ સ્વામી, હરી સ્વામીનાઓએ વિદ્યાર્થીઓને આશીર્વાદ આપતા તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમ હર્ષોલ્લાસ, ઉત્સાહ અને ભક્તિના માહોલ વચ્ચે સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

# વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકાના અંભેટીમાં ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫ અંતર્ગત જાગૃતિ સેમિનાર યોજાયો

## મહિલા સુરક્ષા અને સશક્તિકરણને પ્રોત્સાહન આપવા કાર્યક્રમનું આયોજન કરાયું, વિવિધ કાયદાકીય સમજ અપાઈ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૭**

વલસાડ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા નાનાપોંઢા તાલુકાના અંભેટી ગામ સ્થિત મહિલા સંચાલિત દૂધ ડેરી (કેસલ ફળિયું) ખાતે ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫ અંતર્ગત જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગામના સરપંચશ્રી યોગેશભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં કાર્યક્રમનો મુખ્ય હેતુ સમજાવતા જણાવ્યું કે, મહિલાઓને કાનુની જાગૃતિ અને અધિકારો અંગે માહિતગાર કરી મહિલા સુરક્ષા અને સશક્તિકરણને પ્રોત્સાહન આપવા આ કાર્યક્રમનું આયોજન કરાયુ છે. શ્રીમતી શ્વેતાબેન આર. દેસાઈ, જિલ્લા મહિલા અને બાળ અધિકારી, વલસાડ દ્વારા સ્ત્રીઓના રક્ષણ, સશક્તિકરણ અને સમાનતા સુનિશ્ચિત કરવા માટે ઘડાયેલા વિશેષ કાયદાઓ અંગે માહિતી આપવામાં આવી હતી. કમલેશ ગીરાસે, દહેજ પ્રતિબંધક સહરક્ષણ અધિકારી વલસાડ દ્વારા ઘરેલુ હિંસા અધિનિયમ-૨૦૦૫ અંતર્ગત વિગતવાર માહિતી આપવામાં આવી અને વિવિધ પ્રકારની હિંસા થઈ શકે એના વિશે સમજણ આપવામાં આવી હતી.

ડિસ્ટ્રિક્ટ મિશન કૉ-ઓર્ડીનેટર જિજ્ઞેશ પટેલ દ્વારા વ્હાલી દીકરી યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના તેમજ અન્ય મહિલાલક્ષી વિવિધ યોજનાકીય માહિતી આપી હતી. ખુશ્બુબેન પટેલ એડવોકેટ વલસાડ દ્વારા મહિલાઓના કાયદાઓ તેમજ જિલ્લા સેવા સત્તા મંડળની યોજનાઓ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. ''સખી'' વન સ્ટોપ સેન્ટર વલસાડના કાઉન્સેલર સ્નેહાલીબેન પટેલ દ્વારા ''સખી'' વન સ્ટોપ સેન્ટરની કામગીરીનો પરિચય આપવામાં આવ્યો હતો.

પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર કપરાડાના કાઉન્સેલર સ્નેહલબેન પટેલ દ્વારા પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટરની કામગીરી વિશે માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં DLSAના કર્મચારીગણ, SHE TEAM પોલીસ-નાનાપોંઢા, આંગણવાડી કાર્યકર બહેનો, સરપંચ, તલાટી કમ મંત્રી, દૂધ મંડળીના પ્રમુખ, ગામના આગેવાનો તથા મોટી સંખ્યામાં ગામની બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં યોજનાકીય પેમ્પલેટ અને ફોલ્ડર વિતરણ કરવામાં આવ્યા હતા.

# પ્રગટેશ્વર ધામ આછવણી દ્વારા જલગાંવના યોગીશ્રી ચાંગદેવ મહારાજ મંદિર ખાતે મહારુદ્ર યજ્ઞ કરાયો

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૭**



પ્રગટેશ્વરધામ આછવણીના ધર્માચાર્ય પરભુદાદા અને રમાબાના પરમ સાનિધ્યમાં મહારાષ્ટ્રના જલગાંવ નજીક મુક્તાઈનગર ખાતે તાપી-પૂર્ણા નદી સંગમસ્થળે આવેલા યોગીશ્રી ચાંગદેવ મહારાજ મંદિર પરિસરમાં ૨૧ કુંડી મહારુદ્ર યજ્ઞ કરવામાં આવ્યો હતો. ભૂદેવો અનિલભાઈ જોષી અને કશ્યપભાઈ જાનીએ વૈદિક મંત્રોચ્ચાર સાથે યજ્ઞવિધિ સંપન્ન કરાવી હતી.

યજ્ઞની પૂર્વ સંધ્યાએ સૌ શિવ પરિવારે તાપી-પૂર્ણા સંગમ સ્થળે સ્નાન કરી તીર્થ પૂજા અને તાપી પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ધજા પૂજન કરી શિવભક્તોએ સિદ્ધેશ્વર ચાંગદેવ મહારાજ, સોમેશ્વર મહાદેવજી, પર્વતીમાતા, તાપી માતા, ગણપતિ, હનુમાનજી, જ્ઞાનેશ્વર મહાદેવ, નિવૃત્તિ નાથ, સોપાન દેવ તેમજ મુકતાઈ માતા વગેરે મંદિરોના શિખરે ધજાપૂજન કરી ધજા ચઢાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિમય વાતાવરણમાં ભજન, પૂજન અને કથાના માધ્યમથી શ્રદ્ધાળુઓએ આધ્યાત્મિક લાભ મેળવ્યો હતો. આ દિવસે માસિક શિવરાત્રિ હોય શિવરાત્રિ પૂજન કરી શિવજીને અભિષેક પણ કરાયો હતો. યજ્ઞ બાદ શિવ પરિવારે દુર્ગમ રસ્તાએથી પસાર થઈ શેલગાંવ ખાતે તાપી નદી કિનારે આવેલા પ્રાચીન શિવતીર્થમાં મહિષેશ્વર મહાદેવના દર્શન કરી અભિષેક કર્યો હતો.

આ અવસરે ધર્માચાર્ય પરભુદાદાએ સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને કલ્યાણ પ્રાપ્ત થાય તેવા આશીર્વાદ પાઠવતાં જણાવ્યું હતું કે, તાપી માતાની કૃપાથી તમે અહીં આવ્યા છે અને તાપી મૈયાની પ્રેરણાથી દાન કરવાનો અવસર મળ્યો છે, જે અતિ સૌભાગ્યની વાત છે. જેઠ સુદ ચૌદશને રવિવાર હોઈ ત્યારે શિવતીર્થોમાં સ્નાન કરીને દાન કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. અધિક માસ આપણા સનાતન ધર્મમાં અત્યંત પવિત્ર અને પુણ્યદાયી માનવામાં આવે છે. આ માસ દરમિયાન કરેલા કર્મોનું અનેકગણું ફળ પ્રાપ્ત થાય છે એટલું જ નહીં કોઇ તીર્થમાં જઇ સાચા મનથી યજ્ઞ કરીએ તેનું ફળ જન્મો જન્મ સુધી મળે છે.

પ્રગટેશ્વર સેવા સમિતિ ગુજરાત પ્રમુખ બીપીનભાઈ પરમારે યજ્ઞમાં ઉપસ્થિત સૌનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, આપણે વિવિધ તીર્થોમાં યજ્ઞ કર્યા છે, જેમાં શિવ પરિવારે ભક્તિભાવથી ભાગ લીધો છે. ગંગામાં સ્નાન કરવાથી જે પુણ્ય પ્રાપ્ત થાય તેટલું જ પુણ્ય આજના દિવસે ચતુર્ભૂજેશ્વ અને મહિશેશ્વરની મધ્યમાં જે તીર્થો આવેલાં છે સ્નાન કરવાથી પ્રાપ્ત થાય છે, જેનો ઉલ્લેખ તાપી પુરાણના ૨૭મા અધ્યાયમાં થયેલો છે. અધિક જેઠ માસ, ચૌદશ અને રવિવારનો સંગમ ધાર્મિક દૃષ્ટિએ વિશેષ પવિત્ર માનવામાં આવે છે, અને ભવિષ્યમાં આ અવસર ઘણા વર્ષો પછી મળશે, આ પવિત્ર અવસરનો લાભ આપણે આજે લીધો છે.

ચાંગદેવ મહારાજ મંદિરના દત્તુ મહારાજે સ્થાનનું મહત્ત્વ સમજાવી તેના ઈતિહાસનું વર્ણન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ચાંગદેવ મહારાજની કૃપાથી ધર્માચાર્ય પરભુદાદાના આશીર્વાદ થકી તમે અહીં આવ્યા છો.

પ્રગટેશ્વર સેવા સમિતિ મહારાષ્ટ્ર પ્રમુખ આર.કે.ખાંદવેએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું અને યજ્ઞમાં ઉપસ્થિત રહેલા તમામ શિવ પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે આગામી ૨૨મી જૂન, ૨૦૨૬ના રોજ દમણ ખાતે યોજાનારા જન્મ દિવસ ઉજવણી મહોત્સવમાં સમગ્ર મહારાષ્ટ્ર શિવ પરિવારને ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવ્યું હતું.


દમણના અપ્પુભાઈ પટેલે કુંતેશ્વર મહાદેવ મંદિર ખાતે તેમના પરિવાર દ્વારા આયોજિત ધર્માચાર્ય પરભુદાદાના જન્મ દિવસ ઉજવણી મહોત્સવમાં સમગ્ર શિવ પરિવારને ઉપસ્થિત રહેવા ભાવભીનું નિમંત્રણ પાઠવ્યું હતું.

મહારાષ્ટ્ર મહિલા પ્રમુખ રજનીબેનએ પવિત્ર સ્થાનના ઈતિહાસનું વર્ણન કર્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત-મહારાષ્ટ્ર શિવ પરિવારના શિવભક્તો, ભૂદેવો તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડ પુસ્તક પરબ દ્વારા વાપીની બે પ્રા.શાળામાં ૩૫૦ પુસ્તકોનું વિતરણ કરાયું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૭**






વાંચન સંસ્કૃતિના વિકાસ અને વિદ્યાર્થીઓમાં અભ્યાસેતર વાંચન પ્રત્યે રુચિ કેળવવાના ઉદ્દેશ સાથે પુસ્તક પરબ, વલસાડ દ્વારા વાપીની બે પ્રાથમિક શાળામાં કુલ ૩૫૦ પુસ્તકો ભેટરૂપે આપવામાં આવ્યા હતા.

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, વલસાડ સંચાલિત કન્યા વિદ્યામંદિર, વાપીને ૨૦૦ તથા અજીતનગર પ્રાથમિક શાળા, વાપીને ૧૫૦ પુસ્તકો અર્પણ કરી નાનકડી લાઈબ્રેરી ઊભી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

પુસ્તક પરબ, વલસાડના ચેરપર્સન ડૉ.આશા ખુશાલભાઈ ગોહિલ, શ્રી હાર્દિક જી. પટેલ, શ્રી જયંતીભાઈ મિસ્ત્રી તથા સમગ્ર ટીમના આયોજન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમને શ્રી રિતેશ મોદી (રામવાડી), પ્રતીક પટેલ (પારનેરા, પારડી), શ્રીમતી કંકુબેન લેઉવા (શિકાગો, અમેરિકા) હસ્તક, શ્રીમતી નીલીમા જે. ભાવસાર (વલસાડ) તરફથી આર્થિક સહકાર પ્રાપ્ત થયો હતો.

કન્યા વિદ્યામંદિર, વાપીમાં યોજાયેલા કાર્યક્રમમાં આચાર્યશ્રી મનીષાબેન પટેલ, શોભનાબેન પટેલ, ડૉ.મેઘના પટેલ તથા સમગ્ર શાળા પરિવાર ઉપસ્થિત રહ્યો હતો. મનીષાબેન પટેલે પોતાના વક્તવ્યમાં પુસ્તકોના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે પુસ્તક પરબ, વલસાડની પ્રવૃત્તિઓને બિરદાવી અને વિદ્યાર્થીઓમાં વાંચનની ટેવ વિકસાવવા આવા પ્રયાસોની આવશ્યકતા વ્યક્ત કરી હતી.

અજીતનગર પ્રાથમિક શાળા, વાપીમાં આચાર્યશ્રી કિશનભાઈ બાબરભાઈ પટેલ, શિક્ષકશ્રી શિવકુમાર સિંઘ તથા સમગ્ર સ્ટાફના સહયોગથી કાર્યક્રમ યોજાયો હતો. શ્રી શિવકુમાર સિંઘ દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસેતર પુસ્તકોના જીવનઘડતરમાં રહેલા મહત્ત્વ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. મહાનુભાવોના જીવનપ્રસંગો, પ્રેરણાદાયી વિચારો અને વાંચનના લાભો અંગે શ્રી હાર્દિક પટેલ, ડૉ.આશા ગોહિલ, શ્રીમતી નીલીમા ભાવસાર, શ્રી જયંતીભાઈ મિસ્ત્રીએ રસપ્રદ રીતે વિદ્યાર્થીઓ સમક્ષ રજૂઆત કરી હતી.

વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

# લોકોની શ્રદ્ધા સાથે વિશ્વાસઘાત

**અ**યોધ્યામાં ભવ્ય શ્રીરામ મંદિરમાં શ્રદ્ધાળુઓ અને દર્શનાર્થીઓ દ્વારા ચડાવાતી ભેટની રકમમાંથી આઠ કરોડ રૂપિયા જેટલી રકમ લૂંટવામાં આવી હોવાના અહેવાલ ચોંકાવનારા-ચિંતાકારક છે. શ્રદ્ધા ઉપર આ કલંક છે. અયોધ્યામાં રામલલ્લાનાં દર્શન માટે દેશ-વિદેશથી લાખ્ખો લોકો આવે છે. અત્યાર સુધીમાં આંકડો કરોડો ઉપર પહોંચ્યો હશે. દર્શનાર્થીઓ મંદિરમાં જે ભેટ ચડાવે તેની ગણતરી વિશ્વાસુ કર્મચારીઓ દ્વારા થાય છે, ત્યારે આ વિશ્વાસઘાત લોકોની શ્રદ્ધા સાથે થયો છે. આ ‘લૂટ’ની ‘ખબર’ સૌપ્રથમ સમાજવાદી પાર્ટીના એક પૂર્વ વિધાયકે જાહેર કરી ત્યારે મંદિર ટ્રસ્ટે રદિયો આપ્યો હતો, પણ સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે સોશિયલ મીડિયામાં અભિયાન શરૂ કર્યું. આ ‘ઘટના’ને રાજકીય સ્વરૂપ મળ્યું. તે પછી મંદિર ટ્રસ્ટે મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ પાસે ૨૪ કલાકમાં ત્રણ ઉચ્ચ અધિકારીની સમિતિ નીમીને સાત દિવસમાં પ્રાથમિક અહેવાલ માગ્યો છે. ફાઈનલ રિપોર્ટ ૧૫ દિવસમાં સુપરત થશે. રાજ્ય સરકારનો ત્વરિત નિર્ણય રામમંદિર-નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ આવકાર્યો છે. આ તપાસ સમિતિના ત્રણ સભ્યમાં લખનઉના ડિવિઝનલ કમિશનર વિજય વિશ્વાસપંત, ઈન્સ્પેક્ટર જનરલ કિરણ તથા નાણાખાતાના વિશેષ સચિવ નીલ રતન છે. આઈજી કિરણે સીબીઆઈ તથા ઈન્ટરપોલમાં સેવા આપીને તાજેતરમાં જ નવી જવાબદારી સંભાળી છે. ભેટની રકમની ગણતરી કેવી રીતે થાય છે અને દેખરેખની વ્યવસ્થા કેવી છે તેની તમામ વિગતવાર તપાસ થશે. જે શખ્સો અત્યાર સુધી પકડાયા છે - તેમાંના બે કર્મચારી તો માસિક ૧૮ હજાર રૂપિયાનું વેતન મેળવતા હતા અને જોતજોતાંમાં અયોધ્યામાં માલેતુજાર મિલકતોના માલિક બની બેઠા છે, પણ મંદિર ટ્રસ્ટ અથવા જાગૃત નાગરિકોના ધ્યાનમાં આ વાત આવી નહીં તે આશ્ચર્ય છે. આલીશાન ઈમારતના દ્વારે માલિકના નામ સાથે હિન્દુજન જાગૃતિ અને મંદિરનું નામ જોડવામાં આવે તેથી શું જવાબદાર અધિકારીઓ અને નાગરિકો આંખ મીંચીને વંદન કરે?! અખિલેશ યાદવ તો રાજકારણ કરે જ. તેની નવાઈ નથી પણ હવે ઉચ્ચ કક્ષાની તપાસ સમિતિ નીમવાના નિર્ણયને આવકાર આપવાને બદલે તેઓ કહે છે - મંદિરના પંડિતો - પૂજારીઓની તપાસ અધિકારીઓ કરે તે સનાતન ધર્મનું અપમાન છે! તો શું ટ્રસ્ટ અને રાજ્ય સરકાર તપાસ કરવાને બદલે હાથ જોડીને ભજન - કીર્તન કરે? રામમંદિર અભિયાનમાં શરૂઆતથી જોડાયા હતા તે વિનય કટિયાર કહે છે મંદિર ટ્રસ્ટ ચલાવતા કેટલા સભ્યો ‘ચોર’ છે! તપાસ સમિતિનું કાર્ય ભેટ-સોગાદની લૂંટ પૂરતું મર્યાદિત છે, પણ વિનય કટિયારનું નિવેદન પણ તપાસવું જોઈએ. એમણે ટ્રસ્ટ ઉપર ગંભીર આક્ષેપ કર્યો છે તેની નોંધ લઈને તપાસ સમિતિએ વિનય કટિયાર તથા ટ્રસ્ટીઓને પણ બોલાવીને પૂછપરછ કરવી જોઈએ. હકીકતમાં ટ્રસ્ટીઓએ સામે ચાલીને આવી તપાસની માંગણી કરવી જોઈએ. અખિલેશ યાદવ કહે છે કે, ચોર પકડાય નહીં તો અમે પકડીને હાજર કરીશું. તો એમની પૂછપરછ પણ થવી જોઈએ. આ ‘લૂટ’ની તલસ્પર્શી તપાસનો અહેવાલ આવ્યા પછી વ્યવસ્થાતંત્રમાં જરૂરી સુધારાની જાણ જાહેર જનતા સમક્ષ આવે તો જ શ્રદ્ધા દૃઢ બનશે. તિરુપતિ બાલાજીના પ્રસાદમાં નકલી-ચરબીયુક્ત ઘી વપરાયાના વિવાદ પછી આ ‘લૂંટ’ની ઘટના માત્ર અપરાધની ‘ઘટના’ છે કે કોઈ કાવતરું? તે સ્પષ્ટ થવું જરૂરી છે.

ભારતીય કેપ્ટન અજય પંતની ધરપકડથી

# ભારતના સાચા દોસ્ત રશિયાએ ઈંગ્લિશ ચેનલમાં બ્રિટિશ ધ્વજવાળા યોટ પર કર્યું ફાયરિંગ

## ઈંગ્લિશ ચેનલમાં રશિયા અને બ્રિટન વચ્ચે તણાવઃ ભડક્યું રશિયા; ટક્કર ટાળવા માટે આ પગલું ભરવામાં આવ્યું





(સંપૂર્ણ સમાચાર સેવા)

**લંડન, તા.૧૭**

ઈંગ્લિશ ચેનલમાં રશિયા અને બ્રિટન વચ્ચે તણાવ વધુ વધતો જોવા મળી રહ્યો છે. થોડા દિવસો પહેલા બ્રિટને રશિયાના કથિત શેડો ફ્લીટ સાથે જોડાયેલા એક તેલ ટેન્કર પર કાર્યવાહી કરીને તેના ભારતીય કેપ્ટન અજય પંતની ધરપકડ કરી હતી. હવે આના જવાબમાં રશિયાએ પોતાનું યુદ્ધ જહાજ ઈંગ્લિશ ચેનલમાં ઉતારી દીધું છે. રશિયન નૌસેનાના ફ્રિગેટ એડમિરલ ગ્રિગોરોવિચએ બ્રિટિશ ધ્વજ ધરાવતા એક યોટની સામે ચેતવણી તરીકે ફાયરિંગ કર્યું હતું. જો કે, આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી.

રશિયાના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ ઘટના મંગળવારે ઈંગ્લેન્ડના આઈલ ઓફ વાઈટથી લગભગ ૩૨ કિલોમીટર દક્ષિણમાં આંતરરાષ્ટ્રીય દરિયાઈ વિસ્તારમાં બની હતી.

મંત્રાલયનો દાવો છે કે બ્રાઈટ ફ્યુચર નામનું બ્રિટિશ યોટ સીધું રશિયન યુદ્ધ જહાજ તરફ આગળ વધી રહ્યું હતું અને ટક્કર થવાનું જોખમ ઊભું થયું હતું. રશિયન નૌસેનાનું કહેવું છે કે તેમણે ઘણી વખત રેડિયો દ્વારા યોટનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કોઈ જવાબ મળ્યો નહોતો. આ પછી પહેલા સિગ્નલ ફ્લેયર છોડવામાં આવ્યા હતા. જ્યારે યોટ લગભગ ૧૫૦ મીટરની દૂરી સુધી પહોંચી ગયું, ત્યારે ફ્રિગેટના કમાન્ડરે તેના રસ્તાની સામે નાના હથિયારોથી ચેતવણીરૂપ ગોળીઓ ચલાવવાનો આદેશ આપ્યો હતો. આ પછી યોટે પોતાનો રસ્તો બદલી નાખ્યો હતો. બ્રિટનના સંરક્ષણ મંત્રાલયે પણ આ ઘટનાની પુષ્ટિ કરી છે, પરંતુ જણાવ્યું છે કે ગોળીઓ યોટને નિશાન બનાવીને ચલાવવામાં આવી નહોતી, પરંતુ સંભવિત ટક્કર રોકવા માટે ચેતવણી તરીકે દાગવામાં આવી હતી. બ્રિટિશ નૌસેનાનું પેટ્રોલિંગ જહાજ HMS Mersey આ સમગ્ર ઘટનાક્રમ પર નજર રાખી રહ્યું હતું.

આ ઘટના એવા સમયે બની છે જ્યારે બ્રિટને રવિવારે ઈંગ્લિશ ચેનલમાં રશિયાના કથિત ‘શેડો ફ્લીટ’ સાથે જોડાયેલા તેલ ટેક્કર સ્ફ સ્મિર્ટોસને પોતાના કબજામાં લીધું હતું. છ કલાક સુધી ચાલેલા ઓપરેશનમાં રોયલ મરીન કમાન્ડો હેલિકોપ્ટર દ્વારા જહાજ પર ઉતર્યા હતા અને સમગ્ર પોતને પોતાના નિયંત્રણમાં લઈ લીધું હતું. આ કાર્યવાહી બાદ જહાજના ૩૮ વર્ષીય ભારતીય કેપ્ટન અજય પંતની ધરપકડ કરવામાં આવી હતી. બ્રિટનની નેશનલ ક્રાઈમ એજન્સી (NCA)એ તેમના પર રશિયાથી પ્રતિબંધિત તેલને ત્રીજા દેશ સુધી પહોંચાડવાનો અને બ્રિટિશ પ્રતિબંધોનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો છે. તેમને સાઉથહેમ્પ્ટન મેજિસ્ટ્રેટ કોર્ટમાં રજૂ કરવામાં આવનાર છે.

બ્રિટને સ્ફ સ્મિર્ટોસને ડોર્સેટ કિનારા પાસે રોકી રાખ્યું છે. જહાજ પર હાજર ક્રૂ મેમ્બર્સના ૨૪ સભ્યો, જેમાં ભારતીય અને જ્યોર્જિયન નાગરિકો સામેલ છે, તેઓ હજુ પણ પોત પર જ છે અને તપાસ એજન્સીઓને મદદ કરી રહ્યા છે. ભારતના હાઈ કમિશને પોતાના નાગરિકો સુધી કાઉન્સિલર એક્સેસ મેળવવાની માગ કરી છે. યુક્રેન યુદ્ધ પછી પશ્ચિમી દેશોએ રશિયાના તેલ નિકાસ પર કેટલાય પ્રતિબંધો લગાવ્યા છે. આ પ્રતિબંધોને બાયપાસ કરવા માટે રશિયા કથિત રીતે જૂના તેલ ટેન્કરોના એક નેટવર્ક એટલે કે ‘શેડો ફ્લીટ’નો ઉપયોગ કરે છે. બ્રિટને હવે આવા ૨૦થી વધુ જહાજો પર નવા પ્રતિબંધો લાદી દીધા છે.

ઉદ્ધવ ઠાકરેને ઝટકો

# ૬ બળવાખોર સાંસદોની શિંદે જૂથમાં જોડાવાની જાહેરાત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૭**

મમતા બેનરજીની તૃણમૂલ કોંગ્રેસ બાદ હવે મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેના (UBT)માં પણ મોટું ભંગાણ પાકું થઈ ગયું છે. શિવસેના (UBT)ના સત્તાભૂખ્યા કુલ ૯ લોકસભા સાંસદોમાંથી ૬ સાંસદોએ ઉદ્ધવ ઠાકરેનો સાથ છોડીને પોતાને એકનાથ શિંદેની સેનાના સાંસદો માનવાનો આખરી નિર્ણય કરી લીધો છે. આ બળવાખોર સાંસદોએ નવી દિલ્હી ખાતે લોકસભા સ્પીકર ઓમ બિરલાને લેખિત પત્ર સોંપીને સંસદમાં તેમને શિંદેના સાંસદો તરીકે માન્યતા આપવા સત્તાવાર વિનંતી કરી દીધી છે. આ ઘટનાક્રમ સાથે જ મહારાષ્ટ્રના રાજકારણમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

**સ્પીકરને લેખિત પત્ર સોંપીને સંસદમાં તેમને શિંદેના સાંસદો તરીકે માન્યતા આપવા સત્તાવાર વિનંતી કરી**

લોકસભા સ્પીકર ઓમ બિરલાને પત્ર સોંપનારા ઉદ્ધવ જૂથના ૬ બળવાખોર સાંસદોમાં નીચે મુજબના નેતાઓ સામેલ છેઃ

૧. સંજય જાધવ
૨. સંજય દેશમુખ
૩. નાગેશ પાટીલ અષ્ટિકર
૪. ઓમરાજે નિંબાલકર
૫. ભાઉસાહેબ વાકચૌરે
૬. સંજય દીના પાટીલ

આ મોટા ભંગાણ બાદ હવે ઉદ્ધવ ઠાકરેની સાથે માત્ર ૩ જ સાંસદો બચ્યા છે, જ્યારે ૬ સાંસદો એકજૂથ થઈને અલગ થઈ ગયા છે.

બીજી તરફ, પક્ષમાં બળવાની ચાલી રહેલી અટકળો વચ્ચે દિલ્હીમાં શિવસેના (UBT)ના નેતા સંજય રાઉતના નિવાસસ્થાને એક મહત્ત્વની પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. આ બેઠકમાં માત્ર ૩ જ સાંસદો - અરવિંદ સાવંત, ચીફ વ્હીપ અનિલ દેસાઈ અને નાસિકના સાંસદ રાજાભાઉ વાજે હાજર રહ્યા હતા, જ્યારે બાકીના ૬ સાંસદો ગેરહાજર રહ્યા હતા. આ હાજરી પરથી જ સ્પષ્ટ થઈ ગયું હતું કે ઉદ્ધવની પાર્ટી પર તોળાઈ રહેલું સંકટ હવે હકીકતમાં બદલાઈ ચૂક્યું છે.

પ્રેસ કોન્ફરન્સ દરમિયાન સંજય રાઉતે આકરા તેવર બતાવતા કહ્યું કે, ‘‘આ તમામ સાંસદો શિવસેનાના ચૂંટણી ચિહ્ન ‘મશાલ’ પર અને ઉદ્ધવ ઠાકરેના નામે જીત્યા છે, તેઓ પીએમ મોદીના નામે ચૂંટણી નથી જીત્યા. ઉદ્ધવ ઠાકરેએ તેમને જીતાડવા માટે દિવસ-રાત એક કર્યા હતા અને પક્ષે તમામ સંસાધનો આપ્યા હતા.’’

રાઉતે બળવાખોરોને ખુલ્લી ચીમકી આપતા ઉમેર્યું કે, જો હવે કોઈ પક્ષ પલટો કરશે તો અમે કોઈને છોડીશું નહીં, જેને જવું હોય તે સાંસદ પદેથી રાજીનામું આપીને જઈ શકે છે. જોકે, રાઉતની આ ચેતવણીઓ છતાં ૬ સાંસદોએ સ્પીકરને પત્ર સોંપી દેતા ઉદ્ધવ ઠાકરે માટે આ ચોંકાવનારો આંચકો સાબિત થયો છે.

ચીને કરી દીધી મોટી જાહેરાત

# G7માંથી બાકાત રાખ્યા બાદ ચીન બનાવશે પોતાનું આગવું ગ્રુપ


## ચીને એલાન કરી દીધું કે તે ગ્લોબલ ગ્રુપ બનાવવા જઈ રહ્યું છે, જેનું નામ ‘ગ્લોબલ એઆઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન’ હશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**બીજિંગ, તા.૧૭**

ફ્રાન્સમાં દુનિયાના સૌથી અમીર દેશોના સંગઠન G7 સમિટ ચાલી રહ્યું છે. આ મહા બેઠકમાં ચીનને આમંત્રણ આપવામાં નથી આવ્યું, જેના કારણે ચીન ગુસ્સાથી લાલ થઈ ગયું છે. શી ઝિનપિંગે ચૂપ રહેવાની જગ્યાએ અમેરિકા અને તેના અમીર સાથી દેશોને પછડાવા માટે એક મોટો માસ્ટરસ્ટ્રોક રમ્યો છે. જેવું G7 ખતમ થયું, ચીને એલાન કરી દીધું કે તે ખુદ એક અલગ ગ્લોબલ ગ્રુપ બનાવવા જઈ રહ્યું છે, જેનું નામ ગ્લોબલ એઆઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન હશે.

હવે સૌથી મોટો સવાલ એ છે કે આ નવા ગ્રુપમાં સામેલ થવા માટે ઝિનપિંગ આખરે કયા દેશોને આમંત્રણ મોકલી



રહ્યું છે અને તેની પાછળનો ગેમપ્લાન શું હશે?

ચીની વિદેશ મંત્રી વાંગ યીએ દુનિયાભરના પત્રકારો સામે સ્પષ્ટ કરી દીધું છે કે ચીન હવે આખી દુનિયાની કમાન પોતાના હાથમાં લેવાની તૈયારી કરી ચૂક્યું છે અને Global AI Cooperation Organization દ્વારા કેટલાય દેશો સાથે એક અલગ ગ્રુપ બનાવવા માગે છે.

**G7 સમિટ દરમિયાન એક ગુપ્ત કૂટનીતિક રિપોર્ટ લીક થયો, જેમાં એ વાત સામે આવી છે કે અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની, કેનેડા, ઈટલી અને જાપાન મળી એક બહુ મોટો ખેલ કરી રહ્યા છે, આ વાત G7ના બંધ રૂમમાંથી બહાર આવતા ચીન ગુસ્સે થઈ ગયું અને તેણે તરત પોતાનું ખુદ આગવું ગ્રુપ બનાવવાનો નિર્ણય લઈ લીધો**

G7 સમિટમાંથી બહાર રાખ્યા બાદ ચીન સારી રીતે સમજી ગયું છે કે અમેરિકા અને યુરોપીય દેશ તેને ક્યારેય આગળ વધવા દેશે નહીં. આ જ કારણ છે કે ચીનના વિદેશ મંત્રી વાંગ યીએ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે ચીન આ નવા વૈશ્વિક સંગઠનને ખૂબ જ જલદી ઊભું કરી દેશે અને તેમાં સામેલ થવા માટે તમામનું સ્વાગત કરે છે.

**ગ્લોબલ સાઉથના દેશઃ** ચીનનો સૌથી મોટો દાવ એ વિકસિત અને વિકાસશીલ દેશો પર છે, જે એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકામાં ફેલાયેલા છે. આ દેશોને પશ્ચિમ દેશોના ભરોસે છોડી મૂકવામાં આવે છે અને ચીન હવે તેને ટેકનિકની લાલચ આપી પોતાની સાથે લઈ રહ્યું છે.

**બ્રિક્સ અને એસસીઓના સાથીઃ** ચીનના ટોપ આર્થિક નીતિ નિર્માતા ઝાઓ હૈબિંગે સ્પષ્ટ કર્યું છે કે બેઈજિંગ આ નવા ગ્રુપને મજબૂત કરવા માટે બ્રિક્સ દેશો અને શાંઘાઈ સહયોગ સંગઠનના મંચનો પૂરો ઉપયોગ કરશે. તેનો મતલબ છે કે આ ગ્રુપમાં રશિયા અને ઈરાન જેવા દેશ પણ ફ્રન્ટ સીટ પર દેખાશે.

**અમેરિકાથી નારાજ દેશોઃ** જે દેશ અમેરિકી પ્રતિબંધો અથવા તેમની દાદાગીરીથી પરેશાન છે, ચીન તેમને આ એઆઈ ગ્રુપમાં સામેલ થવાનું ખુલ્લું આમંત્રણ આપે છે, જેથી અમેરિકા વિરુદ્ધ એક મજબૂત મોર્ચો ઊભો કરી શકે. ચીનના ગુસ્સા અને અચાનક કરવામાં આવેલા આ મોટા એલાન પાછળ હકીકતમાં અમેરિકાનો એક સિક્રેટ રિપોર્ટ છે, જેનાથી બેઈજિંગને બળતરા થઈ છે. G7 સમિટ દરમિયાન એક ગુપ્ત કૂટનીતિક રિપોર્ટ લીક થયો, જેમાં એ વાત સામે આવી છે કે અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની, કેનેડા, ઈટલી અને જાપાન મળી એક બહુ મોટો ખેલ કરી રહ્યા છે.

આ અમીર દેશ મળીને એક એવો પ્લાન બનાવી રહ્યા છે, જે અંતર્ગત અમેરિકામાં બનેલા સુપર એડવાન્સ્ડ આર્ટિફિશિયલ ઈન્ટેલિજેન્સ મોડલ્સનું એક્સેસ ખાલી તેમના અમુક વિશ્વાસુ પાર્ટનર્સને જ આપવામાં આવશે. એટલે કે અમેરિકા કૂટનીતિક રીતે દુનિયાને બે ભાગમાં વહેંચી રહ્યું છે, જ્યાં શાનદાર ટેકનિક પર ખાલી પશ્ચિમી દેશો અને તેમના ચમચાનો કબજો હશે. જ્યારે આ વાત G7ના બંધ રૂમમાંથી બહાર આવી તો ચીન ગુસ્સે થઈ ગયું અને તેણે તરત પોતાનું ખુદ આગવું ગ્રુપ બનાવવાનો નિર્ણય લઈ લીધો.

પત્રકાર પરિષદમાં અખિલેશ યાદવે સ્પષ્ટ કહ્યું

# ભાજપ સામે ટક્કર લેવી હોય, તો પક્ષમાં બહાદુર લોકોની ટીમ હોવી જરૂરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**લખનૌ, તા.૧૭:** મહારાષ્ટ્રમાં શિવસેના UBTમાં ચાલી રહેલી રાજકીય ઉથલપાથલ અને પક્ષમાં ભંગાણના દાવાઓ વચ્ચે સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવે પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેને એક મહત્વની સલાહ આપી છે. લખનઉ સ્થિત સપા મુખ્યાલય ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં અખિલેશ યાદવે સ્પષ્ટ કહ્યું કે, જો ભાજપ સામે ટક્કર લેવી હોય, તો પક્ષમાં બહાદુર લોકોની ટીમ હોવી ખૂબ જ જરૂરી છે.

**પત્રકાર પરિષદ દરમિયાન પોતાની પાર્ટીમાં પણ ભંગાણ પડવાની અટકળો પર અખિલેશ આકરો પ્રહાર કર્યો હતો**

પત્રકાર પરિષદ દરમિયાન પોતાની પાર્ટીમાં પણ ભંગાણ પડવાની અટકળો પર અખિલેશ યાદવે આકરો પ્રહાર કર્યો હતો. તેમણે ઉત્તર પ્રદેશનું ઉદાહરણ આપતા કહ્યું કે, ભાજપે અગાઉ સપાના પણ ઘણા ધારાસભ્યો, MLC અને રાજ્યસભા સાંસદોને તોડ્યા હતા. લોકોનો શું સ્વાર્થ હશે, શું લાલચ હશે કે પછી કયો ડર હશે? જે ડરી જશે, તે પોતાનો પક્ષ છોડીને જતો જ રહેશે. જોકે, આવનારા સમયમાં ભાજપને સમાજવાદી પાર્ટીનો મોટો ડર સતાવી રહ્યો છે.

કન્નૌજના સાંસદ અખિલેશ યાદવે અગાઉની પ્રેસ કોન્ફરન્સને યાદ કરતા મોટો દાવો કર્યો હતો. તેમણે જણાવ્યું કે, ‘હવે હું ભારતીય જનતા પાર્ટીને તોડીશ નહીં અને તેમના ધારાસભ્યોને મારી પાર્ટીમાં લઈશ પણ નહીં. ભાજપ અત્યારે ભલે બીજાના પક્ષો તોડી રહી હોય અને સાંસદો છીનવી રહી હોય, પરંતુ યુપીમાં તેમના પોતાના જ ધારાસભ્યો પક્ષપલટો કરવાની તૈયારીઓ કરી રહ્યા છે. આ લોકો સમય આવ્યે જ પોતાના પત્તા ખોલશે, કારણ કે તેમનો કોઈ ભરોસો નથી.’

અખિલેશ યાદવે દાવો કર્યો છે કે, સમાજવાદી પાર્ટી એક અત્યંત મજબૂત પક્ષ છે અને તેણે રાજકારણમાં ઘણા ઉતાર-ચઢાવ જોયા છે, તેથી સપા ભાજપ સામે મુકાબલો કરવા માટે પૂરી રીતે તૈયાર છે. અખિલેશનું આ નિવેદન એવા સમયે સામે આવ્યું છે, જ્યારે સુભાસપાના પ્રમુખ ઓપી રાજભર સતત એવો દાવો કરી રહ્યા છે કે આગામી દિવસોમાં સપામાં પણ મોટું ભંગાણ પડી શકે છે.

# સ્પોર્ટ્સ ન્યૂઝ

### પાકિસ્તાન ક્રિકેટ ટીમને દંડ ફટકારવામાં આવ્યો

## ભારત સામેની હાર બાદ ICCએ પાકિસ્તાન મહિલા ટીમને ફટકારી સજા

**પાકિસ્તાન ટીમ જરૂરી ઓવર-રેટથી એક ઓવર પાછળ હતી : તેમની મેચ ફીના પાંચ ટકા કાપવામાં આવ્યા**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**દુબઈ, તા.૧૭ :** મહિલા T20 વર્લ્ડ કપ ૨૦૨૬માં રમી રહેલી પાકિસ્તાન ક્રિકેટ ટીમને દંડ ફટકારવામાં આવ્યો છે. ૧૪ જૂને ભારત સામે રમાયેલી મેચ દરમિયાન સ્લો ઓવર-રેટને કારણે આ દંડ ફટકારવામાં આવ્યો છે. એજબેસ્ટન ખાતે રમાયેલી મેચ દરમિયાન સ્લો ઓવર-રેટને કારણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ પાકિસ્તાનની મેચ ફીના ૫% કાપ્યા હતા. મેચ રેફરી ટ્રૂડી એન્ડરસને આ દંડ ફટકાર્યો હતો.




ભારત સામેની મેચ દરમિયાન પાકિસ્તાન ટીમ જરૂરી ઓવર-રેટથી એક ઓવર પાછળ હતી. પરિણામે તેમની મેચ ફીના પાંચ ટકા કાપવામાં આવ્યા. પાકિસ્તાનની કેપ્ટન ફાતિમા સનાએ ગુનો સ્વીકાર્યો, તેથી ઔપચારિક સુનાવણીની જરૂરિયાત પડી નહોતી.

ઓન-ફિલ્ડ અમ્પાયર ક્લેર પોલોસાક અને જેક્લીન વિલિયમ્સ, થર્ડ અમ્પાયર એલોઈસ શેરિડન અને ફોર્થ અમ્પાયર સુ રેડફર્ને ખેલાડીઓ માટે ICC આચાર સંહિતાની કલમ ૨.૨૨ હેઠળ આરોપો લગાવ્યા હતા. આ નિયમ ઓવર-રેટ ગુનાઓને આવરી લે છે, જે હેઠળ નિર્ધારિત સમયની અંદર ફેંકવામાં ન આવતી દરેક ઓવર માટે મેચ ફીના ૫ ટકા કાપવામાં આવે છે.

છેલ્લી ઓવર દરમિયાન પાકિસ્તાનને ૩૦-યાર્ડ સર્કલની બહાર ફક્ત ચાર ફિલ્ડરો સાથે રમવાની ફરજ પડી હતી. ભારતીય બેટ્સમેનોએ આ પરિસ્થિતિનો લાભ ઉઠાવ્યો. ICC નિયમો હેઠળ, સ્લો ઓવર-રેટના પરિણામે મેચ ફી કાપવામાં આવે છે, આ સાથે બાકીની ઓવર માટે ૩૦-યાર્ડ સર્કલની બહાર ફીલ્ડરોની સંખ્યા પાંચને બદલે ચાર કરવામાં આવે છે.

ભારતીય ટીમે પાકિસ્તાનને ૬૪ રનથી હરાવ્યું. ટીમ ઈન્ડિયાએ કુલ ૧૭૦ રન બનાવ્યા, જ્યારે પાકિસ્તાની ટીમ જવાબમાં ૧૦૬ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. આ બંને ટીમો માટે પ્રથમ મેચ હતી. આ હારને કારણે પાકિસ્તાનને ફટકો પડ્યો છે, તેમનો નેટ રન રેટ -૩.૨૦૦ પર થઈ ગયો છે, જેના કારણે તેઓ છ ટીમોના ગ્રુપ છમાં પાંચમા સ્થાને પહોંચી ગઈ છે. પાકિસ્તાનની આગામી મેચ ૧૭ જૂને દક્ષિણ આફ્રિકા સામે છે. ભારત તે જ દિવસે નેધરલેન્ડ્સ સામે રમશે.

### એક જ દિવસની ચારેય મેચો થઈ ડ્રો!

## ફૂટબોલના ઈતિહાસમાં ૬૮ વર્ષ બાદ બન્યો અદ્ભૂત રેકોર્ડ

**ત્રીજા મેચમાં ઉરુગ્વેનો સામનો મિયામી એરેના ખાતે સાઉદી અરેબિયા સામે થયો હતો. સાઉદી અરેબિયા મેચ જીતવાની નજીક હતું**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મેક્સિકો, તા.૧૭ :** FIFA વર્લ્ડ કપ ૨૦૨૬માં ફૂટબોલના ઈતિહાસમાં ૬૮ વર્ષ બાદ અદ્ભૂત રેકોર્ડ છે. 'ધ એથ્લેટિક' ના રિપોર્ટ મુજબ, વર્લ્ડ કપના ઈતિહાસમાં ૬૮ વર્ષ પછી આવું બન્યું છે, જ્યારે એક જ દિવસે રમાયેલી ચારેય મેચ ડ્રો થઈ હતી. આ પહેલા ૧૫ જૂન ૧૯૫૮ના રોજ આવો અનોખો નજારો જોવા મળ્યો હતો, જ્યારે એક જ દિવસે આઠ મેચ રમાઈ હતી.

એટલાન્ટામાં દિવસની પ્રથમ મેચમાં સૌથી મોટો અપસેટ સર્જાયો. જેમાં કેપ વર્ડે જે પોતાનો પહેલો વર્લ્ડ કપ રમી રહ્યો હતો, તેણે વિશ્વના બીજા નંબરની ટીમ અને વર્તમાન યુરોપિયન ચેમ્પિયન સ્પેનને ૦-૦ થી ડ્રો પર રાખ્યો. કેપ વર્ડેનો બચાવ એટલો શક્તિશાળી હતો કે સ્પેનના સ્ટાર ખેલાડીઓ એક પણ ગોલ કરી શક્યા નહીં.

બીજી મેચમાં ઈજિપ્ત અને બેલ્જિયમ સિએટલમાં ટકરાયા હતા. ઈમામ અશૌરના શાનદાર ગોલને કારણે ઈજિપ્ત તેમના પ્રથમ વર્લ્ડ કપ વિજયની નજીક પહોંચી ગયું. પરંતુ પછી બેલ્જિયમના રોમેલુ લુકકુ મેદાનમાં આવીને પ્રથમ મિનિટમાં જ ઓન ગોલ કર્યો અને મેચ ૧-૧ થી ડ્રો રહી.

ત્રીજી મેચમાં ઉરુગ્વેનો સામનો મિયામી એરેના ખાતે સાઉદી અરેબિયા સામે થયો હતો. સાઉદી અરેબિયા મેચ જીતવાની નજીક હતું, પરંતુ મેક્સિમિલિયાનો અરાઉજોએ ૮૦મી મિનિટે ઉરુગ્વે માટે બરાબરી કરી. મેચ પણ ૧-૧ થી ડ્રો રહી, જેના કારણે ગ્રુપ Hમાં ચારેય ટીમો (સ્પેન, કેપ વર્ડે, ઉરુગ્વે અને સાઉદી અરેબિયા) એક-એક પોઈન્ટ સાથે રહી ગઈ હતી.

ન્યૂઝીલેન્ડ અને ઈરાનની રોમાંચક મેચ (લોસ એન્જિલસ) દિવસની અંતિમ મેચ લોસ એન્જિલસના સોફી સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. જેમાં ઈરાન અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રોમાંચક મુકાબલો થયો હતો, જે ૨-૨ થી ડ્રો રહ્યો હતો. ન્યૂઝીલેન્ડનો વર્લ્ડ કપમાં જીત વિનાનો સિલસિલો હવે સાત મેચ સુધી પહોંચી ગયો છે, જ્યારે ઈરાન તેનો પહેલો નોકઆઉટ સ્ટેજ સુધી પહોંચવાની કોશિશ કરી રહ્યું છે. આગામી મેચોમાં ઈરાન લોસ એન્જિલસમાં બેલ્જિયમનો સામનો કરશે, જ્યારે ન્યૂઝીલેન્ડનો સામનો વૈંકુવરમાં ઈજિપ્તનો સામનો કરશે.

### પ્રથમ હાફમાં સેનેગલએ ટક્કર આપી

## ફ્રાન્સે સેનેગલને ૩-૧થી હરાવ્યું, એમબાપ્પેએ પહેલી જ મેચમાં કર્યો કમાલ

**ઇન્જરી ટાઇમમાં, સેનેગલના ઇબ્રાહિમ મ્બાયેએ ૯૦મી મિનિટે ગોલ કરીને ટીમની ખાધ ૨-૧ કરી દીધી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ફ્રાન્સ, તા.૧૭ :** ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ની ધમાકેદાર શરૂઆત થઈ ચૂકી છે. આ ટૂર્નામેન્ટમાં ફ્રાન્સના સુપરસ્ટાર કાયલિયન એમબાપ્પે સહિતના દિગ્ગજ ખેલાડીઓની શાનદાર લાઈનઅપ જોવા મળી રહી છે. ફ્રાન્સે સેનેગલ સામે જીત મેળવીને પોતાના અભિયાનની ધમાકેદાર શરૂઆત કરી છે. મજબૂત ફ્રેન્ચ ટીમે બીજા હાફમાં અદભુત પ્રભુત્વ જમાવતા સેનેગલને ૩-૧થી માત આપી હતી. આ મેચના અસલી હીરો કાયલિયન એમબાપ્પે રહ્યા હતા, જેમણે બે શાનદાર ગોલ કરીને ફ્રાન્સની જીત સુનિશ્ચિત કરી હતી.

રોમાંચક મેચમાં ફ્રાન્સે શરૂઆતથી જ આક્રમક રમત બતાવી હતી, પરંતુ સેનેગલના મજબૂત ડિફેન્સ સામે તેઓ પ્રથમ હાફમાં એક પણ ગોલ કરી શક્યા નહોતા. સેનેગલે ખૂબ જ રક્ષણાત્મક અને વ્યૂહાત્મક રમત રમી હતી. નિકોલસ જેક્સનનો એક શક્તિશાળી શોટ સીધો ગોલ પોસ્ટ સાથે અથડાયો હતો. ઇસ્માઇલા સર પણ એક નજીકની તકને ગોલમાં ફેરવવામાં નિષ્ફળ રહ્યો હતો. બીજા હાફમાં ફ્રેન્ચ ટીમે પોતાની રણનીતિ બદલી અને રમતની ગતિ વધારી દીધી. પરિણામે મેચની ૬૬મી મિનિટે કાયલિયન એમબાપ્પેએ શાનદાર ગોલ કરીને ફ્રાન્સને ૧-૦ની લીડ અપાવી દીધી હતી. ત્યારબાદ ૮૦મી મિનિટે મેદાન પર આવેલા યુવા ખેલાડી બાર્કોલાએ મેદાન પર આવતાની સાથે જ જાદુ વેર્યો હતો. તેણે ૮૨મી મિનિટે શાનદાર ગોલ કરીને ફ્રાન્સની લીડ ૨-૦ કરી દીધી, જેનાથી સેનેગલના ગોલકીપર એડવર્ડ મેન્ડી પણ સ્તબ્ધ થઈ ગયા હતા.

ઇન્જરી ટાઇમમાં, સેનેગલના ઇબ્રાહિમ મ્બાયેએ ૯૦મી મિનિટે ગોલ કરીને ટીમની ખાધ ૨-૧ કરી દીધી. જોકે, બીજી જ મિનિટે, કાયલિયન મ્બાપ્પેએ ફ્રાન્સનો ત્રીજો, તેનો બીજો ગોલ કરીને ફ્રાન્સને ૩-૧થી શાનદાર વિજય અપાવ્યો. આ મેચમાં બે ગોલ સાથે, કાયલિયન મ્બાપ્પેએ લિયોનેલ મેસ્સીને પાછળ છોડી દીધો. મ્બાપ્પે હવે ફિફા વર્લ્ડ કપના ઈતિહાસમાં ૧૪ ગોલ કર્યા છે. ફક્ત બ્રાઝિલના રોનાલ્ડો (૧૫) અને જર્મનીના મિરોસ્લાવ ક્લોઝ (૧૬) તેમનાથી આગળ છે. કાયલિયન આ ટુર્નામેન્ટમાં આ બંને દિગ્ગજોને પાછળ છોડી શક્યો.

### G7 બેઠકમાં ગર્જ્યા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ

# ઈરાન સાથે MoU ફાઇનલ નથી, જો પસંદ નહીં આવે તો અમે ફરીવાર કરીશું એટેક

**બંને દેશો તરફથી એવા સંકેતો મળ્યા હતા કે, કરાર પર સહમતિ બની રહી છે પરંતુ ટ્રમ્પે ફરી એકવાર પોતાના નિવેદનથી દુનિયાને ચોંકાવી દીધી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ફ્રાન્સ, તા.૧૭**

મિડલ ઈસ્ટમાં છેલ્લા કેટલાક મહિનાઓથી ચાલી રહેલા ભારે તણાવ વચ્ચે અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરારની વાતો સામે આવી રહી હતી. બંને દેશો તરફથી એવા સંકેતો મળ્યા હતા કે, કરાર પર સહમતિ બની રહી છે. પરંતુ આ દરમિયાન અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર પોતાના નિવેદનથી દુનિયાને ચોંકાવી દીધી છે. ફ્રાન્સમાં ચાલી રહેલી G7 સમિટ દરમિયાન તેમણે સ્પષ્ટ કર્યું છે કે, ઈરાન સાથે હજુ MoU ફાઈનલ થયા નથી, જો ડીલમાં કંઈ પસંદ નહીં આવે તો અમેરિકા ફરી હુમલો કરશે

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હાલમાં G7 સમિટમાં ભાગ લેવા ફ્રાન્સની મુલાકાતે છે. સમિટ દરમિયાન મીડિયા સાથે વાત કરતા તેમણે ઈરાન સાથેના સંભવિત કરાર પર પોતાનું વલણ સ્પષ્ટ કર્યું. તેમણે દાવો કર્યો કે, અમે ઈરાનમાં બધું જ નષ્ટ કરી દીધું છે. ઈરાન સાથેનો MoU હજુ ફાઈનલ નથી. જો આ ડીલમાં મને કંઈપણ પસંદ નહીં આવે, તો અમે ઈરાન પર ફરીથી હુમલો કરીશું.

ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું કે, ઈરાન સાથેની ડીલ અંગે વિગતવાર વાત કરવામાં આવશે. વૈશ્વિક બજાર આ ઈરાન ડીલથી ઘણું ખુશ છે. વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ગણાતો હોર્મુઝ સ્ટ્રેટ (Strait of Hormuz) આગામી એક-બે દિવસમાં સંપૂર્ણપણે ખુલી જશે. આ માર્ગ અત્યારે પણ આંશિક રીતે ખુલ્લો જ છે, પરંતુ ટૂંક સમયમાં તે સામાન્ય થઈ જશે.

મહત્વનું છે કે આ ડીલની અસરના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતો સતત ઘટી રહી છે. તેલના ભાવ ઘટવાથી લોકોની ખરીદશક્તિ પર સકારાત્મક અસર પડશે, અને કિંમતો યુદ્ધ પહેલાના સ્તર કરતા પણ નીચે જઈ શકે છે.

દરમિયાન, ફ્રાન્સના એવિયનમાં G7 સમિટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હાજરી આપી હતી. સમિટના આઉટરીચ સત્ર દરમિયાન પીએમ મોદી અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ એકબીજાની બાજુમાં બેઠેલા જોવા મળ્યા હતા. ૧૬ મહિનામાં બંને નેતાઓ વચ્ચે આ પહેલી મુલાકાત હતી. જો કે, ટ્રમ્પની સામે PM મોદીએ નાવિકોની સુરક્ષાનો મુદ્દો ઊઠાવતા કહ્યું કે, ભારતીયોએ જીવ ગુમાવવા પડ્યા.

G7 સમિટને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે, આજનું વિશ્વ પહેલા કરતાં વધુ એકબીજા સાથે જોડાયેલું અને પરસ્પર નિર્ભર છે. કોઈ પણ દેશની ઉર્જા સુરક્ષા, ખાદ્ય સુરક્ષા, આરોગ્ય સુરક્ષા, સાયબર સુરક્ષા અને આર્થિક સમૃદ્ધિ તેની સરહદો સુધી મર્યાદિત નથી. ગતિશીલતા, ડેટા, મૂડી અને ટેકનોલોજી આ બધું આપણને જોડે છે. આવા સમયમાં ભાગીદારીનું મહત્ત્વ સ્વાભાવિક રીતે વધે છે, પરંતુ ભાગીદારી ત્યારે જ સફળ થાય છે જ્યારે વિશ્વાસ તેના મૂળમાં હોય છે. આજે, સૌથી મહત્ત્વપૂર્ણ વ્યૂહાત્મક સંપત્તિ ખનિજો, ટેકનોલોજીઓ કે બજારો નથી પરંતુ પરસ્પર વિશ્વાસ છે.

તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, ટેકનોલોજી અને સપ્લાય ચેઈનનો ઉપયોગ શસ્ત્ર તરીકે નહીં, પણ વૈશ્વિક ભલા માટે થશે. વિકાસની તકો થોડા દેશો સુધી મર્યાદિત રહેશે નહીં. વૈશ્વિક સંસ્થાઓ બધા દેશોની આકાંક્ષાઓ પૂરી કરી શકશે.

### ભારતીયોએ જીવ ગુમાવવા પડ્યા : મોદી

## ટ્રમ્પની સામે વડાપ્રધાન મોદીએ નાવિકોની સુરક્ષાનો મુદ્દો ઊઠાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૭**



ફ્રાન્સના એવિયનમાં G-7 સમિટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હાજરી આપી હતી. સમિટના આઉટરીચ સત્ર દરમિયાન પીએમ મોદી અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ એકબીજાની બાજુમાં બેઠેલા જોવા મળ્યા હતા. ૧૬ મહિનામાં બંને નેતાઓ વચ્ચે આ પહેલી મુલાકાત હતી. જો કે, ટ્રમ્પની સામે PM મોદીએ નાવિકોની સુરક્ષાનો મુદ્દો ઊઠાવતા કહ્યું કે, ભારતીયોએ જીવ ગુમાવવા પડ્યા.

G-7 સમિટને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે, આજનું વિશ્વ પહેલા કરતાં વધુ એકબીજા સાથે જોડાયેલું અને પરસ્પર નિર્ભર છે. કોઈ પણ દેશની ઉર્જા સુરક્ષા, ખાદ્ય સુરક્ષા, આરોગ્ય સુરક્ષા, સાયબર સુરક્ષા અને આર્થિક સમૃદ્ધિ તેની સરહદો સુધી મર્યાદિત નથી. ગતિશીલતા, ડેટા, મૂડી અને ટેકનોલોજી આ બધું આપણને જોડે છે. આવા સમયમાં ભાગીદારીનું મહત્ત્વ સ્વાભાવિક રીતે વધે છે, પરંતુ ભાગીદારી ત્યારે જ સફળ થાય છે જ્યારે વિશ્વાસ તેના મૂળમાં હોય છે. આજે, સૌથી મહત્ત્વપૂર્ણ વ્યૂહાત્મક સંપત્તિ ખનિજો, ટેકનોલોજીઓ કે બજારો નથી પરંતુ પરસ્પર વિશ્વાસ છે.

તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે, ટેકનોલોજી અને સપ્લાય ચેઈનનો ઉપયોગ શસ્ત્ર તરીકે નહીં, પણ વૈશ્વિક ભલા માટે થશે. વિકાસની તકો થોડા દેશો સુધી મર્યાદિત રહેશે નહીં. વૈશ્વિક સંસ્થાઓ બધા દેશોની આકાંક્ષાઓ પૂરી કરી શકશે.

વિશ્વ યુદ્ધને લઈને પીએમ મોદીએ કહ્યું કે, છેલ્લી સદીમાં માનવતાને બે વિશ્વયુદ્ધોનો સામનો કરવો પડ્યો. ઘણા બલિદાન પછી વિશ્વ સમુદાયે શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિ તરફ આગળ વધવા માટે સિસ્ટમો વિકસાવી. આ સિસ્ટમો પણ વિશ્વાસ પર આધારિત હતી, પરંતુ ઘણી પેઢીઓના યોગદાન દ્વારા દાયકાઓથી બનેલો વિશ્વાસ પ્રભાવિત થઈ રહ્યો છે. કોવિડે આપણને બતાવ્યું છે કે, વિશ્વાસ અને એકતાના દાવા કેટલા પોકળ હતા. આજની દુનિયા સંસાધનોની અછત સાથે નહીં, પરંતુ વિશ્વાસના અભાવ સાથે સંઘર્ષ કરી રહી છે અને આપણી ભાગીદારીનું ભવિષ્ય આ વિશ્વાસ પર નિર્ભર છે.

આ બેઠક દરમિયાન પીએમ મોદીએ હોર્મુઝ સ્ટ્રેટ અને તેની આસપાસ ભારતીય નાવિકોના મોત અંગે કડક વલણ અપનાવતા કહ્યું, અમે પશ્ચિમ એશિયામાં શાંતિ પ્રયાસોમાં થયેલી પ્રગતિનું સ્વાગત કરીએ છીએ. આ સંઘર્ષથી પશ્ચિમ એશિયામાં આપણા મિત્ર દેશો માટે જાનમાલનું નુકસાન થયું છે. હોર્મુઝ સ્ટ્રેટમાં દરિયાઈ વેપારમાં વિક્ષેપથી વૈશ્વિક અર્થતંત્રને નુકસાન થયું છે. ઘણા ભારતીય નાગરિકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. વૈશ્વિક દરિયાઈ વેપાર દ્વારા બધા દેશોને જોડતા નાવિકોની સુરક્ષા આપણી જવાબદારી છે. આપણે ખાતરી કરવી જોઈએ કે દરિયાઈ માર્ગો સુરક્ષિત રહે અને નાવિકો ભય વિના પોતાનું કાર્ય કરી શકે. તત્કાલીન યુએસ રાષ્ટ્રપ્રમુખ રોનાલ્ડ રીગન કહેતા હતા, વિશ્વાસ કરો પણ ચકાસો. આ વાત આજે પણ સુસંગત છે. નવા યુગમાં વિશ્વાસ બનાવવાની આપણી ભાવિ પેઢીઓ પ્રત્યે જવાબદારી છે.

### ટ્રાફિક નિયમ તોડનારાઓ થઈ જજો સાવધાન

## હવે ઈ-ચલણ બાકી વાહનને બ્લોક શ્રેણીમાં મૂકાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૭**

દેશભરમાં ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનાર વાહનચાલકો સામે કેન્દ્ર સરકારે કડક વલણ અપનાવ્યું છે. કેન્દ્રીય મોટર વાહન નિયમોમાં કરવામાં આવેલા નવા સુધારા મુજબ હવે ઈ-ચલણની રકમ સમયસર નહીં ભરનાર વાહન માલિકોને સીધી અસર ભોગવવી પડશે. સરકારનો આ નિર્ણય દેશભરમાં મોટી સંખ્યામાં પેન્ડિંગ રહેલા ટ્રાફિક ચલણને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે.

નવા નિયમો અનુસાર, ઈ-ચલણ મળ્યા બાદ વાહનચાલક અથવા વાહન માલિકને ૪૫ દિવસ સુધી વાંધો અથવા ફરિયાદ નોંધાવવાની તક આપવામાં આવશે. જો આ સમયગાળા દરમિયાન કોઈ રજૂઆત કરવામાં નહીં આવે તો ચલણ સ્વીકારવામાં આવ્યું હોવાનું માનવામાં આવશે. ત્યારબાદ પણ જો દંડની રકમ ભરવામાં નહીં આવે તો સંબંધિત વાહનને 'નોટ ટુ બી ટ્રાન્ઝેક્ટેડ' એટલે કે બ્લોક શ્રેણીમાં મૂકી દેવામાં આવશે.

વાહન બ્લોક શ્રેણીમાં મૂકાયા બાદ RTOમાં વાહન સંબંધિત કોઈપણ વહીવટી પ્રક્રિયા થઈ શકશે નહીં. સરકારી ટેક્સ ભરવાની સુવિધા સિવાય અન્ય તમામ સેવાઓ પર પ્રતિબંધ લાગી જશે. વાહનના ટ્રાન્સફર, પરમિટ, NOC અથવા અન્ય સેવાઓ પણ અટકી શકે છે.

કેન્દ્ર સરકારે વારંવાર ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનાર વાહનચાલકો માટે પણ કડક જોગવાઈ કરી છે. નવા નિયમ મુજબ જો કોઈ વાહનચાલકને એક વર્ષ દરમિયાન પાંચથી વધુ ઈ-ચલણ મળશે તો તેનું ડ્રાઈવિંગ લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવી શકે છે. આ પગલું ટ્રાફિક નિયમોના સતત ભંગને રોકવા માટે લેવામાં આવ્યું છે.

દેશભરમાં વધતી પેન્ડિંગ ચલણની સંખ્યા હોવાનું જણાવ્યું છે. વર્ષ ૨૦૨૫ના અભ્યાસ મુજબ દેશમાં જાહેર થયેલા આશરે ૬૪ ટકા ટ્રાફિક ચલણની રકમ હજુ સુધી વસૂલ થઈ શકી નથી. ગુજરાતમાં પણ ઈ-ચલણની સંખ્યા સતત વધી રહી છે. દરરોજ સરેરાશ ૨૫ હજાર જેટલા ઈ-ચલણ ઈશ્યૂ કરવામાં આવે છે.

આંકડાઓ મુજબ વર્ષ ૨૦૨૩માં ગુજરાતમાં આશરે ૧૬ લાખ ચલણથી ૧૫૩ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. ત્યારબાદ ૨૦૨૪માં ૪૩ લાખથી વધુ ચલણ સાથે ૧૯૫ કરોડ રૂપિયાનો દંડ થયો હતો. જ્યારે ૨૦૨૫માં ઈ-ચલણની સંખ્યા વધીને ૮૫.૭ લાખ સુધી પહોંચી ગઈ હતી અને ૨૩૧ કરોડ રૂપિયાથી વધુનો દંડ નોંધાયો હતો. અંદાજ મુજબ ગુજરાતમાં હજુ પણ ૧૪૦થી ૧૫૦ કરોડ રૂપિયા જેટલી ચલણની રકમ બાકી હોઈ શકે છે.

કેન્દ્ર સરકારના નવા નિયમો અમલમાં આવ્યા બાદ હવે ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનારા વાહનચાલકો માટે મુશ્કેલીઓ વધી શકે છે. સરકારનું માનવું છે કે કડક જોગવાઈઓના કારણે લોકોમાં ટ્રાફિક નિયમો પ્રત્યે વધુ જવાબદારીની ભાવના વિકસશે અને બાકી રહેલી ચલણની વસૂલાત પણ ઝડપી બનશે.

### સુપ્રીમ કોર્ટે કામ કરવાની પદ્ધતિ મુદ્દે બેન્કોને ઝાટકી

## સામાન્ય માનવી માટે લોન મુશ્કેલ, અમીરો માટે નિયમો નેવે!

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૭**

દેશની સર્વોચ્ચ અદાલતે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ) સહિત તમામ સરકારી બેન્કોની કામ કરવાની પદ્ધતિ સામે ભારે નારાજગી વ્યક્ત કરી છે. સુપ્રીમ કોર્ટે ખૂબ જ કડક શબ્દોમાં ટીકા કરતા જણાવ્યું છે કે, આ બેન્કો સામાન્ય નાગરિકોને પોતાની નાની-નાની જરૂરિયાતો માટે લોન આપવાના નામે ભારે હેરાન-પરેશાન કરે છે. સામાન્ય માણસે એક નાની લોન લેવા માટે પણ ધક્કા ખાવા પડે છે અને અનેક પ્રકારની કડક પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડે છે. બીજી તરફ, આ જ બેન્કો મોટા-મોટા અમીર ઉદ્યોગપતિઓ અને મોટી કંપનીઓ પર લહાણી કરી રહી છે. કોઈ પણ પ્રકારના યોગ્ય વિચાર-વિમર્શ કે પૂરતી તપાસ વગર તેમને કરોડો અને અબજો રૂપિયાની મોટી લોન સરળતાથી મંજૂર કરી દેવામાં આવે છે. ચિંતાની વાત એ છે કે, થોડા જ સમયમાં આ ઉદ્યોગપતિઓને આપેલી કરોડો રૂપિયાની લોન ડૂબી જાય છે જે આડકતરી રીતે દેશના અર્થતંત્રને મોટું નુકસાન પહોંચાડે છે.

આ કેસની સુનાવણી દરમિયાન જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહ અને જસ્ટિસ આર મહાદેવનની બેન્ચે ચિંતા વ્યક્ત કરતા સ્પષ્ટ કહ્યું કે, હાલમાં બેન્કિંગ સેક્ટરમાં આ એક અત્યંત ગંભીર અને ચિંતાજનક ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. અમીરોને વગર તપાસે કરોડો રૂપિયા આપી દેવા અને ગરીબ કે સામાન્ય વર્ગને નાની લોન માટે પણ વલખાં મરાવવા, તે બેન્કોની ભેદભાવભરી નીતિ દર્શાવે છે. હવે બેન્કોએ પોતાની લોન આપવાની અને તેની વસૂલાત (રિકવરી) કરવાની પ્રક્રિયાને વધુ સરળ, નિષ્પક્ષ અને માનવીય બનાવવાની ખાસ જરૂર છે. એક તરફ દેશના સામાન્ય નાગરિકને પોતાની નાની-નાની વ્યક્તિગત જરૂરિયાતો માટે બેન્કમાંથી લોન લેવી હોય, તો લોઢાના ચણા ચાવવા પડે છે. અનેક ધક્કા અને કડક તપાસ બાદ પણ સામાન્ય માણસને લોન મળવી મુશ્કેલ બને છે. જ્યારે બીજી તરફ, મોટા માથાઓ કે કંપનીઓને કોઈ પણ પ્રકારની ઊંડી તપાસ વગર કરોડો રૂપિયાની લોન આસાનીથી પાસ કરી દેવામાં આવે છે. બેન્કોની આ ભેદભાવભરી નીતિ સામે સુપ્રીમ કોર્ટે ભારે નારાજગી વ્યક્ત કરી છે. આ વિવાદ હરિયાણાની એક કંપની સાથે જોડાયેલો છે. આ કંપનીએ વર્ષ ૨૦૧૯માં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા પાસેથી ૮.૦૯ કરોડ રૂપિયાની મોટી લોન લીધી હતી. આશ્ચર્યની વાત એ છે કે, લોન જેવી પાસ થઈ કે તુરંત જ કંપનીએ તેનો એક પણ હપ્તો ચૂકવ્યો ન હતો. પરિણામે, ટૂંક સમયમાં જ બેન્ક દ્વારા આ લોનની રકમને એનપીએ જાહેર કરવી પડી હતી. આટલા વર્ષો સુધી હાથ અધ્ધર રાખ્યા બાદ, હવે આશરે ૬ વર્ષ પછી કંપની કોર્ટના શરણે પહોંચી છે. કંપનીએ કોર્ટમાં એવી દલીલ કરી કે તે વ્યાજ વગર માત્ર મૂળ રકમ જ ચૂકવવા તૈયાર છે. જોકે, સુપ્રીમ કોર્ટે કંપનીની આ ચાલાકી ભરેલી માંગને સખત શબ્દોમાં ફગાવી દીધી છે અને કંપનીની આવી શરતો માનવાનો સાફ ઈનકાર કરી દીધો છે.

## દિગ્ગજ ભાજપ નેતા અને પૂર્વ CM ઉમા ભારતીની તબિયત લથડી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ભોપાલ, તા.૧૭**

ભાજપના વરિષ્ઠ નેતા અને મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી ઉમા ભારતીની અચાનક તબિયત ખરાબ થવાના સમાચાર સામે આવ્યા છે. હરિદ્વારથી દિલ્હી જતી વખતે રસ્તામાં જ તેમની તબિયત લથડી હતી. આ ઘટના ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગર જિલ્લામાં બની હતી, જ્યાં તબિયત બગડવાને કારણે તેમના કાફલાને રસ્તામાં જ અટકાવવો પડ્યો હતો.

અધિકારીઓએ બુધવારે આ અંગેની માહિતી આપતા જણાવ્યું હતું કે, મધ્ય પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી ઉમા ભારતી હરિદ્વારથી રોડ માર્ગે દિલ્હી જવા માટે નીકળ્યા હતા. આ પ્રવાસ દરમિયાન ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગર જિલ્લામાં અચાનક તેમની તબિયત બગડી ગઈ હતી. તબિયત લથડતાની સાથે જ પ્રોટોકોલ મુજબ તાત્કાલિક સ્થાનિક આરોગ્ય વિભાગને જાણ કરવામાં આવી હતી. મુઝફ્ફરનગરના મુખ્ય તબીબી અધિકારી (CMO) ડૉ.સુનિલ તેવતિયાએ જણાવ્યું કે, ૬૭ વર્ષીય ઉમા ભારતીએ સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓની ફરિયાદ કરી હતી, જેના કારણે તેમના કાફલાને સિંઘાવલી ગામ પાસે આવેલા એક પેટ્રોલ પંપ પર તાત્કાલિક રોકી દેવામાં આવ્યો હતો. ઘટનાની ગંભીરતાને જોતા મંગળવારે સાંજે જ મેડિકલ ટીમે ઘટનાસ્થળે પહોંચીને તેમને પ્રાથમિક સારવાર અને તબીબી સહાય પૂરી પાડી હતી. CMO ડૉ.સુનિલ તેવતિયાના જણાવ્યા અનુસાર, મેડિકલ ટીમે ઘટનાસ્થળે પહોંચીને જ્યારે ઉમા ભારતીના સ્વાસ્થ્યની તપાસ કરી, ત્યારે તેમનું બ્લડ પ્રેશર ઘણું વધેલું જોવા મળ્યું હતું અને તેમના પગમાં સોજાની તકલીફ પણ હતી.

મેડિકલ ટીમ દ્વારા જરૂરી દવાઓ અને પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેમની સ્થિતિમાં સુધારો થયો હતો અને ત્યારપછી તેઓ દિલ્હી જવા માટે રવાના થયા હતા.

# અમેરિકાએ ફરી ભારતનું ટેન્શન વધાર્યું : રશિયા પાસેથી ઓઈલ ખરીદવા પર પ્રતિબંધ મૂકશે ટ્રમ્પ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૧૭**

ફ્રાન્સના એવિયન-લેસ-બૅન્સમાં ચાલી રહેલા G7 શિખર સંમેલનમાંથી ભારત માટે એક મોટા અને ચિંતાજનક સમાચાર સામે આવી રહ્યા છે. છેલ્લા કેટલાક મહિનાઓથી ખાડી દેશોમાં ઈરાન યુદ્ધના કારણે યુક્રેનનો મુદ્દો વૈશ્વિક મંચ પર થોડો પાછળ ધકેલાઈ ગયો હતો, પરંતુ હવે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને અન્ય G7 નેતાઓએ રશિયા-યુક્રેન યુદ્ધને ફરીથી પોતાના એજન્ડામાં ટોચ પર રાખ્યું છે.

અમેરિકાએ સ્પષ્ટ સંકેત આપ્યા છે કે ગ્લોબલ ઓઈલ માર્કેટને સ્થિર રાખવા માટે રશિયન ઓઈલ પર આપવામાં આવેલી છૂટછાટ ટૂંક સમયમાં જ સમાપ્ત થઈ શકે છે, જેના કારણે ભારતની ઊર્જા સુરક્ષા અને સસ્તા ક્રૂડ ઓઈલની આયાત પર સીધી અસર પડશે.જ્યારે વૈશ્વિક ઓઈલ સપ્લાય ખતરામાં હતી, ત્યારે અમેરિકા અને દુનિયામાં મોંઘવારી ન વધે તે માટે રશિયાને ઓઈલ વેચવાની છૂટ આપવામાં આવી હતી. હવે જ્યારે ઈરાન સાથેનો તણાવ ઓછો થઈ રહ્યો છે, ત્યારે તેઓ રશિયા પર ફરીથી કડક આર્થિક દબાણ લાવવા માટે તૈયાર છે. ટ્રમ્પે એવિયનમાં પત્રકારોને જણાવ્યું હતું કે ખાડીમાં આશરે 3.5 મહિનાથી ચાલી રહેલા સંઘર્ષને સમાપ્ત કરવાના કરાર બાદ હવે ઈરાનનો મુદ્દો પાછળ રહી જશે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી ઓઈલની અવરજવર ફરીથી સુચારૂ થતાં જ પ્રતિબંધો ફરી લાગુ કરવાનો સમય આવી ગયો છે. આ સાથે જ G7 દેશો વચ્ચે રશિયાની ઊર્જા કમાણી રોકવા માટે દબાણ વધારવા પર સહમતિ બની છે. બ્રિટનના પીએમ કીર સ્ટાર્મર અને કેનેડાના પીએમ માર્ક કાર્નીએ રશિયાના 'શેડો ફ્લીટ' (ગુપ્ત ઓઈલ ટેન્કરો) પર નવા પ્રતિબંધોની જાહેરાત પણ કરી દીધી છે. ભારત દુનિયાના સૌથી મોટા ઓઈલ આયાતકારોમાંનું એક છે અને પશ્ચિમી દેશોના પ્રતિબંધો છતાં છેલ્લા કેટલાક મહિનાઓથી રાહત દરે રશિયન ઓઈલનો મુખ્ય ખરીદદાર રહ્યો છે.

28 ફેબ્રુઆરી, 2026ના રોજ ઈરાન યુદ્ધ શરૂ થયા બાદ ક્રૂડ ઓઈલની કિંમતોમાં આવેલા ભારે ઉછાળાને જોતા, અમેરિકાએ વૈશ્વિક ઓઈલ માર્કેટને સ્થિર કરવા માટે ભારત સહિત કેટલાક દેશોને રશિયન ઓઈલની ખરીદી પર અસ્થાયી છૂટ આપી હતી. આ 1 મહિનાની છૂટછાટને બે વાર લંબાવવામાં આવી છે અને આજે આ ડેડલાઈન સમાપ્ત થઈ રહી છે. જો અમેરિકા તેને આગળ નહીં વધારે, તો ભારતીય રિફાઈનરીઓ માટે રશિયાથી સસ્તું ઓઈલ મંગાવવું અને તેની ચૂકવણી કરવી એ ભારે કૂટનીતિક અને નાણાકીય જોખમનું કામ બની જશે. G7 સંમેલનમાં આમંત્રિત પીએમ મોદીએ પણ પશ્ચિમ એશિયાના સંઘર્ષ દરમિયાન હોર્મુઝના રસ્તે થતા વેપારમાં આવેલા અવરોધો અને વૈશ્વિક અર્થતંત્ર પર તેની અસરનો મુદ્દો પ્રમુખતાથી ઉઠાવ્યો છે. યુક્રેન પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કી પણ G7 બેઠકમાં હાજર રહ્યા હતા. તેમણે સ્પષ્ટ કર્યું કે રશિયા શાંતિ માટે ગંભીર નથી અને તેને વાતચીત માટે મજબૂર કરવાનો એકમાત્ર રસ્તો કડક આર્થિક પ્રતિબંધો છે. ઝેલેન્સ્કીએ રશિયન બેલિસ્ટિક મિસાઈલ હુમલાઓથી યુક્રેનના પાવર ગ્રીડ અને શહેરોને બચાવવા માટે G7 નેતાઓ પાસે વધુ પેટ્રિઅટ મિસાઈલોની માંગ કરી છે, જેને સહયોગી દેશોએ સમર્થન આપ્યું છે. એક તરફ ભારતને પોતાની વધતી અર્થવ્યવસ્થાની ઊર્જા જરૂરિયાતો પુરી કરવા માટે સસ્તા ઓઈલની જરૂર છે, તો બીજી તરફ અમેરિકાના કડક વલણ વચ્ચે સંતુલન સાધવું હવે ભારત માટે મોટો પડકાર રહેશે.

# સીડી પર ટ્રમ્પ લડખડાયા, PM મોદીએ લંબાવ્યો હાથ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ફ્રાન્સ, તા.૧૭**

ફ્રાન્સમાં ચાલી રહેલી G-7 સમિટમાં PM નરેન્દ્ર મોદી અને ટ્રમ્પની મુલાકાત ચર્ચામાં છે. ઓમાનમાં અમેરિકી હુમલામાં ૩ ભારતીયોની મોત બાદ બંને દેશો વચ્ચે ભારે તણાવ ચાલી રહ્યો છે, જેની અસર બંને નેતાઓની મુલાકાતમાં પણ સ્પષ્ટ જોવા મળી હતી. PM મોદીએ G-7ના મંચ પર ટ્રમ્પની બાજુમાં બેસીને અમેરિકા પર 'ભરોસાની કમી' અંગે ટિપ્પણી કરી હતી. આ કડક વલણ પછી એક સમય એવો આવ્યો કે વડાપ્રધાન મોદીએ ટ્રમ્પને માનવતા બતાવી હતી. ટ્રમ્પ સીડી ચડતી વખતે થોડી મુશ્કેલી અનુભવી રહ્યા હતા, ત્યારે વડાપ્રધાન મોદીએ તેમને હાથ લંબાવી સહારો આપ્યો હતો, જેનો વીડિયો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે.

આ ઘટના G-7 સમિટના બીજા ફેમિલી ફોટો સેશન અને વર્લ્ડ લીડર્સના ઈન્ફોર્મલ ઈવેન્ટ દરમિયાન બની હતી. આંતરરાષ્ટ્રીય મીડિયા કેમેરા સામે દુનિયાભરના રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન સીડી ચડીને ફોટો માટે પોતાની જગ્યા પર જઈ રહ્યા હતા. એ સમયે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સીડીના એક નાના સ્ટેપ પર ચડતી વખતે થોડી અસહજતા અનુભવી રહ્યા હતા. સીડી ચડતી વખતે ટ્રમ્પનું પગ થોડું ડીસબેલેન્સ થયું, એ સમયે તેમના આગળ PM મોદી ઊભા હતા. PM મોદીએ તરત જ હાથ લંબાવ્યો અને ટ્રમ્પ એ હાથ પકડીને સીડી ચડી શક્યા.

વડાપ્રધાન મોદીએ મદદ તો કરી, પણ ટ્રમ્પ હજુ પણ મુંઝવણમાં લાગતા હતા. તેઓ પોઝ આપી રહ્યા હતા, પણ એવું લાગતું હતું કે તેઓ કોઈ બીજી દુનિયામાં છે. એક સમયે ટ્રમ્પે સીધા ઊભા રહીને બ્રિજિટને ધક્કો પણ મારી દીધો, જોકે એ જાણી જોઈને નહોતું. આખરે, બધા નેતાઓએ કેમેરા સામે પોઝ આપ્યા અને આ તસવીરમાં PM મોદી અને ટ્રમ્પ એકબીજાની બાજુમાં ઊભા જોવા મળ્યા હતા.

હવે આખી દુનિયાની નજર આજની તારીખ ૧૭ જૂન, ૨૦૨૬ના રોજ થનારી ભારત અને અમેરિકાની અધિકારીક દ્વિપક્ષીય બેઠક પર છે. PM નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે થનારી આ મહા-મુલાકાતમાં પશ્ચિમ એશિયાનો સંકટ સૌથી ઉપર રહેશે. આ હાઈ-પ્રોફાઈલ મુલાકાતમાં બંને દેશો વચ્ચે વેપાર સંમતિ પર અંતિમ મોહર લાગી શકે છે, કારણ કે તેનો ડ્રાફ્ટ લગભગ તૈયાર થઈ ગયો છે.

પાછલા એક વર્ષમાં અમેરિકાથી ભારતના એનર્જી આયાતમાં ૬૦%નો વધારો થયો છે, જેને ધ્યાનમાં રાખીને એનર્જી સિક્યુરિટી પર પણ મોટી ચર્ચા થશે. રશિયા પર લાગેલા પ્રતિબંધો વચ્ચે ભારતે સ્પષ્ટ કરી દીધું છે કે તે માત્ર ગેર-પ્રતિબંધિત કંપનીઓથી જ તેલ ખરીદી રહ્યું છે, પણ ભારત માટે સૌથી મોટી ચિંતા 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'ના સમુદ્રી માર્ગની સુરક્ષા છે, જ્યાં ફ્રાન્સ અને બ્રિટન જેવા દેશોએ નૌસેનાની સુરક્ષા મિશનનો પ્રસ્તાવ આપ્યો છે. ભારતનું માનવું છે કે આવા મિશન જરૂરી છે, પણ હાલના તણાવ વચ્ચે તેમાં જોડાવાનું યોગ્ય સમય નથી, આ બધું સ્થાયી શાંતિ પછી જ શક્ય બનશે.

આ ઉપરાંત, ભારતે 'H-1B વિઝા'ની નીતિમાં થયેલા તાજેતરના ફેરફારોના કારણે લાયક ભારતીયો પર પડેલા ખરાબ અસર અંગે અમેરિકાને પોતાની ચિંતાઓ ખુલ્લેઆમ જણાવી છે. વિઝા કોઈ પણ દેશનું આંતરિક મામલો હોય છે, છતાં ભારત આ મુદ્દે અમેરિકાની સાથે મહત્વપૂર્ણ અને મજબૂત ચર્ચા ચાલુ રાખશે.

## ભારત સામે મોટું સંકટ

# ચીનની ફરી ચાલબાજી, દુનિયાનો સૌથી મોટો ડેમ તૈયાર કરવાનું શરૂ કર્યું



(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૧૭**

ચીન પોતાની નાપાક ચાલબાજીઓથી અટકવાનું નામ નથી લઈ રહ્યું. તેણે સત્તાવાર રીતે તિબેટમાં યારલુંગ ત્સાંગપો નદીના નીચલા પ્રવાહ પર વિશ્વના સૌથી મોટા ડેમનું નિર્માણ કાર્ય શરૂ કરી દીધું છે. સૌથી વધુ ચિંતાજનક બાબત એ છે કે આ નિર્માણ સ્થળ ભારતીય સરહદથી માત્ર ૫૦ કિલોમીટરની દૂરી પર આવેલું છે. આ વિશાળ પ્રોજેક્ટના કારણે બ્રહ્મપુત્રા નદીના નીચલા પ્રવાહવાળા વિસ્તારો, ખાસ કરીને અરૂણાચલ પ્રદેશ અને આસમના માથે ગંભીર સંકટના વાદળો મંડરાઈ રહ્યા છે.

એક મીડિયા રિપોર્ટ અનુસાર, ગુપ્તચર સૂત્રો અને સેટેલાઈટ તસવીરોથી ખુલાસો થયો છે કે ભારતની સતત આપત્તિઓ છતાં ચીન આ પરિયોજનાને ખૂબ જ ઝડપથી આગળ ધપાવી રહ્યું છે. યારલુંગ ત્સાંગપો નદી તિબેટમાંથી વહીને ભારતમાં 'સિયાંગ' નામે પ્રવેશે છે અને આગળ જતાં તે અસમમાં વિશાળ બ્રહ્મપુત્રા નદી બને છે. ભારતીય અધિકારીઓએ આ મેગા-ડેમને લઈને ગંભીર ચેતવણી જાહેર કરી છે. આશંકા સેવાઈ રહી છે કે આ બંધના કારણે નદીના પાણીનો કુદરતી પ્રવાહ સંપૂર્ણપણે પ્રભાવિત થઈ શકે છે, જેનાથી સ્થાનિક પર્યાવરણને ભારે નુકસાન પહોંચશે. એટલું જ નહીં, નીચલા વિસ્તારોમાં ખેતીવાડી વ્યવસ્થા સંપૂર્ણપણે પડી ભાંગશે અને અરૂણાચલ પ્રદેશ તથા આસમમાં પૂરની અણધારી તેમજ જોખમી સ્થિતિ સર્જાઈ શકે છે. જોકે, ચીન એવો દાવો કરી રહ્યું છે કે આ પ્રોજેક્ટનો હેતુ માત્ર મોટા પાયે જળવિદ્યુત પેદા કરવાનો છે, પરંતુ ભારત જેવા નીચલા પ્રવાહ ધરાવતા દેશો માટે તેના પરિણામો અત્યંત સંવેદનશીલ અને અસ્થિર કરનારા સાબિત થઈ શકે છે. આ સંવેદનશીલ સ્થિતિ પર ભારત સરકાર સતત ચાંપતી નજર રાખી રહી છે. લોકસભામાં આપવામાં આવેલા એક લેખિત જવાબમાં સરકારે સ્પષ્ટ કર્યું છે કે તે બ્રહ્મપુત્ર નદી બેસિન સાથે જોડાયેલી દરેક પ્રવૃત્તિ અને ચીનની જળવિદ્યુત યોજનાઓનું બારીકાઈથી નિરીક્ષણ કરી રહી છે. નીચલા વિસ્તારોમાં રહેતા ભારતીય નાગરિકોના જીવ, સંપત્તિ અને આજીવિકાની રક્ષા કરવા માટે સરકાર તમામ જરૂરી અને યોગ્ય પગલાં ઉઠાવી રહી છે.ચીનના આ સંભવિત ખતરાનો સામનો કરવા માટે ભારત સરકાર બે સ્તરે કામ કરી રહી છે. પ્રથમ સ્તરે, ભારતે ચીની સત્તાધીશો સમક્ષ પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી દીધી છે અને ચીનને સરહદ પારની નદી પરિયોજનાઓ અંગે સંપૂર્ણ પારદર્શિતા રાખવા, રીઅલ-ટાઈમ ડેટા શેર કરવા તેમજ કોઈ પણ નવું બાંધકામ કરતા પહેલા પૂર્વ પરામર્શ કરવા માટે દ્રઢતાપૂર્વક જણાવ્યું છે. બીજા સ્તરે, ચીનના કોઈ પણ આકસ્મિક પગલાનો સામનો કરવા માટે સરકાર પૂર્વોત્તર રાજ્યોમાં પોતાની સ્થિતિ મજબૂત કરી રહી છે. આ વ્યુહરચના અંતર્ગત પૂરની આગાહી કરતી સિસ્ટમ, નદી મોનિટરિંગ નેટવર્ક અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ઝડપથી અપગ્રેડ કરવામાં આવી રહ્યું છે, જેથી કોઈ પણ ઈમરજન્સીની સ્થિતિમાં તાત્કાલિક એક્શન લઈ શકાય.




## ફેમસ ગાયક બીમારીનો શિકાર

# સોનુ નિગમના વાયરલ વીડિયોએ ફેન્સની વધારી ચિંતા





(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

બોલિવૂડ સિંગર સોનુ નિગમ નર્વ્સની ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યા છે. અસહ્ય પીડા અને ગળા પર અસર થઈ હોવા છતાં, તેઓ લાઈવ કોન્સર્ટમાં પર્ફોર્મ કરવા મક્કમ છે.

બોલીવુડના ફેમસ સિંગર સોનુ નિગમના વીડિયોએ ફેન્સની ચિંતામાં વધારો કર્યો છે. આ વીડિયોમાં સોનુ નિગમે બીમારીને લઈને ચોંકાવનારો ખુલાસો કર્યો. ગાયકે ચાહકો સાથે પોતાના સ્વાસ્થ્ય અપડેટ શેર કરતાં કહ્યું કે, હું છેલ્લા એક અઠવાડિયાથી ખૂબ દર્દમાં છું. છેલ્લા કેટલાક સમયથી નર્વસ બીમારી સામે લડી રહ્યો છું અને તબીબી સારવાર લઈ રહ્યો છું.

જો કે આ સાથે સિંગરે ચાહકોને પ્રોમિસ આપ્યું કે તેઓ આ પીડા વચ્ચે પણ મુંબઈમાં સ્ટેજ શો કરશે. એક બાજુ જ્યાં કલાકારો પોતાની બીમારી છુપાવતા હોય છે ત્યાં સોનુ નિગમે ચાહકોની બીમારીનું અપડેટ શેર કરી. સોનુ નિગમના સ્વાસ્થ્યને લઈને આ હકીકત જણાવતા ફેન્સ તેની પ્રશંસા કરી રહ્યા છે.

વાયરલ વીડિયોમાં ફેમસ સિંગરે જણાવ્યું કે, અસહ્ય દુખાવો હોવા છતાં તેઓ પોતાની વ્યાવસાયિક પ્રતિબદ્ધતાઓને ભૂલ્યા નથી અને ચાહકો માટે પર્ફોર્મ કરવા મક્કમ છે. સોનુ નિગમે તાજેતરમાં મુંબઈમાં યોજાનારા એક લાઈવ પર્ફોર્મન્સ પહેલાં પોતાની હેલ્થ અપડેટ શેર કરી હતી. સોનુ નિગમે જણાવ્યું કે, તેમને નર્વ્સમાં (નસોમાં) ભારે ખેંચાણ આવી ગયું છે. આ સ્થિતિનું ચોક્કસ નિદાન કરવા માટે છેલ્લા એક અઠવાડિયાથી તેમના અનેક મેડિકલ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે.

પોતાની ગંભીર સ્થિતિ વિશે વાત કરતાં સોનુ નિગમે કહ્યું, "મને નર્વ્સમાં અસહ્ય દુખાવો થઈ રહ્યો છે. હું એક અઠવાડિયાથી સતત MRI અને CT સ્કેન કરાવી રહ્યો છું અને હાલ ઘણી બધી દવાઓ પર છું." સારવારના અનુભવ વિશે જણાવતા તેમણે ઉમેર્યું કે, તેમના ફિઝીયોથેરાપી સેશન્સ ખૂબ જ પીડાદાયક હતા, અને હાલ તેઓ આ પીડાને નિયંત્રિત કરવા માટે ભારે પેઈનકિલર્સનો સહારો લઈ રહ્યા છે.

દવાઓની આડઅસર વિશે વાત કરતા ગાયકે જણાવ્યું કે, સ્નાયુઓને આરામ આપવા માટે તેમને જે હાઈ ડોઝ દવાઓ આપવામાં આવી છે, તેના કારણે તેમના ગળા પર અસર થઈ છે. લાઈવ શો પહેલાં અવાજમાં કર્કશતા અને ગળામાં દુખાવો થવો એ કોઈ પણ ગાયક માટે ચિંતાનો વિષય છે. પરંતુ, સોનુ નિગમે સ્પષ્ટ કર્યું છે કે ગમે તેટલી તકલીફ હોય, તેઓ આગામી કોન્સર્ટ રદ કરવાના મૂડમાં બિલકુલ નથી. તેઓ લાંબા સમય પછી સ્ટેજ પર આવી રહ્યા છે, તેથી ગમે તે થાય તેઓ પરફોર્મન્સ આપીને જ જંપશે. સોનુ નિગમનો આ વીડિયો સામે આવ્યા પછી સોશિયલ મીડિયા પર તેમના ચાહકો સતત કમેન્ટ્સ કરી રહ્યા છે. ફેન્સ તેમના વ્યાવસાયિક જુસ્સાને બિરદાવી રહ્યા છે અને તેઓ ઝડપથી સાજા થઈ જાય તેવી પ્રાર્થના કરી રહ્યા છે. બોલીવુડનો આ ગાયક હંમેશા તેના ફેન્સ સાથે કનેકટ રહે છે. સોનુ નિગમનો મેલોડીભર્યો અવાજ સાંભળવા ફેન્સના પ્લેલિસ્ટમાં તેના ગીતો મોખરે હોય છે.

# અરબાઝ ખાનની કારમાં અજાણ્યો શખ્સ પરાણે બેસી ગયો



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

સલમાન ખાનના ભાઈ અને અભિનેતા અરબાઝ ખાન સાથે એક આંચકાજનક ઘટના બની હતી. કોલકતા ખાતે એક કાર્યક્રમ પછી અરબાઝ સ્થળમાંથી બહાર નીકળી રહ્યો હતો ત્યારે એક અજાણ્યો શખ્સ અચાનક તેની કારમાં બળજબરીપૂર્વક બેસી ગયો.

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં જણાય છે કે, અરબાઝ ચુસ્ત સુરક્ષા વચ્ચે પોતાની કાર તરફ જઈ રહ્યો હતો ત્યારે એક અજાણ્યો વ્યક્તિ કારની અંદર બેઠેલો જણાયો હતો. સુરક્ષા કર્મીઓએ તાત્કાલિક કાર્યવાહી કરીને આ વ્યક્તિને કારની બહાર ઘસડીને કાઢ્યો અને પરિસ્થિતિ વણસે તે પહેલા તેને નિયંત્રણમાં લઈ લીધો. અચાનક મચેલી અફરાતફરીથી અરબાઝ સ્પષ્ટ રીતે હતપ્રભ થઈ ગયો હતો.

અરબાઝ ખાનના ભાઈ સલમાન ખાનને વારંવાર બિશ્નોઈ ગેન્ગની ધમકી મળતી હોવાથી આ ઘટનાએ વ્યાપક ચિંતા ફેલાવી છે. આ સંદર્ભમાં આ ઘટનાને માત્ર સુરક્ષા ચૂક તરીકે જોવાની બદલે સખત જાહેર પ્રસંગોએ સેલિબ્રિટીઓની સલામતીના પગલાને સખત બનાવવાની જરૂર વિશે ચર્ચા થઈ રહી છે.

# ભણસાલીની ફિલ્મ 'લવ એન્ડ વોર' પૂર્ણ થવાને આરે




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

સંજય લીલા ભણસાલીની રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિકી કૌશલ અભિનિત અતિ અપેક્ષિત પીરિયડ ફિલ્મ 'લવ એન્ડ વોર' નિર્માણના અંતિમ તબક્કામાં દાખલ થઈ છે. ત્રણેય મુખ્ય કલાકારો ૧૮ જૂને ફિલ્મના સૌથી ભવ્ય સીક્વન્સ, રોયલ પામ્સ ખાતે ભવ્ય ગીતના સેટ પર એકત્ર થશે.

મૂળ આઠમી જૂને નિર્ધારીત શૂટમાં કોરીયોગ્રાફી, કોસ્ચ્યુમ અને વિસ્તૃત પ્રોડક્શન ડીઝાઈનને સમાવિષ્ટ કરતી વ્યાપક તૈયારીને કારણે વિલંબ થયો છે. વિશાળ સ્તરે ડીઝાઈન થયેલા આ ગીતના દ્રશ્યમાં ભણસાલીની શૈલી મુજબની ભવ્યતા હશે તેવો દાવો કરાયો છે. પ્રોજેક્ટ ફરતે ગોપનીયતા જાળવી રાખવા સર્જકોએ ગુપ્તતા જાળવવાના સખત પગલા લીધા છે. જેમાં સેટ પરથી માહિતી બહાર જતી રોકવા પાંચસોથી વધુ કરારો પર સહી કરવામાં આવી છે. શૂટિંગમાં વિલંબના કારણે ફિલ્મની રીલિઝ વારંવાર ઠેલાતી રહી છે. હવે લેટેસ્ટ જાહેરાત મુજબ ફિલ્મ ૨૦૨૭ની શરૂઆતમાં રીલિઝ કરાશે.

## અભિનેત્રી ફરી બનશે માતા

# 'દેવો કે દેવ ફેમ' ટીવી અભિનેત્રીએ જ્યોતિષને ખોટા પાડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

દેવો કે દેવ મહાદેવ ટીવી સિરિયલમાં જોવા મળેલી એક્ટ્રેસ પૂજા બેનર્જી ૩૯ વર્ષની વયે બીજી વખત નવા મહેમાનના સમાચાર આપવાની છે. વર્ષ ૨૦૨૦માં તેણે એક્ટર કૃણાલ વર્મા સાથે લગ્ન કરી લીધા હતા. હવે તો પોતાના બીજા બેબીને જન્મ આપવા માટે જઈ રહી છે. પૂજા માટે એક સમય એવો હતો કે, જ્યોતિષીએ કહી દીધું હતું કે, તે ક્યારેય મા બની શકશે નહીં. આવી પરિસ્થિતિ વચ્ચે તેણે પોતાની જાતને સ્થિર રાખી અને સ્વસ્થ રાખી છે.

એક ખાસ મુલાકાતમાં પૂજાએ કહ્યું હતું કે, જ્યારે પહેલીવાર માતા બની એ સમયે મને માન્યમાં આવતું ન હતું કે, ખરેખર હું માતા બનવાની છું. સારા દિવસો ખરેખર સારા નહીં જાય એવું લાગી રહ્યું હતું. એક જ્યોતિષીએ મને કહ્યું હતું કે, હું માતા કદી નહીં બની શકું. જો થશે તો પણ ખૂબ જ મુશ્કેલી ઊભી થશે. આ વાત સાંભળીને મને અનેક પ્રકારના વિચાર આવતા હતા. જ્યારથી સમજણી થઈ ત્યારથી મારી પણ ઈચ્છા હતી કે, લગ્ન કરવા અને પછી બાળકોને જન્મ આપવો, પણ જ્યોતિષીની વાત સાંભળીને અનેક પ્રકારની ચિંતા થઈ ચૂકી હતી. પહેલીવાર જ્યારે એમના મોઢેથી એ વાત સાંભળી ત્યારે અંદરથી ખૂબ જ દુ:ખ થયું હતું. માતા બનવાનું સુખ મળ્યું પણ અંદરથી એવો ડર હતો કે, આ જર્ની પૂરી નહીં થાય. પછી મારે ત્યાં એક દીકરાનો જન્મ થયો હતો. મને એ સમયે બિલકુલ વિશ્વાસ ન હતો પણ નસીબને કંઈક ઔર મંજૂર હતું.

ટીવી એક્ટ્રેસ તરીકે સ્ક્રિન પર આવેલી આ એક્ટ્રેસે પછી ઝલક દિખલાજા શૉ કર્યો હતો. કૉલેજ કાળથી તેને એક્ટિંગનો શોખ હતો. એક્ટ્રેસ શૉ કરતા સોશિયલ મીડિયા પર પોતાના બોલ્ડ લૂકને કારણે ચર્ચામાં હતી. ગોવામાં લગ્ન કર્યા એ સમયે પણ તે ખૂબ ચર્ચામાં હતી. લગ્ન પહેલા જ તે ગર્ભવતી થઈ ગઈ હતી અને પોતાના પુત્ર ક્રિશિવને જન્મ આપ્યો હતો. કોર્ટ મેરેજના છ જ મહિનામાં તે ગર્ભવતી બની હતી. પૂજા અને કૃણાલની પહેલી મુલાકાત ટીવી સિરિયલના સેટ પર થઈ હતી. શૉ લીડ કરી રહી હતી અને કૃણાલ સ્ક્રિનિંગ માટે આવ્યો હતો. ૧૫ વર્ષની હતી એ સમયે તે પોતાનું ઘર છોડીને ભાગી ગઈ હતી. કારણ કે એ સમયે એને પહેલો પ્રેમ થયો હતો. આ ઘર છોડ્યા બાદ તે પોતાના ઘરે પાછી ફરી ન હતી. મુંબઈમાં રહીને સ્ટ્રગલ કરી અને ટીવી સ્ક્રિન સુધી પહોંચી હતી.

# આલિયાની 'કલ્કી ૨૮૯૮'માં એન્ટ્રીની અફવા યથાવત

**૨૦૨૫માં સીક્વલમાંથી દીપિકા પાદુકોણેની છુટ્ટી કરાઈ હોવાની પુષ્ટી પછી અનિશ્ચિતતા પ્રવર્તતી રહી છે**





(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

'કલ્કી ૨૮૯૮ એડી'ની સીક્વલમાં આલિયા ભટ્ટે ફિલ્મની કાસ્ટ સાથે જોડાઈને હૈદરાબાદમાં કેટલાક દ્રશ્યોનું શૂટિંગ કર્યાનો દાવો સોશિયલ મીડિયામાં કરાયા પછી ફિલ્મમાં તેના કાસ્ટિંગની અફવા વધુ તીવ્ર બની હતી. કેટલીક અફવાઓમાં એવું જણાવાયું હતું કે તે સુમથી તરીકે દીપિકાનું સ્થાન લેશે જ્યારે અન્ય અફવાઓ અનુસાર આલિયા માટે નવું જ પાત્ર રચાયું છે. ખાસ કરીને સાઈ પલ્લવી સાથે આલિયાને પડદા પર સાથે જોવાની બાબતે ચાહકોએ ઓનલાઈન ઉત્સુક્ત વ્યક્ત કરી હતી.

જો કે પ્રોજેક્ટના પ્રવક્તાએ ફિલ્મમાં આલિયાએ શૂટિંગ શરૂ કર્યું હોવાના અહેવાલ નકારી દીધા હતા અને જણાવ્યું કે આલિયાના કાસ્ટિંગ વિશે કોઈ સત્તાવાર સ્પષ્ટતા નથી થઈ. તેમણે આ અફવાઓ માટે સોશિયલ મીડિયાને જવાબદાર ઠેરવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ૨૦૨૫માં સીક્વલમાંથી દીપિકા પાદુકોણની છુટ્ટી કરાઈ હોવાની પુષ્ટી પછી અનિશ્ચિતતા પ્રવર્તતી રહી છે. અગાઉના અહેવાલો અનુસાર દીપિકાની જગ્યાએ સાઈ પલ્લવીનું નામ નક્કી કરાયું હતું. જો કે, એ દાવાની પણ પુષ્ટી નહોતી થઈ. દરમ્યાન અમિતાભ બચ્ચન અને કમાલ હસન શૂટમાં જોડાઈ ચૂક્યા છે જ્યારે પ્રભાસ હજી સુધી આ ફિલ્મના શૂટમાં સામેલ થયો નથી.





# રાજ્યપાલ આચાર્ય દેવવ્રત તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ બે દિવસીય નવસારી જિલ્લાની મુલાકાતે



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
નવસારી, તા.૧૭

ગુજરાતમાં પ્રાકૃતિક ખેતી અંગે જનજાગૃતિ ફેલાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી તથા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તા.૧૮ અને ૧૯ જૂન દરમિયાન બે દિવસીય નવસારી જિલ્લાની મુલાકાતે પધારી રહ્યા છે. તેમના આગમનને લઈ ખેડૂતો સહિત જિલ્લાના નાગરિકોમાં ઉત્સાહ અને આનંદની લાગણી જોવા મળી રહી છે.

સંભવિત કાર્યક્રમ અનુસાર તા.૧૮ જૂનના રોજ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી તથા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ બપોર બાદ ખેરગામ તાલુકાના પાણીખડક ગામે પધારશે. અહીં તેઓ 'એક પેડ માં કે નામ' અભિયાન, સ્વચ્છતા અભિયાન તથા રાત્રિ ગ્રામસભાના કાર્યક્રમોમાં ગરિમામય ઉપસ્થિતિ આપી માર્ગદર્શન પૂરું પાડશે.

તા.૧૯ જૂનના રોજ સવારે તેઓ યોગાભ્યાસમાં સહભાગી બનશે ત્યારબાદ ચીખલી તાલુકાના સુરખાઈ ગામે યોજાનારા પ્રાકૃતિક કૃષિ સંવાદ અને ગ્રામ કલ્યાણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ખેડૂતો અને ગ્રામજનોને સંબોધન કરશે.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી તથા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની આ મુલાકાત દરમિયાન પ્રાકૃતિક ખેતી, સ્વચ્છતા અને ગ્રામ કલ્યાણને કેન્દ્રસ્થાને રાખી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ખેડૂતો, ગ્રામજનો તથા સ્થાનિક આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

# મલાવ ખાતે વન વિભાગના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓની તબિયત લથડી, જિલ્લા શિક્ષણ અધિકારી રાજશ્રીબેન ટંડેલે સોંપેલી તપાસ

**આરએફઓના ફતવાથી આચાર્યએ નિયમો નેવે મૂકીને વિદ્યાર્થીઓને ઘેટા-બકરાંની જેમ ટેમ્પામાં ભરીને મોકલ્યા અને વિલંબથી આવેલા નેતાજીના લાંબા ભાષણ વચ્ચે માસુમ વિદ્યાર્થીઓની તબિયત લથડવા છતાં નેતાએ ભાષણ ચાલું રાખતા વિદ્યાર્થીઓની હાલત દયનીય બનતા વન વિભાગના અધિકારી, શાળાના આચાર્ય અને નેતા સામે વાલી તેમજ સમગ્ર તાલુકાના પ્રબુદ્ધ નાગરિકોમાં નારાજગી સાથે પ્રવર્તેલી ફિટકારની લાગણી**

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સરીગામ, તા.૧૭

ઉમરગામ તાલુકાના મલાવ ખાતે વન વિભાગ દ્વારા આયોજિત 'વન કવચ' કાર્યક્રમમાં વહીવટી તંત્રની ગંભીર લાપરવાહી અને રાજકારણીઓની ઘોર સંવેદનહીનતાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સરકારી કાર્યક્રમમાં માત્ર જનમેદની એકત્રિત કરવાના આશયથી તુંબ ગામની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને શિક્ષણના ભોગે કાળઝાળ તડકામાં ઉભા રાખી દેવાતા અનેક બાળકોની તબિયત લથડી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ સંજાણ રેન્જ ફોરેસ્ટ ઓફિસર શ્રીમતી છાયાબેન પટેલ દ્વારા તુંબ સરકારી શાળાના આચાર્યા શ્રીમતી દીપિકાબેન ધીમ્મરને એક લેખિત જાણ કરીને વિદ્યાર્થીઓને કાર્યક્રમ સ્થળે ફરજિયાત હાજર રાખવા દબાણ કરવામાં આવ્યું હતું. વન વિભાગના આ આદેશના પાલનમાં શાળા પ્રશાસને બાળકોની સુરક્ષાના તમામ નિયમોને નેવે મૂકી દીધા હતા. શાળાના નિર્દોષ બાળકોને ઘેટાં-બકરાંની જેમ ટેમ્પામાં ભરીને મલાવ ખાતે કાર્યક્રમ સ્થળે લઈ જવામાં આવ્યા હતા. જે વાહનવ્યવહારના સુરક્ષા નિયમોનું સરેઆમ ઉલ્લંઘન છે.







(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
રાજ્યના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવ વ્રતજીએ ઉમરગામ દરિયા કિનારે વન વિભાગના અધિકારીઓને નેતાઓની હાજરીમાં કરેલા વૃક્ષારોપણના સુકાયેલા રોપાના ફોટા છે.

આ કાર્યક્રમમાં રાજકીય નેતાઆનું આગમન વિલંબથી થતાં માસૂમ વિદ્યાર્થીઓને કલાકો સુધી કાળઝાળ ગરમી અને તડકામાં ઉભા રહેવાની ફરજ પડી હતી. નેતાના આગમન બાદ મંચ પરથી નેતાજી જ્યારે પોતાનું લાંબુ-લચક ભાષણ ઠોકી રહ્યા હતા ત્યારે તડકાને કારણે વિદ્યાર્થીઓની તબિયત એક પછી એક લથડવા લાગી હતી. આશ્ચર્યની વાત એ છે કે, ભાષણ આપી રહેલા નેતાએ બાળકોની સ્થિતિ પર ધ્યાન આપવાના બદલે પોતાના ભાષણ પર જ ધ્યાન કેન્દ્રિત રાખ્યું હતું. આ દરમિયાન એક વિદ્યાર્થીની હાલત વધુ ગંભીર બનતાં ત્યાં હાજર વન વિભાગના નીચલા સ્તરના કર્મચારીઓ દોડી આવ્યા હતા અને તેને પાણી પીવડાવી તાત્કાલિક પ્રાથમિક ઉપચાર શરૂ કર્યો હતો. થોડા સમયની નાસભાગ બાદ સ્થિતિ કાબૂમાં આવી હતી.

માસૂમોના જીવના જોખમે અને શિક્ષણના ભોગે યોજાયેલા આ કાર્યક્રમની જિલ્લા શિક્ષણ અધિકારી શ્રીમતી રાજશ્રીબેન ટંડેલ દ્વારા ગંભીર નોંધ લેવામાં આવી છે અને તેમણે આ મામલે તાત્કાલિક તપાસના આદેશો જારી કરી દીધા છે. અત્યારે કેટલાક વેધક સવાલો સામે આવી રહ્યા છે કે વન વિભાગના અધિકારીઓએ કઈ સત્તા કે કયા રાજકારણીના ઈશારે શાળાના બાળકોને બંધક જેવા બનાવી કાર્યક્રમમાં હાજર રહેવા મજબૂર કર્યા હતા. શાળામાં ભણવા આવતા બાળકોને કોના હુકમથી આવી રીતે જોખમી ટેમ્પામાં બેફિકર થઈને મોકલવામાં આવ્યા હતા. આ બેજવાબદાર અધિકારીઓ અને સંવેદનહીન નેતાઓની જોહુકમી સામે સમગ્ર ઉમરગામ તાલુકાના વાલીઓ, શિક્ષણ જગત અને પ્રબુદ્ધ નાગરિકોમાં ભારે નારાજગી સાથે ફિટકારની લાગણી વ્યાપી ગઈ છે અને દોષિતો સામે કડક પગલાં ભરવાની માંગ બુલંદ બની છે.

અત્રે નોંધનીય છે કે, ઉમરગામ તાલુકામાં વનીકરણના કાર્યક્રમો માત્ર કાગળ પર અને ફોટો સેશન પૂરતા જ સીમિત રહી ગયા છે. તાજેતરમાં જ રાજ્યના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ઉમરગામના દરિયાકિનારે નેતા અને વન વિભાગના અધિકારીઓને સાથે રાખી 'એક પેડ માં કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ કર્યુ હતું. તેમણે સ્પષ્ટ ચેતવણી આપી હતી કે, જો વૃક્ષો વાવ્યા પછી તેની માવજત ન થાય અને તે સુધાઈ જાય તો તે પાપ બરાબર છે. તેમ છતાં, ઉમરગામના દરિયાકિનારે વન વિભાગે વાવેલા અસંખ્ય રોપાઓ પાણી વગર સુકાઈ ગયા છે. આ વાસ્તવિકતા દર્શાવે છે કે, વન વિભાગ સાચા પર્યાવરણ પ્રેમના બદલે માત્ર સરકારી કાર્યક્રમોના તાયફા કરવામાં મશગૂલ છે.

# ચીખલી પોલીસે થાલા હાઈવે પરથી દારૂના જથ્થા સાથે એક ઈસમની કરેલી ધરપકડ



-તસવીરઃ દિપક સોલંકી

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
ચીખલી(વંકાલ), તા.૧૭

ચીખલી પોલીસ મથકના પીઆઈ શ્રી પી.બી.પટેલીયા, પીએસઆઈ શ્રી આર.એન.વાડલે, ચીખલી પોલીસના શ્રી કાંતુભાઈ બાબુભાઈ સહિતનાઓ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમી મળી હતી કે, એક મારૂતિ વેગેનાર નં-જીજે-૧૫-સીજે-૩૧૬૬ (સાચો નં-ડીડી-૦૫-કે-૩૮૯૭)માં ભારતીય બનાવટનો વિદેશી દારૂ સંતાળી ચીખલી નેશનલ હાઈવે પરથી પસાર થનાર હોય જે હકીકત બાતમીના આધારે ચીખલીના થાલા નેશનલ હાઈવે ૪૮ પાસે ચિકન સેન્ટર વોચ ગોઠવતા બાતમી મુજબની કાર આવતા જેને રોકી તલાશી લેતા અંદરથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ, વોડકા નાની મોટી બોટલ નંગ-૮૬૪ કિ.રૂા.૨,૫૯,૨૦૦/- કારની કિં.રૂા.૩ લાખ,એક નંગ મોબાઈલ ફોન મળી કુલ્લે ૫,૬૪,૨૦૦/- રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી કાર ચાલક દર્શક ભરતભાઈ જોષી (ઉ.વ.૩૮) (રહે.પ્લોટ નંબર ૧૦૧ ગોકુળનગર, ભરતનગર ભાવનગર)ની ધરપકડ કરી હતી.

જ્યારે દારૂનો જથ્થો ભરાવી આપનાર લાલજી ઉર્ફે લાલુ (રહે.વાપી જી.વલસાડ) તથા દારૂનો જથ્થો મંગાવનાર સફી (રહે. કતારગામ સુરત) એમ બે જેટલાને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ ચીખલી પોલીસ કરી રહી છે.

# વાપીમાં જે.કે. ઓર્ગેનાઈઝેશન તેમજ ગોપી એન્ટરપ્રાઈઝ દ્વારા ભવ્ય રક્તદાન કેમ્પ યોજાશે

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૭

જે.કે.ઓર્ગેનાઈઝેશન તેમજ ગોપી એન્ટરપ્રાઈઝ દ્વારા સ્વ.શ્રી હરિ શંકર સિંઘાનિયાની ૯૩મી જન્મજયંતિ નિમિત્તે આગામી ૨૦ જૂન, ૨૦૨૬ના રોજ એક ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ વલસાડ જિલ્લાના વાપી જીઆઈડીસીમાં ફેઝ-૨, ભડકમોરા નજીક આવેલ પ્લોટ નં.૧૧૮, શ્રી ગોપી એન્ટરપ્રાઈઝ ખાતે યોજાશે.

સવારે ૧૦:૦૦ વાગ્યાથી સાંજના ૪:૦૦ વાગ્યા સુધી ચાલનારા આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય માનવ સેવા અને રક્તની જરૂરિયાત પૂરી કરવાનો છે.



આયોજકો દ્વારા જાહેર જનતાને આ રક્તદાન કેમ્પમાં જોડાઈને મહાદાન કરવા અને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા હાર્દિક અપીલ કરવામાં આવી છે.

# ભાગવત કથા સાંભળવાથી પુણ્યનું ભાથું બંધાઈ છે : પ્રફુલભાઈ શુક્લ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
પારડી, તા.૧૭

લોકગાયક શ્રી દિપકભાઈ બારોટ દ્વારા આયોજિત ચિંચવાડા પારનેરા ભાગવત કથાનો આજે શ્રી પ્રફુલભાઈ શુક્લએ મંગલ આરંભ કર્યો હતો. આ પૂર્વે શ્રી મિતેશભાઈ પટેલના નિવાસ સ્થાને ડીજેના સથવારે પોથીયાત્રા નીકળી હતી. કથાનું દીપ પ્રાગટ્ય ધર્માચાર્ય શ્રી પ્રભુદાદાએ કર્યુ હતું. શિવ પરિવારના પ્રમુખ શ્રી બિપીનભાઈ પટેલ, આચાર્ય શ્રી અનિલભાઈ જોષી, ભાજપ, મહિલા અગ્રણી શ્રીમતી જીગીત્સાબેન પટેલ, શ્રીમતી રૂપાબેન પટેલ, શ્રીમતી જયનાબેન પટેલ, શ્રી ગુરુભાઈ દેસાઈ સહિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. બિલ્ડર્સ શ્રી કાળુભાઈ આહીર તરફથી છેલ્લા દિવસે મહાપ્રસાદ ભોજન ઘોષિત કરવામાં આવ્યું હતું. વલસાડના પ્રસિદ્ધ તબલા વાદક શ્રી ચંદ્રકાન્ત રાણા અને શ્રી દિપક બારોટની સંગીત બેલડીએ ધૂન કીર્તનની રમઝટ બોલાવી હતી. ચિંચવાડા, ડુંગરવાડી, દિવેદ, હરિયા, પારનેરા અતુલ, કિલ્લાપારડીથી ભક્તોએ કથા શ્રવણનો લાભ લીધો હતો અતિશય ગરમીને કારણે કથાનો સમય સાંજે ૪થી ૬.૩૦ રાખવામાં આવ્યો છે.





# ટુકવાડા ગામે વાઘ નદી મેજર બ્રિજ તમામ પ્રકારના વાહનો માટે પ્રતિબંધિત જાહેર કરાયો

**આ માર્ગ પરના તમામ વાહનો હવે વાઘ નદીના બ્રીજથી ટુકવાડા-ઉમરપાડા-ઘાડવી-બીલધરી-ગુનસા-વાડી-ધાણવેરી-અસલકાટી બ્રીજના રસ્તે આવન-જાવન કરી શકશે**

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૧૭

વલસાડ જિલ્લા કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત (મા×મ) વિભાગ દ્વારા સુલિયા જોઈનીંગ ટીટુમાળ દીધી રોડ પર ચે.૪/૮ થી ૫/૦માં વાઘ નદી પર આવેલા મેજર બ્રીજમાં નુકસાની જણાતા આ બ્રિજ રીપેરીંગની કામગીરી માટે તેમજ કોઈ અકસ્માત ન સર્જાય તે હેતુથી બ્રીજ પરથી વાહનવ્યવહાર સંપૂર્ણ બંધ કરી ડાયવર્ઝન આપવા દરખાસ્ત કરવામાં આવી હતી, જે અંગે ધરમપુરના સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી મારફત સબંધિત કચેરીઓનો સ્થળ તપાસ અહેવાલ મેળવતાં તેઓએ ઉક્ત બ્રીજ બંધ કરી ડાયવર્ઝન આપવા હકારાત્મક અભિપ્રાય આપ્યો હતો.

ઉપરોક્ત હકિકત ધ્યાને લઈ ઉપરોક્ત બ્રીજ જૂનાં હોય, કોઈ દુર્ઘટના ન સર્જાય તથા આમ જનતાના જાન-માલને કોઈ નુકસાન ન થાય અને ટ્રાફિક નિયમન તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે તકેદારીના ભાગરૂપે વાઘ નદી પર આવેલા બ્રીજ ઉપર વાહન-વ્યવહાર બંધ કરી ડાયવર્ઝન આપવા અંગે ગુજરાત પોલીસ અધિનિયમ ૩૩(૧)(બી) હેઠળ મળેલી સત્તાની રૂએ શ્રી મહિપાલસિંહ ચુડાસમા, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ દ્વારા તા.૧૫/૧૦/૨૦૨૬ સુધીના સમયગાળા માટે આ માર્ગ (બ્રીજ)નો વાહન-વ્યવહાર બંધ કરી તેના પરથી પસાર થતા ટ્રાફિકને ડાયવર્ટ કરવા માટે વૈકલ્પિક માર્ગ (ડાયવર્ઝન રૂટ) જાહેર કરાયો છે.

ટુકવાડા ગામે વાઘ નદી પર આવેલા મેજર બ્રીજને પ્રતિબંધિત જાહેર કરી આ માર્ગ પરના તમામ વાહનો હવે વાઘ નદીના બ્રીજથી ટુકવાડા-ઉમરપાડા-ઘાડવી-બીલધરી-ગુનસા-વાડી-ધાણવેરી-અસલકાટી બ્રીજના રસ્તે આવન-જાવન કરી શકશે.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ની કલમ - ૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર તથા તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

# ધરમપુર ખાતે લોકમંગલમ ટ્રસ્ટ દ્વારા મેડિકલ કેમ્પ યોજાયો





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૧૭

ધરમપુર ખાતે લોકમંગલમ ચેરીટેબલ ટ્રસ્ટ, ખોબા, રોટરી ક્લબ ઓફ તાપી-સુરત, ગોપાલ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત તથા અન્ય સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે પ્રોજેક્ટ ડીગ્નિટી અંતર્ગત ધરમપુર ખાતે તા.૧૦/૧૧ જૂન, ૨૦૨૬ના રોજ મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં દિવ્યાંગજનાને જયપુર ફૂટ પ્રોસ્થેટિક હાથ બનાવી આપવામાં આવ્યા અને પોલિયોગ્રસ્તોને કેલીપર્સ મફતમાં વિતરિત કરવામાં આવ્યા હતા. આ કેમ્પનો કુલ ૩૦ જેટલા લોકોએ લાભ લીધો હતો.

**વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો**
**સંજય તાડા - 99244 66899**
**સુરેશ ઉમતિયા - 98259 89444**

## નામ બદલેલ છે

મારૂં જૂનું નામ પહેલા **પ્રફુલ્લાબેન સુરેશભાઈ ગજેરા** હતું જે બદલીને નવું નામ **ગજેરા પ્રફુલા સુરેશભાઈ** રાખવામાં આવેલ છે, જેની સર્વેએ નોંધ લેવી.
**લિ. ગજેરા પ્રફુલા સુરેશભાઈ**
**સરનામું :** બી/૩, ૧૦૬, રાજમોતી કોમ્પ્લેક્સ, છરવાડા રોડ, હરિયા હોસ્પિટલ પાસે, વાપી, ૩૯૬૧૯૧, વલસાડ.

## CHANGE OF NAME

**OLD NAME:** JERAM LALU
**NEW NAME:**
**JERAMBHAI LALUBHAI PATEL**
**ADDRESS:** H. NO. 2136, DUNETHA ROAD, LAXMI NIVAS, NEAR JOG HOSPITAL, NANI DAMAN, DAMAN & DIU - 396210.

## CHANGE OF NAME

**OLD NAME:** KALPANABEN JERAM
**NEW NAME:**
**KALPANABEN BHANABHAI PATEL**
**ADDRESS:** H. NO. 2136, DUNETHA ROAD, LAXMI NIVAS, NEAR JOG HOSPITAL, NANI DAMAN, DAMAN & DIU - 396210.

**Union Territory Administration of Dadra and Nagar Haveli and Daman and Diu**
**Urban Development Department.**

**NOTIFICATION**

**No. ATP/DMN/AMEN.TCP ACT 1974/259/2026/** **Dated: - 17.06.2026**

**WHEREAS,** in exercise of the powers conferred by Article 240 of the Constitution of India, the President hereby makes the following Regulation to amend the Dadra and Nagar Haveli and Daman and Diu Town and Country Planning Act, 1974.

**AND WHEREAS,** following thorough deliberations and detailed analysis of the sections of the regulation, and with the invaluable assistance of a legal team, a suggestive amendment to section 42 of the regulation was prepared.

**NOW THEREFORE,** a copy of draft regulation "**Dadra and Nagar Haveli and Daman and Diu Town and Country Planning (Amendment) Regulation, 2026** is published herewith for inviting comments from all stakeholders/. If there is any comment / view / suggestion, the same may be forwarded to the Office of the Joint Secretary (UD), Urban Development, Secretariat, Vidyut Bhawan, Kachigam, Nani Daman within 30 days of issue of this notification.

-Sd-
**(Arun Gupta)**
Joint Secretary, Urban Development,
DNH&DD

**DRAFT REGULATION**

| | |
|---|---|
| **The Dadra and Nagar Haveli and Daman and Diu TOWN AND COUNTRY PLANNING (AMENDMENT) REGULATION, 2026.** | |
| Promulgated by the President in the Seventy-Sixth Year of the Republic of India. | |
| *A Regulation* | |
| Regulation to amend the Dadra and Nagar Haveli and Daman and Diu Town and Country Planning Act, 1974. | |
| In exercise of the powers conferred by Article 240 of the Constitution, the President is pleased to promulgate the following Regulation made by him:- | |
| **1.** (1) This Regulation may be called the **Dadra and Nagar Haveli and Daman and Diu Town and Country Planning (Amendment) Regulation, 2026.** (2) It shall come into force on such date as the Central Government may, by notification in the Official Gazette, appoint. | Short title, extent, and commencement |
| **42. Land use to conform to Development Plan:** "On and from the date on which a public notice of the preparation of a Development Plan is published under sub-section (1) of section 35 till the Development Plan is notified under section 37, the existing Development Plan in force immediately prior to such draft publication shall continue to remain in operation and shall be deemed to be in force for the above said period for all purposes under this act. Provided that the Planning and Development Authority may allow the continuance, for a period not exceeding ten years of the use, upon such terms and conditions as may be prescribed by regulations made in this behalf, of any land to the extent to which it was used on the date on which such public notice is published. | Amendment of Section 42 |

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# વાપી બલીઠા રેલવે અંડરપાસ જાણ કર્યા સિવાય અચાનક રાત્રે બંધ રખાતા વાહનચાલકો માટે આફતરૂપ બન્યો




## વાપી પૂર્વ-પશ્ચિમ અવરજવર માટે અંડરપાસ હાર્ટલાઈન હોવા છતાં તંત્ર દ્વારા આડોડાઈ કરાઈ

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૭**

વાપી બલીઠા હાઈવે પુલ સામે રૂા. ૨૨ કરોડના ખર્ચે તૈયાર થયેલ રેલવે અંડરપાસ ચાલું થયા પછી વાહન ચાલકો માટે આશીર્વાદરૂપ પુરવાર થઈ રહ્યો છે. પરંતુ અંડરપાસ છેલ્લા બે દિવસથી રાત્રિના સમયે કોઈપણ જાહેરાત કે સૂચના વગર બંધ કરી દેવામાં આવ્યો છે, જે વાહન ચાલકો માટે સગવડની જગ્યાએ આફતરૂપ થઈ રહ્યો છે.

વાપી બલીઠા રેલવે અંડરપાસ પૂર્વ-પશ્ચિમ અવરજવર માટે હાર્ટલાઈન સમાન છે. જીઆઈડીસી, ગુંજન, બલીઠા, સલવાવના વાહનો રેલવે અંડરપાસથી અવરજવર કરે છે. જે સુલભ સગવડ બની રહેલ છે. પરંતુ આ સગવડ છેલ્લા બે દિવસથી અગવડ બની રહેલ છે. રાત્રિના સમયે અંડરપાસની અવરજવર બંધ કરી દેવાઈ છે. તે પણ પૂર્વ જાણકારી વગર અંડરપાસમાં ઘુસી ગયા બાદ ખબર પડે કે બંધ છે તો વાહન ચાલકની શું સ્થિતિ થાય? વાહનને રિવર્સ મારતાની અંડરપાસથી બહાર નિકળવા માટે અભિમન્યુના કોઠા વિંધવા સમાન બની જાય છે.

વાપી મહાનગરપાલિકા દ્વારા તૈયાર કરાયેલ અંડરપાસનું સંચાલન મનસ્વી રીતે કરવું જાહેરહિત માટે અન્યાયભર્યું છે. તેવું ભોગ બનનારા વાહનચાલકો વર્ણવી રહ્યા છે.

# વાપી ટાઉન પોલીસે સાત વર્ષથી ફરાર એસિડ એટેકના આરોપીને બિહારથી ઝડપી પાડ્યો




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૭**

ગંભીર ગુનાઓ કરી આરોપીઓ ફરાર થઈ જતા હોય છે તેવા આરોપીને ઝડપી પાડવા માટે પોલીસ માટે પડકારરૂપ સાબિત થતાં હોય છે. તેવા એક પડકારને વાપી ટાઉન પોલીસે સાત વર્ષથી એસિડ એટેકના ફરાર આરોપીને અંતે ઝડપીપ ાડી મોટી સફળતા મેળવી છે.

પોલીસના જણાવ્યા અનુસાર આરોપી સામે એસિડ એટેકનો ગંભીર ગુનો વાપી ટાઉન પોલીસમાં નોંધાયો હતો. ઘટના પછી આરોપી સતત, લગાતાર ફરાર રહીને જુદા જુદા સ્થળોએ છુપાતો રહેતો હતો. પરંતુ પોલીસ તેને શોધવા માટે સતત પ્રયાસરત હતી અને ટાઉન પોલીસને મળેલી ખાનગી બાતમી આધારે બિહારમાંથી સાત વર્ષ પછી ઝડપી પાડયો હતો. આરોપીની ધરપકડને પોલીસ વાપી લાવી છે અને પૂછપરછ અને વધુ તપાસ આગળ વધારી છે. વાપી ટાઉન પોલીસને મળેલી સફળતા માટે પોલીસ વિભાગમાંથી સરાહના મળી રહી છે. પોલીસે જણાવ્યું હતું કે, ગુનેગારો માટે અભિયાન સતત ચાલુ રહેશે. કોઈ પણ કિંમતે તેમને છોડવામાં આવશે નહી.

# ધરમપુરમાં ખેતી માટે ઝાડની ડાળી કાપનાર વિરુદ્ધ આર.એફ.ઓ.એ પગલાં ભરતા ગ્રામજનો વચ્ચે વિવાદ સર્જાયો

## રાજપુરી જંગલમાં ખેડૂતે સનદની જમીનમાં ઝાડની ડાળી કાપેલી ખેડૂત આર.એફ.ઓ.ને જોઇ જતા કિલોમીટર સુધી દોડ્યો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૭**

ધરમપુર વિસ્તારમાં જંગલની દેખભાળ રાખવા માટે ફોરેસ્ટ વિભાગ સતત પેટ્રોલીંગ કરી ફરજ બજાવતો રહે છે. ધરમપુરના હનુમંતમાળના આર.એફ.ઓ. પેટ્રોલીંગમાં હતા. ત્યારે રાજપુરી જંગલમાં એક ખેડૂતે ઝાડની ડાળીઓ કાપી હતી. આ મામલે મહિલા ફોરેસ્ટ અધિકારીએ કાનૂની પગલાં ભરતા ગ્રામજનો વચ્ચે વિવાદ સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી.

રાજપુરી જંગલ વિસ્તારમાં મહિલા આર.એફ.ઓ. રેણુકાબેન ભોયા અને ટીમ પેટ્રોલીંગમાં હતી. ત્યારે ગામના રાજેશ નામના ખેડૂતને ઝાડની ડાળીઓ કાપતો જોયો હતો. આર.એફ.ઓ.ને જોતા રાજેશ ડુંગર તરફ એક કીલોમીટર દોડી ગયો હતો. ખેડૂત ભાગી જતા આર.એફ.ઓ. ઝાડ પાસે પડેલા ખેડૂતનો મોબાઈલ, દાંતરડું તથા ફરસી વગેરે જપ્ત કર્યા હતા. મામલો ગ્રામજનો સુધી પહોંચતા આર.એફ.ઓ. અને ગ્રામજનો વચ્ચે ઉગ્ર વિવાદ બોલાચાલી થઈ હતી.

રાજેશે જણાવ્યું હતું કે, મે સનદવાળી જમીન ઉપરના ઝાડની ડાળીઓજ કાપી હતી. ત્યારે અધિકારીએ જણાવ્યું હતું કે ડાળી કાપો કે ઝાડ કાપો ગુનો એક સરખો બને છે. વધુમાં આર.એફ.ઓ.એ જણાવ્યું હતું કે ગ્રામજનો કાયમ માટે ઝઘડાનું વાતાવરણ ઉભું કરે છે. ધરમપુર જંગલ વિસ્તારોમાં ફોરેસ્ટ વિભાગ અને સ્થાનિક ગ્રામજનો વચ્ચે આ પ્રકારના વિવાદો નિરંતર ઉભા થતાં રહે છે.

## ધરમપુર મોટી ઢોલડુંગરી પીપરોળમાં ગ્રામજનોએ વરસાદી દેવની પરંપરાગત પૂજા કરી





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**

**વાપી, તા.૧૭:** ધરમપુરના મોટીઢોલડુંગરી ગામના વડીલો દ્વારા પીપરોળ ખાતે વરસાદી દેવ (અભિનાથ મહાદેવ)ની પૂજા કરવામાં આવી અને અને આદિવાસી સમાજની વર્ષો જૂની વડીલો દ્વારા સાચવી રાખેલ (પરંપરા) વારસોને આજે પણ ગામના વડીલો સાથે જાળવી રાખેલ છે. ગામના વડીલો(ખેડૂતો) દ્વારા સારો વરસાદ આવે, ખેતીનો પાક સારો થાય ગામમાં સુખ શાંતિ રહે માટેની પ્રાર્થના કરવામાં આવે છે અને થોડા દિવસમાં ગામમાં ગામદેવી ખાતે ગામના વડીલો અને આખું ગામ ભેગું થઈને હવન કરવામાં આવ છે. જ્યાં મોટી સંખ્યામાં ગામના વડીલો આગેવાનો હાજર રહ્યા હતા.

# વલસાડ સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં બાઈક ચોરનાર આરોપી ઝડપાયો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૭**

વલસાડ સિવિલમાં દર્દીઓના સગા-વ્હાલાના વાહનોની ચોરી થવાના વધેલા બનાવો બાદ સિટી પોલીસ એલર્ટ મોડમાં હતી. તેવા એક બાઈક ચોરીના બનાવનો ભેદ પોલીસે ગણતરીના દિવસમાં ઉકેલ્યો છે.

ગુનાની વિગતો મુજબ રોહિત સંજયભાઈ વાઘમારેની હોન્ડા કંપનીની સાઈન બાઈક નં.જીજે ૧૫ બીપી ૦૫૬૯ ગત તા.૧૨ જૂનના રોજ સિવિલ હોસ્પિટલ વલસાડના કમ્પાઉન્ડમાંથી ચોરાઈ હતી. ઘટનાની ફરિયાદ બાદ સિટી પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પોલીસે ફિલ્મી ઢબે આરોપી હૈદરઅલી ઉર્ફે આઝાદખાન રહે.જીઆઈડીસી બિલીમોરાને સિવિલ નજીકથી ગત રાત્રે ઝડપી પાડ્યો હતો. મહત્ત્વની વાત એ બહાર આવી હતી કે તપાસ દરમિયાન આરોપી પાસેથી માસ્ટર કી મળી આવતા કબજે લેવાઈ હતી. પ્રાથમિક તપાસમાં એ પણ બહાર આવ્યું હતું કે, આ માસ્ટર કી થી આરોપીએ અન્ય વાહનો પણ ચોર્યા છે. માસ્ટર કી થી આરોપી સિફતપૂર્વક વાહનનું લોક ખોલી ચોરી કરી ફરાર થઈ જતો હતો. માસ્ટર કી નું પ્રેક્ટિકલ પણ પોલીસે સ્થળ ઉપર કરાવ્યું હતું. આરોપીની આગળની કાર્યવાહીમાં અન્ય વાહનો ચોરાની ભેદ ઉકેલાશે તેવું પોલીસે જણાવ્યું હતું.

# ઓસ્કાર શિન્ડલરઃ નાઝી શાસનની ક્રૂરતા વચ્ચે જન્મેલી માનવતાની મિશાલ

**નોધારી બાળાની કારુણિક સ્થિતિ જોતાં શિન્ડલર ધ્રુજી ઉઠ્યો, તે નાઝીનો સમર્થક હતો, તેમ છતાં પણ આ ક્રૂરતાએ તેના હૃદયને કોરી નાંખ્યું; બે કલાક પહેલાં ટેકરી પર ચડેલો શિન્ડલર બદલાઈ ગયો હતો, તેનો ધન માટેનો લોભ ઓસરી ગયો હતો, અંતરમાં ક્યાંક દટાઈ ગયેલી માનવતા અચાનક જાગી ઊઠી, તેણે નિશ્ચય કર્યો કે ગમે તે ભોગે મારે વધુમાં વધુ લોકોને બચાવવા છે, તે માટે પ્રાણ આપવા માટે પણ તત્પર બની ગયો**

**એક તકસાધુ યુવાનનું ક્રેકોવમાં આગમન**

૧૯૩૯માં બીજું વિશ્વ યુદ્ધની શરૂઆત થઈ ચૂકી હતી. ત્યારે પોલેન્ડ દેશના ક્રેકોવ (Krakow) શહેરમાં હિટલરે સ્થાપેલી નાઝી પાર્ટીનું ભારે વર્ચસ્વ હતું. આખું શહેર નાઝીના ઝંડાથી લહેરાતું હતું. ગલી ગલીએ જર્મન સૈનિકોની આણ વર્તાતી હતી. શહેરની આમ જનતા મૃત્યુના ભયના ઓથારે જીવતી હતી. એવા સમયે તે શહેરના રેલ્વે સ્ટેશન પર હાથમાં સૂટકેસ, ચહેરા પર હળવી મુસ્કાન અને આંખોમાં અમીર બનવાનું સ્વપ્ન સાથે ૩૧ વર્ષનો એક નવયુવાન ટ્રેનમાંથી ઊતર્યો. નામ હતું ઓસ્કાર શિન્ડલર (Oskar Schindler).

ચેકોસ્લોવાકિયા (Czechoslovakia)ના એક નાના શહેર ઝવેટોમાં એક ધનિક જર્મન પરિવારમાં ૨૮, એપ્રિલ ૧૯૦૮ના રોજ જન્મેલા શિન્ડલરને બચપણથી જ અભ્યાસ કરતાં પૈસા કમાવવામાં વધુ રસ હતો. યુવાનીમાં તેણે નાના મોટા ઘણાં ધંધા કરેલાં પરંતુ તેમાં મોટેભાગે નિષ્ફળ રહ્યો. દારૂ અને સ્ત્રીની લતમાં તે કરજદાર બની ગયો. તેણે એમિલી નામની એક ભલી ભોળી છોકરી સાથે લગ્ન કર્યા. પરંતુ પત્ની પ્રત્યે તે કદી વફાદાર રહી ના શક્યો.

નસીબ અજમાવવા તે ભર જુવાનીએ પોલેન્ડ પહોંચ્યો. યુદ્ધની સ્થિતિનો લાભ લેવા તે ક્રેકોવની નાઝી પાર્ટીનો સભ્ય બની ગયો. તેને પાર્ટી કે યુદ્ધ સાથે કોઈ લેવાદેવા નહોતી. તે તકસાધુ બની પોતાનો ધનવાન બનવાના સ્વપ્નને પૂર્ણ કરવાની ફિરાકમાં હતો! તેણે થોડાં જ સમયમાં બાહોશી અને કૂટનીતિ વાપરી નાઝી ઓફિસરોનો સંપર્ક સાધી લીધો.

દારૂ અને ભેટ સોગાદોનો વરસાદ વરસાવી નાઝીઓ મન જીતી તેણે ક્રેકોવમાં એક જર્મન સૈન્યને સામાન પૂરો પાડવા માટે Deutsche Emailwarenfabrik (DEF)-Emalia નામની એક ફેક્ટરી ખરીદી. નાઝી ઓફિસરોની મહેરબાનીથી તેને મોટાં પ્રમાણમાં કોન્ટ્રાક્ટ મળવા લાગ્યા.

કામદારો તરીકે તેણે નાઝીથી શોષાયેલા- ભયભીત યહૂદીઓને પસંદ કર્યા. ઓછા પગારે પરવશ યહૂદીઓ કાળી મજૂરી કરતાં. તેઓ પ્રત્યે તેને કોઈ પણ પ્રકારની હમદર્દી નહોતી. તે તો તેઓનો ઉપયોગ કમાણીના માધ્યમ માટે જ કરતો. ઓછાં પગારમાં તેઓ પરિવારનું પોષણ કરવા અસમર્થ હતાં. ભૂખમરો અને કુપોષણના ભરડાથી કેટલાંય બાળકો અને વૃદ્ધો મરી પરવાર્યા હતા. બાકીના માંડ માંડ જીવન ગુજરાન ચલાવતાં યહૂદીઓ મરવા વાંકે જ જીવતાં હતાં.

૧૯૪૨માં યુદ્ધમાં નાઝીઓને પોતાની હાર દેખાઈ. 'હાર્યો જુગારી બમણું રમે' એ કહેવત અનુસાર નાઝીઓની ક્રૂરતા દિનપ્રતિદિન વધતી રહી. નાઝી સૈનિકો શહેરના તમામ ઘરોમાં ઘૂસી ઘૂસીને યહૂદીઓને ધક્કા મારી બહાર કાઢી શહેરના એક ભાગને જેલ બનાવી ધકેલવા લાગ્યા.


સાંકડી ગીચ ગલીઓ અને ગમે ત્યારે કડડભુસ થાય તેવી કાચી દિવાલો વચ્ચે ભૂખ-તરસ અને રોગથી પીડાતા યહૂદીઓ માટે મોતની પ્રતિક્ષા સિવાય બીજો છૂટકો જ ન હતો. જો કોઈ ભાગી જવાનો પ્રયાસ કરે તો તેને ત્યાં જ મારી નાંખવામાં આવતા. કેટલાંકને તો સીધાં શહેરની નજીક આવેલું Auschwitz Concentration Camp માં મોકલી આપવામાં આવતાં. કહેવાય છે કે ત્યાં અંદાજે ૧૧ લાખથી વધુ લોકો માર્યા ગયા હતા, જેમાં મોટાભાગે યહૂદીઓ હતા. આ સ્થાન નાઝીઓનું સૌથી કુખ્યાત મૃત્યુશિબિરોમાંનું એક હતું. શિન્ડલરને આની સાથે કોઈ મતલબ ન હતો. તે સમયે તેની દુનિયા માત્ર નફો અને ફેક્ટરીની દિવાલો સુધી જ સીમિત હતી.

**ક્રૂરતાનું તાંડવ અને હૃદય પરિવર્તનની તે ક્ષણઃ** ૧૩ માર્ચ, ૧૯૪૩ નો દિવસ હતો.

આજનો સૂર્ય શિન્ડલર માટે ટર્નિંગ પોઈન્ટ સમો બનવાનો હતો. શહેરની કથળતી સ્થિતિનો તાગ કાઢવા શિન્ડલર ઘોડે ચડી એક નજીકની ટેકરી પર ગયો. હિંસાનું તાંડવ ચરમ સીમાએ પહોંચ્યું હતું. શેરીઓમાં લોકોની કારમી ચીસો વચ્ચે ગોળીઓના ધણધણાટ સાંભળતા હતા. બારુદના ગોળાના ધુમાડામાં લોકો જીવ બચાવવા ભાગદોડ મચાવતા હતાં. ક્રેકોવની ધરતીએ નરકનું બિહામણું રૂપ ધારણ કર્યું હતું. શેરીઓ અને રસ્તાઓ લાશો રઝળતી હતી. કદાચ પહેલી વખત કૂતરાઓ માનવીઓની તાજા લોહીની મઝા માણી રહ્યા હતાં.

કહેવાય છે કે તે દિવસે શિન્ડલરની નજર એક લાલ કોટ પહેરેલી એક સાતેક વર્ષની અબુધ બાળા પર પડી... આ ભૂલકીને શું થઈ રહ્યું છે તેની ખબર ન હતી. કોઈના સથવારા વિના કોઈ પ્રિયજનની તલાશમાં તે લાશો વચ્ચે ભમી રહી હતી. હેબતાઈ ગયેલી ગભરું બાળાના આંસુ સુકાઈ ગયા હતા. આ નોધારી બાળાની કારુણિક સ્થિતિ જોતાં શિન્ડલર ધ્રુજી ઉઠ્યો. તે નાઝીનો સમર્થક હતો, તેમ છતાં પણ આ ક્રૂરતાએ તેના હૃદયને કોરી નાંખ્યું.

બે કલાક પહેલાં ટેકરી પર ચડેલો શિન્ડલર બદલાઈ ગયો હતો. તેનો ધન માટેનો લોભ ઓસરી ગયો હતો. અંતરમાં ક્યાંક દટાઈ ગયેલી માનવતા અચાનક જાગી ઊઠી. તેણે નિશ્ચય કર્યો કે ગમે તે ભોગે મારે વધુમાં વધુ લોકોને બચાવવા છે.



તે માટે પ્રાણ આપવા માટે પણ તત્પર બની ગયો.

**સંપત્તિનું બલિદાન અને ૧૨૦૦ જીવની રક્ષાઃ**

તેણે પોતાની ફેક્ટરીમાં આવી તેનો એકદમ વિશ્વાસુ એકાઉન્ટન્ટ ઈત્ઝાક સ્ટર્ન (Itzhak Stern)ની મદદ લઈ એક યુક્તિ ઘડી નાંખી. તેણે પરિચિત એવા આશરે ૧૨૦૦ જેટલાં યહૂદીઓની યાદી બનાવી. નાઝી ઓફિસરોને તેઓની કારખાનામાં જરૂર છે તેવી માંગણી મૂકી. તે માટે તેઓ બંન્નેએ ઓફિસરોને મોટી રકમ ચૂકવી. પૈસાની લાલચમાં તેમની માંગણી સ્વીકારવામાં આવી.

આ યહૂદીઓનું ભલું થાય તેવી ભાવના સાથે તેણે દૂરના બ્રુનલિત્ઝ (Brunnlitz) નામના શહેરમાં ફેક્ટરી ફેરવી નાંખી. નાઝી ઓફિસરોને ગમે તેમ કરીને ''આ બધાં અનુભવી કામદારો યુદ્ધના શસ્ત્રો ઉત્પાદનમાં મદદ રૂપ થશે'' એવું સમજાવી ફોસલાવીને તેઓ બધા જ યહૂદી કામદારોને સાથે લઈ ગયા.

ત્યાં તેણે ફેક્ટરીમાં એવા હથિયારોનું ઉત્પાદન કર્યું કે જે કોઈપણ પ્રકારે યુદ્ધમાં પણ કામ ના આવે! ખોટ ખાઈને પણ પેલાં બારસો યહૂદીઓને મજૂરી આપવાનું ચાલું રાખ્યું.

આ યુક્તિ બે રીતે કારગત નીવડી. નાઝી સૈન્યમાં શસ્ત્રોની ખેંચ પડવા લાગી અને યહૂદીઓને રોજી રોટી આપી બચાવી લીધાં.

આ યુક્તિમાં તેણે કમાયેલી સંપત્તિ હોમી દીધી. તેની પાસે કંઈ પણ બચ્યું નહીં. હા, તેના બદલામાં તેની માનવતા જરૂર બચી હતી! નાઝીના વિરોધના આ ષડયંત્રમાં તે કુશળતાપૂર્વક સફળ થયો. નાઝીઓને શંકાની ગંધ સુદ્ધાં ન આવી!

**યુદ્ધનો અંત અને માનવતાની જીતઃ**

આખરે ૮ મે, ૧૯૪૫ના દિવસે યુદ્ધ સમાપ્ત થયું. જર્મનીના નાઝીઓએ શરણાગતિ સ્વીકારી. યહૂદીઓના મતે તો શિન્ડલર નાઝી જ હતો. નાઝી પાર્ટીના એક સભ્ય હોવાને કારણે તે એક વિદ્રોહી યુદ્ધ ગુનેગાર હતો. એની ગમે ત્યારે ધરપકડ થઈ શકે! એટલે તે રાત્રે તેણે ફેક્ટરી છોડવી હતી. તેણે પોતાના તેના બારસોથી વધુ મજૂરોને કે જેઓને તેણે બચાવ્યા હતા તેઓને એક જગ્યાએ ભેગા કર્યા. સૌ ચૂપચાપ ઊભા હતા.

તેણે પોતાના ખીસામાંથી નાઝીનો સ્વસ્તિકના ચિહ્નવાળો સોનાનો એમ્બ્લેમ કાઢી બધાંને સંબોધ્યું, ''કાશ, હું આ એમ્બલ આપી એક વધુ યહૂદીને બચાવી શક્યો હોત! આ મારી કાર આપી હું બીજાં દસને બચાવી શક્યો હોત!'' આટલું કહેતાં તે રડી પડ્યો. હું તો નાઝી પક્ષનો છું એટલે મારી ધરપકડ થશે. હું આપને હવે સદાયને માટે છોડીને દૂર એકાંતમાં જઈ રહ્યો છું.'' તે અંદરથી તૂટી ગયો હતો. તેને પૈસા ગુમાવ્યાનો શોક ન હતો પરંતુ તે વધારે માણસોને ન બચાવી શક્યો તેને તેનો ખેદ હતો.

બધાંના આશ્ચર્ય વચ્ચે તેના એકાઉન્ટન્ટ સ્ટર્ને યહૂદી મજૂરોના દાંતમાં મઢેલા સોનાથી બનેલી એક વીંટી શિન્ડલરને ભેટ આપી. જેના પર હિબ્રુ ભાષામાં એક વાક્ય લખ્યું હતુંઃ

Whoever saves one life, saves the world entire.

''જે એક જીવન બચાવે છે, તે જાણે સમગ્ર વિશ્વને બચાવે છે.''

તે અમૂલ્ય વીંટી લઈ શિન્ડલરે સૌની વિદાય લીધી. યુદ્ધ પછી તે કદી પોતાનો ધંધો સ્થાપી શક્યો નહીં. પોતાનું જીવન નિર્વાહ માટે તેને ફાંફા મારવા પડ્યા. જે તેના પરિચિત હતા તે બધાં મરી પરવાર્યા હતા કે ભૂલી ગયા હતા. પરંતુ જે લોકો તેને ભૂલી ન શક્યા તેઓ માત્ર પેલા બારસો જેટલાં યહૂદીઓ હતાં કે જેઓને તેણે મોતના મુખમાંથી બચાવ્યા હતા. તેમાંનાં ઘણાં ખરાં તેને મળવા આવતા અને આર્થિક સહાય પણ કરતાં.

૧૯૭૪માં તેણે આ ફાની દુનિયાની વિદાય લીધી. પરંતુ યહૂદીઓનો તે હૃદય સમ્રાટ બની ગયો. તેઓએ સૌથી પવિત્ર ભૂમિ જેરુસલામમાં તેનું દફન કર્યું. આજે પણ યહૂદીઓ તેની કબર પર માથાં ટેકવવાનું ભૂલતાં નથી. આજે ૧૨૦૦ લોકોના લગભગ ૭૦૦૦ જેટલાં વંશજ આ પૃથ્વી પર હયાત છે.

તેમના જીવન પર આધારિત પ્રસિદ્ધ ફિલ્મ Schindler's List ૧૯૯૩માં બની હતી, જેના દિગ્દર્શક Steven Spielberg હતા. આ ફિલ્મને અનેક આંતરરાષ્ટ્રીય પુરસ્કારો મળ્યા હતા.

ઓસ્કાર શિન્ડલરનું જીવન એ વાતનું પ્રેરણાદાયક ઉદાહરણ છે કે– ''એક વ્યક્તિ, જો સાચી માનવતા અને હિંમત દાખવે, તો તે હજારો લોકોનું ભવિષ્ય બદલી શકે છે.''

તેમને આજે પણ વિશ્વભરમાં માનવતા, કરુણા અને નૈતિક સાહસના પ્રતિક તરીકે યાદ કરવામાં આવે છે. શિન્ડલરે યુદ્ધ જીતીને કોઈ સામ્રાજ્ય મેળવ્યું નહોતું. તેણે કોઈ દેશ જીત્યો નહોતો. તેણે માત્ર બારસો માણસોને બચાવ્યા હતા. પરંતુ એ બારસો જીવંત આત્માઓના સ્વરૂપમાં તેણે આખી માનવતાને જ બચાવી લીધી હતી.

## સિક્કાની ત્રીજી બાજુ





**- સ્વામી ચિન્મયદાસ**

**૧૯૭૪માં શિન્ડલરે આ ફાની દુનિયાની વિદાય લીધી, પરંતુ યહૂદીઓનો તે હૃદય સમ્રાટ બની ગયો. તેઓએ સૌથી પવિત્ર ભૂમિ જેરુસલામમાં તેનું દફન કર્યું, આજે પણ યહૂદીઓ તેની કબર પર માથાં ટેકવવાનું ભૂલતાં નથી, આજે ૧૨૦૦ લોકોના લગભગ ૭૦૦૦ જેટલાં વંશજ આ પૃથ્વી પર હયાત છેઃ ઓસ્કાર શિન્ડલરનું જીવન એ વાતનું પ્રેરણાદાયક ઉદાહરણ છે કે – ''એક વ્યક્તિ, જો સાચી માનવતા અને હિંમત દાખવે, તો તે હજારો લોકોનું ભવિષ્ય બદલી શકે છે.''**